શ્રી જૈન ગાયનમાળા.

શ્રી વીરવિજયજી કૃત છપ્પન દિગ્ કુમરીની રાસક્રીડા.

થૂલિભદ્ર કહે સુણ બાળારે, એ દેશી.

માતાજી તુમે ધન્ય ધન્યરે,
તેં જાયો પુત્ર રતનરે;
તુજ મુખ દેખી પરસન્નરે,
અમે દિગ કુમરી છપન્નરે. મા૦ ૧
દેવ ચાકર બહોત સાહેલીરે,
આવી અમે હરખ ભરેલીરે;
એક યોજન ભુતળ શુદ્ધાંરે,
તિહાં કેળ તણાં ઘર કીધાંરે. મા૦ ૨
જિન જનનીને તિહાં લાવ્યાંરે,
જળ કલશ ભરી નવરાવ્યાંરે;
ચૂઆ ચંદન ફુલ ચઢાવ્યાંરે,

આભૂષણ વસ્ત્ર સોહાવ્યાંરે. મા૦ ૩
ધૂપ દીપ ને પંખા ધરીયારે,
આચાર સર્વે આચરીઆરે;
રસ રંગ ભરે ઘેરે આવ્યાંરે,
દેવ રાજાએ પધરાવ્યાંરે; મા૦ ૪
નવિ ધરશો બીક લગારરે,
તુજ સેવક નયન હજારરે;
જનમે સુત સહસ તે નારીરે,
પણ તુંહી રતન કુખધારીરે. મા૦ ૫
દશો દિશ નખેતર તારારે,
પૂરવ દિશ કીરણ હજારારે;
મા તેં સુત જનમ્યો રૂડોરે,
કરૂં ભેટ અમુલક ચૂડોરે. મા૦ ૬
પ્રભુ જાયા અનોપમ વરણારે,
દેવ કંચુઆ ચીર ને ચરણારે;
પુત્ર જાયો જગત આધારરે,
કટિમેખલ કુંડળ હારરે. મા૦ ૭
ઝલકે તેજે તુજ કીકારે,

શિર ધરજ્યો મા આ ટીકોરે;
આજથી આણા શિર રોપીરે,
પ્રભુ પેહરણ આંગલાં ટોપીરે. મા૦ ૮
હરિ કરશે પ્રભુ નજરાંણાંરે,
તે આગે અમે શરમાણાંરે;
તમે ઉત્તમ ક્ષત્રી જાત્યોરે,
આજ રમવા સરખી રાત્યો રે. મા૦ ૯
અમે રાસક્રીડાએ રમીએ રે,
પગલે પગલે વળી નમીએ રે;
ત્રિભુવનમાં અપૂરવ દીવો રે,
જગજીવન એ ચિરં જીવો રે. મા૦ ૧૦
તુજ પુત્રે કામણ કીધું રે,
ચિતડું મુજ ચોરી લીધું રે;
શુભવીર રસીલા ધ્યાન રે,
પણ ભક્તિ વશ્યે ભગવાન રે. મા૦ ૧૧

અનિહાંરે પૂરણ મનોરથ પુત્રનીરે,
તેજ કાંતિ કહી નવ જાય;

જ્યોતિ ઝગે જીન ચંદ્રનીરે. એ આંકણી.
અનિહાંરે ભૂતળ રત્ન રવિ આથમેરે,
ચિંતામણી સર્ગ સધાય. જયો૦ ૧
અનિહાંરે જનમની વેળાએ વેગળોરે,
તેજે તરણિ હાર્યો જાય. જયો૦
અનિહાંરે રાતે જનમ ઝરે અમૃત ચંદ્રમારે,
પ્રભુ શીતળ દર્શન થાય. જયો૦ ૨
અનિહાંરે માજી તુંમારો સુત લાડકોરે,
મુખ દેખી મોહ્યું મન. જયો૦
અનિહાંરે મોહન પુત્ર મલ્હાવતીરે,
જગમાતા તુમે ધન્ય ધન્ય. જયો૦ ૩
અનિહાંરે લોચન અમૃત કચોલડાંરે,
કજ કેતકી જ્યું મુખવાસ. જયો૦
અનિહાંરે કહી ન શકે ગુણ કેવલીરે;
રાત થોડી ઘણેરી આશ. જયો૦ ૪
અનિહાંરે જઇશું અમે હરિ આવશેરે,
રહેજો માજી સુખવાસ જયો૦
અનિહાંરે વાત વિલાસે વ્હાલેશરીરે,

મુજ રહેજો ઢુંઇડા પાસ. જયો૦ ૫
અનિહાંરે ઇંદ્રાણી હુલરાવશેરે,
તુજ બાળક બાળે વેશ. જયો૦
અનિહાંરે પાવન પુણ્ય પનોતી પરણશેરે,
ગીત ગાવા અમો આવેશ. જયો૦ ૬
અનિહાંરે રાસ રમી રમણી ગઇરે,
કરી પોતપોતાનાં કાજ. જયો૦
અનિહાંરે સુરગિરિ જનમ મલ્હાવશેરે,
શુભ વીર વિજય મહારાજ. જયો૦ ૭

પ્રભુ જન્મ મહોત્સવ સૂચક.

રમતી ગમતી સહુ સાહેલી,
સહુ મળીને લેઇએ તાળી;
સખી આજ અનુપમ દીવાળી.
લીલ વિલાસે પૂરણ માસે,
પોષ દશમ નિશી રઢીઆળી, સખી૦
પશુ પંખી વશીઆં વનવાસી,

તે પણ સુખીઆં સમકાળી, સખી૦
આજ સખી ઉત્સવ ઘર ઘરછે,
સુખીઆં જગમાં નરનારી, સખી૦
ઉત્તમ ગ્રહ વિશાખા યોગે,
જનમ્યા પ્રભુજી જયકારી.
સખી આજ અનુપમ દીવાળી.

અધોલોકનાં વસનારી આઠ દિગ્કુમરી ઇશાન કોણમાં સૂતિકાગૃહ (સૂવાવડનું ઘર) કરે અને એક યોજનની અશુચિ ટાળે છે.

અમ અધો લોકની માંહ્ય, સખી વસનારીરે,
આવી અશુચિ ટાળવા માટ, આઠ કુમારીરે.૧
એક યોજન ભૂમિની આજ, અશુચી ટાળીરે,
જનમ્યા શ્રીપ્રભુ જીનરાજ, આજ દિવાળીરે.૨
વળી ઇશાન કોણની માંહ્ય, રચી રૂપાળુંરે;

કરીએ શુભ સૂતિકા ઘર, સખી રઢિયાળુંરે. ૩
શુભ વસ્ત્ર અલંકારો સજી, સખી રમિયેરે;
કર કૃપા કૃપાનિધાન, નિત નિત નમિયેરે. ૪
અમ જનમ જનમનાં પાપ, પ્રલયજ થાયેરે;
ભગવંત! શિરે કર થાપ, નમિયે પાયેરે. ૫
આ અવનીપર અવતાર, તુજ સુખકારીરે;
અમદોષ પ્રભુજી નિવાર, વિનતી સ્વીકારીરે. ૬

ઊર્ધ્વલોકની આઠ કુમારી જળની અને પુષ્પની વૃષ્ટિ કરે છે.

ઊર્ધ્વલોકેરે, અમ સૌ વસનારીકે;
વ્હાણુલાં ભલે વાગ્યાંરે;
આવી આઠેરે, ઉમંગે કુમારીકે. વ્હા૦ ૧
ભલે ઉગ્યોરે, સખી શુભદિન આજકે. વ્હા૦
જનમ્યાજનમ્યારે, આજેશ્રીજીનરાજકે. વ્હા૦૨
સખીઓ આજેરે, કરીએ કુસુમની વૃષ્ટિકે. વ્હા૦
સુખ પામેરે, આજે અવનવાં સૃષ્ટિકે. વ્હા૦ ૩

ખુલ્યો ખુલ્યોરે, આજે સુખનો નિધાનકે. વ્હા૦
ઉર્ધ્વ લોકનીરે, કુંવરી કરે ગાનકે. વ્હા૦ ૪
પૂર્યા પૂર્યારે, માણેક મોતીના ચોકકે. વ્હા૦
આવે ભાવેરે, જીન ભજવાને લોકકે. વ્હા૦ ૫
દશે દિશેરે, દીસે આજે આનંદકે. વ્હા૦
ભેગા થઇનેરે, ભજે સખીઓના વૃંદકે. વ્હા૦ ૬

પૂર્વ રૂચકની આઠ કુમારી દર્પણ ધરનારી.

(માગું માગું છો ઈશ્વર આપરે. એ રાગ).

પૂર્વ રૂચકની આઠ કુમારી,
આવી હર્ષે અધિક ઉરમાં ધારી;
શુભ દરપણ સુજડિત હાથમાં,
આવી સખીઓ ઉમંગથી સાથમાં. ૧
જેમ દરપણ જન સનમુખ ધરે,
દોષ દેખીને સરવ દૂરે કરે,
જીન મુખ દરપણ સુખ આપજો!
મન મલીનતા સખી સહુ કાપજો! ૨

દક્ષિણ રૂચકની આઠ કળસ ધારણ કરી આવે છે.

ચાલો ચાલોરે સાહેલીઓ આજ,
જઇએ જીન પૂજવા;
મળી સખીઓનો સકળ સમાજ,
જઇએ જીન પૂજવા. ટેક.
દક્ષિણ દિશ તણીજ કુમારી,
આવી હળી મળી આઠજો;
મંગળ કળશ લેઈ કરમાંહી,
પ્રભુ પૂજનને માટ. જઇએ૦ ૧
નરનારી તણી ભીડ થઈ ભારી,
હઇડે હરખ ન માયરે;
જય ! જય ! જય ! જય ! શબ્દ ઉચ્ચારી,
જિનમુખ જોવા જાય. જઇએ૦ ૨
મંદિર આપે તુજ બહુ માતા,
જગદીપકની જનની જો;
ભવ ભય હારણ, દુઃખનિધિ તારણ,

પાપ નિવારણ ! સજની ! જઇએ૦ ૩
ચાલો ચાલોરે સાહેલીઓ આજ,
જઇએ જીન પૂજવા;
મળી સખીઓનો સકળ સમાજ,
જઇએ જીન પૂજવા.

પશ્ચિમની આઠ પંખાવાળી.

રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો એ રાગ.
આવી પશ્ચિમથી આઠ કુમારી,
કર સુંદિર વ્યજન સરવ ધારી;
જયમ સમીર તાપ સકળ કાપે,
રૂડી આનંદની લહરી આપે;
જીનસુખ દરશન ત્યમ સુખ કરજો,
સંસાર તાપ સહુ દૂર કરજો.

ઉત્તરની આઠ ચામરધારી.

આવી અમે ઉત્તરમાંથી કુમારીકે,
પ્રભુજી જનમિયારે લોલ.

જોવા જીનમુખ અતિ સુખકારી કે. પ્ર૦ ૧
સખીઓ ધન્ય દિવસ છે આજ કે, પ્ર૦
સરશે ભક્ત જનોનાં કાજ કે. પ્ર૦ ૨
ઉગ્યો ઉગ્યો આજ સોનાનો ભાણુ કે, પ્ર૦
જગમાં થઈ સહુ જનને જાણ કે. પ્ર૦ ૩
જય ! જય ! જગદીપક ધરનારી કે, પ્ર૦
જનની જગત કીધું આભારી કે. પ્ર૦ ૪
કરીએ તુજ નંદન યશગાન કે, પ્ર૦
દે માત ભક્તિ સુધારસ પાન કે. પ્ર૦ ૫
પૂજીએ શ્રી પ્રભુજીના પાય કે, પ્ર૦
જિમ ભવભવનાં પાપ પલાય કે. પ્ર૦ ૬

વિદિશીની ચાર દીપક ધરતી.

(મારી વાહલી બેનછે બહુ છોટી જો. એ રાગ.)

આવી વિદિશીથી ચાર દીપક ધરતી,
દરશન કરી દુખ સહુ દૂર કરતી;
પ્રભુ ! તિમિર અતીશે જન મનમાં,
પ્રગટાવો જ્ઞાન દીપક ઉરમાં.

રૂચકદ્વીપની ચાર કુમારી.

કેળનાં ત્રણ ઘર કરી મર્દન સ્નાન કરાવી
અલંકાર પહેરાવી માતા તથા પ્રભુને
રક્ષા પોટલી બાંધે.

રૂચકદ્વીપની ચાર કુમારી.
આવી આપણ ઉર હરખથી ભારી.
કેળ તણાં શુભ ઘર ત્રણ કરીયે,
મર્દન સ્નાન પ્રભુનું આદરિયે.
ધરીએ અલંકારો ખોલી ખજાના;
માણક મોતીને હીરા મજાના.

રત્ન જડીત શણગાર,
સજીએ સાહેલી મારી.
જનમ્યા શ્રી જગદાધાર,
જીનમુખ અતિ સુખકારી.

રક્ષા પોટલી મંગળકારી,
બાંધીયે જીન કરે સખી મારી.

મહુનર મંદિર આજજો-જન્મ્યા પ્રભુજી,
આજ છે દિવાળી જો.
સરશે જીન ભક્ત તણાં કાજજો. જન્મ્યા પ્ર.
કરશો મહેર મહારાજજો—જન્મ્યા પ્રભુજી
જય! જય! જય! જીનરાજજો-જન્મ્યા પ્ર.

રાસ ક્રીડા.

શ્રી જીનમુખ સખી મારી,
નિરખવાને હું થઇ ઘેલી;
મમતા માયા મહી માંહેની,
મેં મુજ મન થકી મેલી.
સંસાર સાગર દોહીલો,
તરવાને ભગતિ તમારી;
મોહ માયા દૂર કરવાને,
છે પ્રભુ ભગતિ તમારી.

ત્રિવિધ તાપ તે થકી ટળે રે લોલ,
મનુષ્ય દેહ ફરી નહીં મળેરે લોલ;
સંકટ સહીને શીલ પાળવું રે લોલ,
લક્ષ ચોરાશી દુઃખ ટાળવું રે લોલ.
નદીઓ તણાં જેવાં પૂર છે રે લોલ,
જુવાની તેવી આ જરૂર છે રે લોલ;
ધર્મતણો મર્મ ઉર ધારજો રે લોલ,
પરમાર્થ સંત સૌ વીચારજો રે લોલ.

જે કોઈ જીન ભક્તિ દિન રાત કે,
કરશે ભાવથી રે લોલ;
જેને શ્રી નવપદનું ચિંતન,
ચિત્તથી દુરે નથી રે લોલ.
તેનાં જનમ જનમનાં પાતક,
સરવ દૂરે થશેરે લોલ;
તે જન આ દૂનિયામાં,
દેવ સમાં સુખ પામશે રે લોલ.

નીતિ તણી અમૃત

સરિતા સમ સુખ નથી;
સ્નાન કરી સખી છુટી
જઇએ દુખી ભવથી.

અથ શ્રી મહાવીર સ્વામીનું પારણું.

માતા ત્રીસલાયે પુત્ર રત્ન જાઈઓ,
ચોસઠ ઈંદ્રના આસન કંપે સાર;
અવધિજ્ઞાને જોઇ ધાયો શ્રી જીન વીરને,
આવે ક્ષત્રિય કુંડ નયર મોઝાર. માતા૦ ૧
વીર પ્રતિબિંબ મુકી માતા કને,
અવસરપિણિ નિદ્રા દીએ સાર;
એમ મેરૂ શિખરે જિનને લાવે ભક્તિશું,
હરિ પંચ રૂપ કરી મનોહાર. માતા૦ ૨
એમ અસંખ્ય કોટાકોટી મલી દેવતા,
પ્રભુને ઓચ્છવ મંડાણુ લઇ જાય;
પાંડુક વન શિલાએ જિનને લાવે ભક્તિશું,
હરિ અંગે થાપે ઈંદ્ર ઘાણું ઉચ્છાય. માતા૦ ૩
એક કોડી સાઠ લાખ કલશે કરી,

વીરનો સનાત્ર મહોચ્છવ કરે સાર;
અનુક્રમે વીરકુમરને લાવે જનનીમંદિરે,
દાસીપ્રિયંવદાજાએ તેણી વાર. માતા૦ ૪
રાજા સિદ્ધારથને દીધી વધામણી,
દાસીને દાનને માન દીએ મનોહાર;
ક્ષત્રી કુંડમાંહે ઓચ્છવ મંડાવીઓ,
પ્રજા લોકને હરખ અપાર. માતા૦ ૫
ઘર ઘર શ્રીફલ તોરણ ત્રાટજ બાંધિઆં,
ગોરી ગાવે મંગલ ગીત રસાલ;
રાજા સિદ્ધારથે જન્મ મહોચ્છવ કર્યો,
માતા ત્રીશલા થઇ ઉજમાલ. માતા૦ ૬
માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર;
હરખી નિરખીને ઇંદ્રાણીયો જાએ વારણે,
આજઆનંદ શ્રીવીરકુમરને ઘેર. માતા૦ ૭
વીરના મુખડા ઉપર વારૂ કોટી ચંદ્રમા;
પંકજ લોચન સુંદર વિશાલ કપોલ;
શુકચંચુ સરખી દીસે નિર્મલ નાસિકા,

કોમલ અધર અરૂણ રંગરેલ. માતા૦ ૮
ઓખધિ સોવન મઢી રે શાભે હાલરે,
નાજુક આભરણ સઘલાં કંચન મોતીહાર;
કર અંગુઠો ધાવે વીર કુમર હર્ષે કરી,
કાંઇ બોલાવતાં કરે કીલકાર. મ તા૦ ૯
વીરને નિલાડે કીધો છે કુંકુમ ચાંદલો,
શાભે જડિત મરકત મણિમાં દીસે લાલ;
ત્રિશલાએ જુગતેઆંજીઅણિયાલીબેહુઆંખડી
સુંદર કસ્તુરીનું ટપકું કીધું લાલ. મા૦ ૧૦
કુંચન સોલે જાતનાં રત્ને જડીયું પાલણું,
ઝૂલાવતી વેલા થાએ ઘુઘરનો ઘમકાર,
ત્રિશલા વિવિધ વચને હરખી ગાયે હાલરૂં,
ખેંચે ફુમતીઆલી કંચન દોરી સાર. મા૦ ૧૧
મારો લાડકડો સરખા સંગે રમવા જશે,
મનોહર સુખડલી હું આપીશ એહને હાથ;
ભોજન વેલા રમઝમ રમઝમ કરતો આવશે,
હુંતો ધાઇને ભીડાવીશ હૃદયાસાથ. મા૦ ૧૨
હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં,

માંહિ બપૈયા ને સારસ ચકોર;
મેના મોર મેલ્યાં રમકડાં રમવા તણાં;
ઘમઘમ ઘુઘરા બજાવે ત્રીશલા કીશોર. મા૦ ૧૩
મારો વીર કુમર નિશાલે ભણવા જાયશે,
સાથે સજજન કુટુંબ પરિવાર;
હાથી રથ ઘોડા પાળાએ ભલું શોભતું,
ફરી નિશાળગરણું અતિ મનોહાર. મા૦ ૧૪
મારા વીર સમાણી કન્યા સારી લાવશું,
મારા કુમરને પરણાવીશ મોહોટે ઘેર;
મારો લાડકો વરરાજા ઘોડે બેસશે,
મારો વીર કરશે સદાય લીલા લહેર. મા૦ ૧૫
માતા ત્રિશલા ગાવે વીર કુમરનું હાલરૂં,
મારો નંદન જીવજો કોડી વરસ;
એતો રાજ રાજેસર થાશે ભલો દીપતો,
મારા મનના મનોરથ પૂરશે જગીશ. મા૦ ૧૬
ધન્ય ધન્ય ક્ષત્રી કુંડ ગામ મનોહરૂં,
જીહાં વીર કુમરનો જનમ ગવાય;
રાજા સિદ્ધારથના કુલ માંહે દિનમણિ,

ધન્ય ધન્ય ત્રિશલા રાણી જેહની માય. મા૦ ૧૭
એમ સૈયર ટોલી ભોલી ગાવે હાલરૂં,
થાશે મનના મનોરથ તેહને ઘેર;
અનુક્રમે મહોદય પદવી રૂપ વિજય પદ પામશે,
આએ અમિઅવિજય કહે થાશે લીલા લહેર. મા ૧૮

અથ પૂજાવિધિ આશ્રયી શ્રી સુવિધ જિન સ્તવન.

દેશી ચોપાઈની.

સુવિધિનાથની પૂજા સાર,
કરતાં સઘળે જય જયકાર;
પૂજાની વિધિ ધારો સહિ,
શ્રી ભગવંતે શાસ્ત્રે કહી. ૧
પૂર્વ સન્મુખ સ્નાન આદરો,
પશ્ચિમદિશિ રહી દાતણ કરો;
ઉત્તરે વસ્ત્ર પહેરો સહી,
પુજો ઉત્તર પૂરવ સુખ રહી. ૨

ઘરમાં પેસતાં વામે ભાગ,
દેરાસર કરવાનો લાગ;
દોઢ હાથ ભૂમિથી કીજીએ,
ઊંચું નીચું સહુથી વરજીએ. ૩
પૂરવ ઉત્તર મુખ પૂજા જાણ,
બીજી દિશે હુવે કરતાં હાણ;
નવાંગ પૂજાનો વિધિ એહ,
વિધિ કરતાં હોય નિર્મળ દેહ. ૪
પગ જંઘા ને હાથ બે તણી,
ખભા મસ્તકની પાંચમી ભણી;
ભાલ કંઠ હૃદય એ જાણ,
ઉદરે નવમું તિલક વખાણ. ૫
ચંદન વિણ પૂજા નવિ હોય,
વાસપૂજા પ્રભાતે જોય;
કુસુમ પૂજા મધ્યાન્હે કરો,
સાંજે ધૂપ દીપ આદરો. ૬
ધૂપ ઉખેવા ડાબે પાસ,
જમણે પાસે દીપ પ્રકાશ;

હોણું આગળ મૂકો સહી,
ચૈત્યવંદન કરો દક્ષિણ રહી. ૭
હાથ થકી જે ભૂમિયેં પડે,
પગ લાગે મલીન આભડે;
મસ્તકથી ઊંચું પરિહરો,
નાભિથકી નીચું મત કરો. ૮
કીડે ખાધું તજીયેં ફૂલ,
એમ ફળાદિક હોઇ મે અમૂલ;
ફૂલ પાંખડી નવિ છેદીએ,
કલિકા કહિયે નવિ ભેદીએં. ૯
ગંધ ધૂપ આખે આંણીયેં,
ફૂલ દીપ બલિ ફળ જાણીયેં;
પાણી આઠમું સુંદર સહી,
આઠ પ્રકારી પૂજા કહી. ૧૦
શાંતિ કારણ ઉજ્વલ વસ્ત્ર,
લાભ કારણે પીત પવીત્ર;
વયરી જીપવા પહેરો શ્યામ,
રાતું વસ્ત્ર તે મંગળ કામ. ૧૧

પંચ વરણ વસ્ત્રે હોય સિદ્ધ,
ખંડિત સાંધ્યાં વસ્ત્ર નિષિદ્ધ;
પદ્માસનને મોને રહી,
મુખ કોશ પૂજાવિધિ કહી. ૧૨
એ વિધિ પૂજા કીજેં સદા,
જિમ પામીજે સુખ સંપદા;
આનંદ વિમલ પંડિતનો દાસ,
પ્રીતિ વિજય પ્રણમે ઉલ્લાસ. ૧૩

શ્રી પાર્શ્વનાથજીની ભાવપૂજાનું સ્તવન.

પૂજાવિધિ માંહે ભાવીએજી,
અંતરંગ જે ભાવ;
તે સવિ તુજ આગળ કહુંજી,
સાહેબ સરળ સ્વભાવ. ૧
સુહંકર, અવધારો પ્રભુ પાસ, એ ટેક.
દાતણ કરતાં ભાવીએંજી,

પ્રભુ ગુણ જલ મુખ શુદ્ધ;
ઊલ ઉતારી પ્રમત્તતાજી,
હો મુજ નિરમળ બુદ્ધ. સુહં. ૨
જતનાએ સ્નાન કરીજીએજી,
કાઢો મયલ મિથ્યાત;
અંગુચ્છો અંગ શોષવીજી,
જાણું હું અવદાત. સુહં. ૩
ખીરોદકના ધોતીઆંજી,
ચિંતવો ચિત્ત સંતોષ;
અષ્ટકરમ સંવર ભલોજી,
આઠ પડો મુખકોશ. સુહં. ૪
ઓરશીયો એકાગ્રતાજી,
કેશર ભક્તિ કલ્લોલ;
શ્રદ્ધા ચંદન ચિંતવોજી,
ધ્યાન ધોળ રંગ રોળ. સુહં. ૫
ભાલ વહું આણા ભલીજી,
તિલક તણો તે ભાવ;
જે આભરણ ઉતારીએજી,

તે ઉતાર્યા પરભાવ. સુહં. ૬
જે નિરમાલ્ય ઉતારીએંજી,
તે તો ચિત્ત ઉપાધ;
પખાલ કરતાં ચિંતવોજી,
નિરમળ ચિત્ત સમાધિ. સુહં. ૭
અંગલૂહણાં બે ધરમનાંજી,
આતમ સ્વભાવ જે અંગ;
જે આભરણ પહેરાવીએજી,
તે સ્વભાવ નિજ ચંગ. સુહં. ૮
જે નવવાડ વિશુદ્ધતાજી,
તે પૂજા નવ અંગ;
પંચાચાર વિશુદ્ધતાજી,
તેહ ફુલ પંચ રંગ. સુહં. ૯
દીવો કરતાં ચિંતવોજી,
જ્ઞાનદીપ સુપ્રકાશ;
નયાદિ ઘૃત પૂરીએજી,
તત્વ પાત્ર સુવિશાલ. સુહં. ૧૦
ધૂપરૂપ અતિકાર્યતાજી,

કૃષ્ણાગરૂ જોગ શુદ્ધ;
વાસના મદ મહમહેજી,
તે તો અનુભવ યોગ. સુહં. ૧૧
મદ્ય સ્થાનક આઠ છાંડવાંજી,
તેહ અષ્ટ મંગળીક;
જે નૈવેદ્ય નિવેદીએજી,
તે મન નિશ્ચલ ઠીક. સુહં. ૧૨
લવણ ઉતારી ભાવીએંજી,
કૃત્રિમ ધર્મનો રે ત્યાગ;
મંગળ દીવો અતિ ભલોજી,
શુદ્ધ ધરમ પરભાગ. સુહં. ૧૩
ગીત નૃત્ય વાદીત્રનોજી,
નાદ અનહદ સાર;
સમરતિ રમણી જે કરીજી,
તે સાચો થેઈકાર. સુહં. ૧૪
ભાવ પૂજા એમ ભાવીએજી,
સત્ય બજાવોરે ઘંટ;
ત્રિભુવન માંહે તે વિસ્તરેજી,

ટાળે કરમની ફાટ. ૧૫
ઇણીપરે ભાવના ભાવતાંજી,
સાહેબ જસ સુપ્રસન્ન;
જનમ સફળ જગ તેહનોજી,
તેહ પુરૂષ ધન્ય ધન્ય. સુહં. ૧૬
પરમ પુરૂષ પ્રભુ સાંભળોજી,
માનો એ મુજ સેવ;
દૂર કરો ભવ આમળોજી,
વાચક જશ કહે દેવ. સુહં. ૧૭

અથ શ્રી ચૌસરણ.

મુજને ચાર સરણાં હોજો,
અરિહંત સિદ્ધ સાધુજી;
કેવળી ધર્મ પ્રકાશીયો,
રતન અમૂલક લાધ્યો જી ।।મુ૦।।૧।।
ચિહું ગતિ તણાં દુઃખ છેદવા,
સમરથ સરણાં એહોજી;
પૂર્વે મુનીવર જે હૂઆ,

તેણે કીયાં સરણાં એહો જી ॥મુ૦॥૨॥
સંસાર માંહી જીવશૂં,
તાસીમ સરણાં ચારોજી;
ગણિ સમયસૂંદર ઈમ કહે,
કલ્યાણ મંગળકારો જી ॥મુ૦॥૩॥ઇતિ॥૧॥

જીવાજોનિ ખામણાં.

લાખ ચોરાશી જીવ ખમાવીએ,
મન ધરી પરમ વિવેકો જી;
મિચ્છાદુક્કડ દીજીએ,
મન ધરી પરમ વિવેકજી ॥લા૦॥૧॥
સાતલાખ ભૂ દગ તેઉ વાઉ,
દસ ચોદ વનના ભેદો જી;
ષટ વિગલ સુર તિરિ નારકી,
ચ્યાર ચ્યાર ચોદ નરનાભેદોજી॥લા૦ ૨
મુજ વૈર નહી છે કેહશૂં,
સહુશુ મૈત્રી ભાવો જી;

ગણિ સમયસૂંદર ઇમ કહે,
પામીએ પુણ્ય પ્રભાવો જીાલાાાઉાાઇતિ.

પાપસ્થાન આલોયણ.

પાપ અઢારે જીવ પરિહરો,
અરિહંતની સાખ્યો જી;
આળોયાં પાપ છુટીએ,
ભગવંતે ઇણિપરે ભાંખ્યો જીાાપાાાાા૧ાા
૭આશ્રવ ૧૧કષાય દોય બંધવા,
વળી ૧૨કળહ ૧૩અભ્યાખ્યાનો જી;
૧૪રતિ અરતિ ૧૫પૈશૂન ૧૬નિંદન,
૧૭માયામોસ ૧૮મિથ્યાતજી ાાપાાાા૨ાા
મન વચન કાયાએ જે કિયાં,
મિચ્છામીદુક્કડ દેહો જી;
ગણિ સમયસૂંદર ઇમ કહે,
જિનધર્મનો મર્મ એહોજીાાપાાાાાઉાાઇતિ.

ભાવના.

ધન્ય ધન્ય તે દિન મુજ કહિ હુશે,
હું પામીશ સંજમ સૂધો જી;
પૂર્વઋષિ પંથે ચાલશું,
ગુણ વચને પ્રતિબૂઝયો જી ॥ધન્ય૦॥૧॥
અનિયત ભીક્ષા ગોચરી,
રણ વન કાઉસગ લેશું જી;
સમતા વસ્તુ એ મિત્રશું,
સંવેગ સૂધો ધરશું જી ॥ધન્ય૦॥ ૨ ॥
સંસારના સંકટ થકી,
છુટીશ જિન વચન અવધારો જી;
ધન્ય સમયસુંદર તે ઘડી,
પામીશ ભવનો હું પારો જી॥ધન્ય૦॥૩॥

નવકાર મંગળ

ચઉદ પુરવનો સાર, મંત્ર માંહે નવકાર
જપતાં જયજયકાર, હો સહીરો હૃદયે ધરો
નવકાર ॥ ૧ ॥

નવપદ નવસેરો હાર, નવપદ જુગમાં સાર;
નવપદ દોહીલો આધાર, હો સહી રે૦ ॥ ૨ ॥
અડસઠ અક્ષર ઘડીઆ, ચૌદરતનશું જડિયો,
શ્રાવકને ચિત્ત ચડીઆ, હો સહી રે૦ ॥ ૩ ॥
અક્ષર પંચ રતન, જીવદયાશું જતન;
જે પાળે તે ધન્ય, હો સહી રે૦ ॥ ૪ ॥
જે નરનારી ભણશે, તે સુખ સંપદ વરશે;
સેવકને સુખ થાશે, હો સહી રે૦ ॥ ૫ ॥
હીર વિજયની વાણી, સુણતાં અમીય સમાણી;
મોક્ષ તણી એ નિસાણી, હો સહી રે૦ ॥ ૬ ॥

બ્રહ્મચર્ય વિષે સુભાષિત.

દોહરા.

નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન. ૧
આ સઘળા સંસારની, રમણી નાયક રૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતીએ, દળ પુર ને અધિકાર.૩
વિષયરૂપ અંકૂરથી, ટળે જ્ઞાનને ધ્યાન;
લેશ મદિરા પાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્વ વચન એ ભાઈ.૫
સુંદર શીયળ સુરતરૂ, મન વાણી ને દેહ;
જે નર નારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

જિનેશ્વરની વાણી.

મનહર છંદ.

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપણાથી નિજ મતિ મપાઈ મેં માની છે,
અહો રાજચંદ્ર બાલ, ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે. ૧

પૂર્ણમાલિકા મંગલ.

ઉપજાતિ.

તપોપધ્યાને રવિરૂપ થાયે,
એ સાધીને સોમ રહી સુહાય;
મહાન તે મંગળ પંક્તિ પામે,
આવે પછી તે બુધના પ્રણામે. ૧
નિર્ગ્રંથ જ્ઞાતા ગુરૂ સિદ્ધ દાતા,
કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા;
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે,
સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે. ૨

શ્રી જૈનગાયનમાળા.

ભાગ ૨.

ધોરણ ૧

વિદ્યા સંપાદન કરવા વિષે.

ધનાશ્રી.

વિદ્યાધન ભંડાર જગમાં વિદ્યાધન ભંડાર;
દે સુખ અપરંપાર જગમાં વિદ્યાધન ભંડાર.
ખપથી ન ખૂટે ચોર ન લૂટે,
જેને છે ભય ન લગાર. જગમાં૦
માત પિતાની સેવ કરાવે,
સૂખી કરે સંસાર. જગમાં૦
ઈશ્વર ભજવા પંથ સુઝાડે,
શુદ્ધ કરાવી વિચાર. જગમાં૦
પરમારથમાં પ્રીત કરાવે,
જેથી ઉતરીયે પાર. જગમાં૦
આ જગ માંહિ સરસ ગુણોની,
વિદ્યા મોટી વખાર. જગમાં૦

વિદ્યા વિણ સરવે જન કેરો,
જાય અફળ અવતાર. જગમાં૦
બેઠા શું આર્ય! ચતુર! ભુજ જોડી!
અર્થ ભણ્યે સરનાર. જગમાં વિદ્યાધન ભંડાર.

ધોરણ ૨.

નવકાર ગણવાનું ફળ—

રાગ પ્રભાતી.

પંચ પરમેષ્ઠિ નવકાર જપ જીવડા,
જાપ સમ પુણ્ય નહિ અવર કોઈ
ધ્યાન નવકાર મન નિશ્ચલ રાખતાં,
તેહને મુક્તિનો માગ હોઈ;
તેહનો પંથ નહિ અવર કોઈ. ॥પંચ૦॥૧॥
આદિ અનાદિ નિત્ય સિદ્ધનું સમરવું,
જપત આયરિય ઉવઝાય સારો;
સકલ મુનિ સમરતાં પુણ્ય પોંહોંચે બહુ,
જીવ સુખીઓ સદા હોય તાહારો;
માન તું બોલ એ પુરૂષ માહારો.॥પંચ૦॥૨॥

નવાં વસ્ત્ર ક્યારે પેહેરવાં

આશા પહોંચે આપ અપાર,
પહેરો વસ્ત્ર જદા બુધવાર;
ગુરૂ, શુકર, ચોથો આદિત્ય,
વસ્ત્ર ઉજળાં પહેરો મિત્ત. ૧

અંજન વિધિ.

આંખે અંજન સુરમા તણું,
કરતાં નિર્મળ લોચન ઘણું;
થાકો ભોજન ઉજાગરો કરી,
જવરનો ધણી મૂકે પરહરી. ૧

માંથું ઓળવું.

મસ્તક દાઢી ઓળે નિત્ય,
પૂર્વદિશે ત્યાં ધારે ચિત્ત;
બે હાથે માથું નવિ ખણે
ખરડયો હાથ ન દે શિર તણે. ૧

માતા પિતાની સેવા વિષે.

(રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં) એ દેશી.

માતા ઊછેરી તેં મને લાડમાં,
સહી કષ્ટ અનેક પ્રકાર બહુ વાર વાર;
નમું માત તાતને. ૧
માતા ભોજન કરતાં રડી પડું,
ઉઠી મુજને લહે તું હાથ, ભીડી સ્નેહે બાથ. નમું૨
માતા શબ્દ ઊચરતાં ન આવડે,
કર્યાં વિધ વિધ તેં તો ઉપાય, શી રીતે ભૂલાય? નમું૩
માતા ચરણ ધરાપર ના ધરૂં,
હવે દોડું વિના આધાર, તે તુજ ઉપકાર. નમું૪
માતા વય થતાં મૂકી નિશાળમાં,
થયું આજ છે અક્ષર જ્ઞાન, દીધું જ્ઞાન દાન.નમું૫
માગું પ્રભુ પાસ પૂરણ પ્રેમથી,
નિશ દિન તમ સેવ કરાય, પિતા અને માય.નમું૬
રામ લક્ષ્મણે તાત વચન પાળી,
વેઠ્યો વર્ષો સુધી વનવાસ, સહી ઘણો ત્રાસ.નમું૭
ભર દરિયો જુવાનીના જોસમાં,
અવગણના કશી ન કરાય, સેવા પ્રીતે થાય.નમું૮

ભણવા વિષે.

"ગુજરાતની માલણ આવેરે" એ રાહ.

મને મોકલ ભણવા માતારે!
તને કહીશ પછી સુખદાતારે?
માતા! ઘરમાં જે મારૂં કામરે,
તે તો કરીશ રજામાં તમામરે;
ઘેર રાખવાની ટેવ છોડરે,
મને ભણવાના ઝાઝા કોડરે;
રોજ શીખું જઈ સખિયો પાસરે,
પરીક્ષક મને કરશે પાસરે;
માજી ઘેર રહે દુઃખ થાશેરે,
મારૂં ઈનામ મોટું જાશેરે;
મારી સહીયર ભણી ગીત ગાયરે,
મને શીખવાની ઈચ્છા થાયરે;
રૂડો કેળવણીનો ક્યારોરે,
જેમાં ઉગે "સુખી જનમારોરે";
માત પિતા! આ ઉરમાં ધારોરે,
નહીં અભણના દુઃખનો આરોરે;

ચાહો સુખ કેરો સ્તંભ ચણાવોરે,
ભાવે બાળકી સરવ ભણાવોરે!!

ધોરણ ૩.

મળશુદ્ધિ.

અણ બોલ્યો ચીવર નવ ધરે,
મળમુત્ર ઉત્તર દીશા કરે;
રાતે દક્ષિણ સામો રહી,
શરીર શંકા ટાળે સહી. ૧

દર્પણમાં મોં જોવા વિષે.

આરીસો નિત્ય જો જો જાણ,
માંગલિક મોહું એંધાણ;
પૂરવ સામો રહીને જોય,
મેલ ભર્યો મમ નિરખો સોય. ૧
નિશા સમય નર જોવે કોય,
આયુ હીણ હોયે નર સોય;

દાતણ કરતાં પણ મમ જોય,
વદન પખાલી નિરખો સોય. ૨
અંબુ તેલ અને તરવાર,
તિહાં મુખ મમ જુઓ નર નાર;
રૂધિર માતરા માંહે નવિ જોય,
ક્રોધીને આયુ ઘટતું હોય. ૩
આરીસો શરશાવ દહિં ઘીય,
બીલાં ફરસે પુરૂષ સદીહ;
ગોરો ચંદન ફળ ને માળ,
ઋષભો દેખે શુભ વૃદ્ધ બાળ. ૪

હરડે ખાવાનો વિધિ.

ગ્રીષ્મ રતેં હરડે તે સાર,
સરખે ગોળે હોય ગુણકાર;
વર્ષારતેં શેંધવ મેળીએ,
શરદકાળે સાકર ભેળીએં. ૧
હેમંતરતેં હરડે ને સૂંઠ,
પત્થર ભાંજે મારે મૂઠ;

શિશિરરતેં પીપરશું ખાય,
તેહુને રોગ કદ્દિયે ન થાય. ૨
વસંત માંહે મધ સાથે કહી,
સકળ રોગ ક્ષય કરતી લહી;
હુરડેના ગુણ બહુ કહેવાય,
નહીં જનની તસ હુરડે માય. ૩

અંગ કસરત.

થઈ હુશિયાર શ્રમજ કરે, તન હળવું થાય;
સમરથ કામતણે વિષે, દુઃખ ખમી શકાય. ૧
અગ્નિ વૃદ્ધિ હોયે ઘણી, વળી જરા નઆવે;
ભોજન તાસ પચે સહી, જે સબળું ખાવે. ૨
ચલપણું તેહનું ટળે, થિર હોયે મંસો,
વૈરી તસ ચંપે નહીં, હુશીયારી હુંસો. ૩
જે બળવંત રૂડું જમે, શ્રમ તેહને વારૂ;
વસંત શિયાળે ઘણું ભલો, ઉદ્યમે બળસારૂં. ૪

મન વિષે.

"અલબેલીરે અંબેમાત." એ રાગ.

ધન્ય તેહ નર નાર, મન મર્કટ બાંધે;

સ્વપ્ન સમો આ સંસાર, સમજી સુખ સાધે;
કામ ક્રોધને લોભ મોહ,તે કરે સુખનીહાણરે;
સમજી દૂર રહીએ સૌ સજની, એ દુરગુ-
ણની ખાણ. મન૦ ૧
ઇંદ્રિયરૂપી ચંચલ ઘોડા, ઉન્મારગે જનારરે,
સારથી બનવા, કરવા બ્હેની ! ધર્મ સબંધી
વિચાર. મન૦ ૨
ધુવો ચીરનિજપથ્થરઉપર,ધુવોસદાયશરીરરે;
પણ મેલું અતીશે નવ દેખો, જન! મન
રૂપી ચીર. મન૦ ૩
ઉપદેશ તણી જાઓ સરીતા, મન શુદ્ધિ
જ્યાં થાયરે;
જનમ જનમનો પાતક રાશિ, પલકે પ્ર-
લયજ થાય. મન૦ ૪
દીવસ રાત જંજાળ મહીં ગઈ, સુખ પ-
છી ક્યાંથી પમાયરે;
હીરા જેવો મનુષ જન્મ તે, કોડી બદલે
જાય. મન૦ ૫

ધોરણ ૪.

ગુણ વિષે.

નર જે કડવાં તુમડાં, ગુણે કરીને મીઠ;
તે માણસ કેમ વિસરે, જેહતણા ગુણ દીઠ.૧
તેહ અજાણ્યાં માણસાં, રૂપે જે રાચંત;
દીવાજયોતિ પતંગજયમ, પંખસહિત દાજંત.૨
સખી સુગુણ ગુણ માણસાં, ફરી નદીજે પૂંઠ;
જો ધાઈ મળીએ નહીં, તો બેઠાથી ઊઠ.૩
વા'લા તુંહિ વરાંસીઆ, ગુણ હાંકયો ધૂલેણ;
જોગુણ આણતપાંદડે,તોકેમખણત મૂલેણ.૪
તેણે ગુણ અંગે આદરો,ભાંખ્યા જે પાંત્રીશ;
શ્રાવક ધર્મ યોગ્યજ થઈ,આરાધો નિશદિશ.૫

રાગ વ્હાણેલાંનો.

જાગો! જાગોરે! મ્હારી ગુર્જરી બ્હેનો કે,
વ્હાણેલાં ભલાં વા'યાંરે.
પૂર્વદીશાએ ઉગ્યો સૂર્ય મજેનો કે,
વ્હાણેલાં ભલાં વા'યાંરે.

આ ભૂમિ માંહે નિજ દૃષ્ટિ છે નાંખી કે,
વ્હાણેલાં૦
તારાગણનીરે હારો જો પડી ઝાંખી કે!
વ્હાણેલાં૦
બ્હેનો ભજજોરે ભાવથી ભગવાન કે,
વ્હાણેલાં૦
ધરજો ધરજોરે સરસ્વતીનું ધ્યાન કે,
વ્હાણેલાં૦
તજજો તજજોરે આળસ બ્હેની મારીકે,
વ્હાણેલાં૦
સજજો સજજોરે ઉદ્યમ લાભકારી કે,
વ્હાણેલાં ભલાં વા'યાંરે.

દાતણ વિધિ.

(મનહર)

રહી મૌનવંતને નિશ્ચળ તર્જનીથી ઘસે,
પેઢી જે થકી બત્રીશી બળવાન થાયછે;
કણજ, કણેર, વડ, માલતી, બીયે કે ખેર,

નિંબતણા દાતણથી રોગ સહુ જાયછે;
સઘળે સમાન સીધું દ્વાદશ અંગુળ શુદ્ધ,
અનામિકા કનિષ્ટિકાની વચે રખાય છે;
વ્યતિપાત રવિવાર ગ્રહણ સમય વળી,
આઠમ નોમ ચોદશ પડવે તજાય છે.

દોહરા.

વળિ અમાસ પૂનમ અને, સંક્રાંતિ નિરધાર;
તે દિન પ્રાતઃકાળમાં, કર ગંડુશ તું બાર.
અપવાસ કરે વ્રત્ત ધરે, હરે સર્વ તે વાર;
દાતણ પાખે શુદ્ધિ છે, નહિ સંદેહ લગાર.

તેલ મર્દન.

તેલ મર્દન નિત્ય કર્યું, જેણે જરા ન આવે;
વાયુ વિશેષ તે સમે, થાક ઉતરી જાવે. ૧
દૃષ્ટિ તેજ વાધે ઘણું, પુષ્ટા પણ થાય;
મસ્તક કાને ચોળતો, વિશેષથી વળી પાય. ૨
રોગીને મર્દન નહીં, બીજાને સારો;

પૂર્વદિશિ અંઘોળતો, દીપે કામ અપારો.૩
અગ્નિ બળ દીપે સહિ,તેજ કાંતિ વધારે;
ખરજ થાક મેલ ઉબડી, તસ નાસે ત્યારે.૪
તેલ ન ચોળે નર વળી, દિન હોયે જો પડવો;
તીરથ ભૂમિ ન ચોળીએ, વાર્યા નર સરવો.૫
વ્યતિપાત દૃષ્ટિ નહીં, વૈધૃત સંક્રાંતે;
તેલ ન ચોળે તિહાં વળી,વાર્યા એકાંતે.૬

અંઘોલણ.

તડકે બેસી અંઘોલિયે,જિહાં જીવ ન હોય;
પૂંજી પાત્ર લિયે સહિ,પહેલું દૃષ્ટિ જોય.૧
પડનાળે બાજોઠ વિષે, બેસી અંઘોળે;
જીવ જંતુ જોઈ કરી, જળ તડકે ઢોળે. ૨
જયણા વિના નર નવિ તરે,પુણ્ય કરણી કરતા;
જીવતણી રક્ષા કરે, તે દીસે તરતા. ૩

જિનપૂજા તથા દાન.

જિનપૂજા જસ ઘર નહિ,નહીં પાત્રે જિહાં દાન;

તે કેમ પામે આપડા,વિદ્યારૂપ નિધાન. ॥૧॥
તિલક નહિ કેસરતણાં,ઘૃતદીવા નહીં જ્યાંહ;
તાસજનમ લેખેનહીં,તસઘર નહિ ઘરમાંહિ. ૨
શિખ દેઉં તુમ શુભપરેં જિન પૂજા દ્યો દાન;
દાને જિનપદવી સહિ, ચક્રી દેવ વિમાન. ૩

ભોજનવિધ. દોહરો.

અવસર જબ ભોજન તણો,
અતિથિ પહોતો બાર;
અણ દીધે આપે જિમ્યો,
ગયો તે બહુ ભવ હાર. ૧

ઓખાહરણનો રાગ.

જમે પુરૂષ લાગે જબ ભૂખ,
તે નરને કહિં નાવે દુઃખ;
પહેલા પહોર માંહે નવિ જમે,
બીજા પહોરને નવિ નિર્ગમે. ૧
પહેલા પોહોર માંહે જે ખાય,
રસની વૃદ્ધિ તે નરને થાય;
બીજો પહોર વટવા દ જોય,

તો નિશ્ચે બળનો ક્ષય હોય. ૨
તરસ્યો જિમે તો ગોળો થાય,
તાઢું જિમે તો હોયે વાય;
લઘુશંકાયે પાણી પીએ,
ભગંદર રોગ તે અંગે લીએ. ૩
અજીર્ણું માંહે ભોજન જેહ,
વિષ સમાન નર કહિયે તેહ;
વળી પરોઢિયો સંધ્યાકાળ,
રાતે જમે તે મૂરખ બાળ. ૪
હાથ ઉપરે લેઈ નવિ ખાય,
હાથ ન દીજે ડાબે પાય;
તાવડ અગાસું ને અંધકાર,
ઝાડ હેઠે નહિ નિરધાર. ૫
નવિ ટાળે તર્જની આંગુળી,
મુખ પગ હાથ લૂએ નર વળી;
ન જમે નાગો મેલે ચીવરે,
લખમી વાસ નહીં તે ઘરે. ૫
જમે પુરૂષ થાળી કર ધરે,
પહેર્યું વસ્ત્ર ન બાંધે શીરે;

એક વસ્ત્રે ન કરે આહાર,
અપવિત્રપણે ભોજન નહિ સાર. ૭

નિશાળે આવવા વિષે.

(પ્રેમની પ્રેમની પ્રેમનીરે)

આવજો આવજો આવજોરે બ્હેનો,
સરવે નિશાળે આવજો;
લાવજો લાવજો લાવજોરે તમે,
પાઠ ઘેરથી શીખિ લાવજો;
માતા પિતાની સેવા કરીને,
ગુરૂને શીશ નમાવજોરે. બ્હેનો૦ ૧
સમય રૂડો આ શિશુપણાનો,
રમત મહીં ન ગુમાવજોરે. બ્હેનો૦
નાની બ્હેન કે સખી હઠી નવ આવે,
મન તેનું શાંતિથી મનાવજોરે. બ્હેનો૦૨
શીખિ નીતિ ને સમજી શીયળવ્રત,
ગુર્જરી ભૂમિ રૂડી દીપાવજોરે. બ્હેનો૦૩

ધોરણ ૫.

પ્રભાત કરણી વિશે.

ચોપાઈ.

મુક્તિ તણા જે અર્થી હોય,
નવપદ લય લગાવે સોય;
પછી પુરૂષ પડિક્કમણું કરે,
જોડી હાથ શ્રૂત અંગે ધરે. ૧
હાથ હથેળી જિમણી જેહ,
નર પરભાતે જોતા તેહ;
ડાબો કર તે નારી જોય,
ભાગ્ય તણી પરીક્ષા પણ હોય. ૨

મલશુદ્ધિ કરણ વિધિ.

અણ બોલ્યો ચીવર નર ધરે,
મલ મૂત્ર ઉત્તર દિશિ કરે;
રાતે દક્ષિણ સામો રહી,
શરીર શંકા ટાળે સહિ. ૧

ભસ્મ છાણુ ગોશાલા જહિં
ઠંડિલ માત્રું ન કરે તહિં;
રાફ્ડા મલ મૂતરનાં ઠામ,
તરૂવર અગ્નિ જલ આરામ. ૨
નદી મારગ વર્જે સમશાન,
વરજે સ્ત્રી લોચન જો સાંન;
પુરૂષ વડેરા નજરે નહિં,
જાય પત્થર ડુંગર જહિં. ૩
ઉતાવળો નર ત્યાં નવિ હોય,
ગુહ્ય ઠામ માટીએ લો'ય;
જળે હાથ તે પહેલા ધોય,
પછે દેહ પખાળે સોય. ૪
થંડિલ વેગળો પ્રાયે જાય,
ભલી ભૂમિ નહિ જીવહ ઠાય;
વિવેક વિલાસમાં કહ્યો વિચાર,
મોને વસ્ત્ર ધરીજ નિહાર. ૫
વિષમ ભુમિકા તૃણુ જ્યાં બહુ,
તે થાનક નર ટાળો સહુ;
છ ઋતુ મહી વર્ણુ પલટાય,

તેણે થાનકે થંડિલ નવિ જાય. ૬
જઘન્ય થકી અંગુલ મહી ચાર,
અચિત હુઈ જાણે નિરધાર;
ઘર વાડી દેવળ ને બિલ્લ,
દ્વાર રહિત તે થાનક ભલ્લ. ૭
અતિ વેગળા ત્રસાદિક જીવ,
બીજ હરિ ત્યાં નહિજ સદીવ:
થંડિલ જઇ વોસિરાવે સહિ,
ઉપર રજ ઘાલેવી કહી. ૮
ચૌદસ્થાનકીઆ જીવ સમુર્છિમપંચેદ્રી
ઉપજેછે તે ન ઉપજે માટે જતના કરવી.

શરીર રક્ષા કરણવિધિ
અને
નજીક મરણની નિશાની.

ચોપાઇ.

શરીર તણી જે રક્ષા કરે,
તેર વાનાં નર તે પરિહરે;

આંસૂ ભૂખ તરષ ને વાય,

છીંક બગાસાં ને શંકાય;
વચન વીર્ય શ્વાસ અને શ્રમ,
મ રોકીશ નિદ્રા ખાંસિનું કર્મ. ૧
ટાળે તન નીરોગી સાર,
ચેતે બોલ મિલે જમ ચાર;
શુક્ર છીંક મળ મૂત્ર સમકાળ,
તુજ આઊખું ખુટયું જ નિહાળ. ૨
ગાજ ન ગાજે શ્રવણે યદા,
વીજ ન વાજે આંખે તદા;
મૂત્રધાર ખેંચી ન રહાય,
ત્યારે પૂરૂ થયું તુજ આય. ૩
આરીસો જોતાં જો કહીં,
ધડ ઉપર શીર દીસે નહીં;
પખવાડે તસ મરણજ હોય,
ઉત્તમ નર ચેતે સહુ કોય. ૪
તવ ચેતે નર સમજી મર્મ,
વહેલો થઇ કાંઈ કરજે ધર્મ;
સર્વ બોલ હૈયામાં ધરે,
ઋષભ કહે આળસ પરિહરે. ૫

ઢાલ

સ્નાન કરી જસ તન ગંધાયે,
અને જસ દંત ઘસાયે;
છાયા દેહની દીસે ભાઠી,
ત્રિજે દિને મૃત થાય હો;
ભવિકા કીજે આપ વિવેક. ॥૧॥
પગ હૈયું પહેલું સુકાય,
તેને જિનનું શરણ;
ચેત પુરૂષ ખટ દિનમાં,
આવ્યું એણે ભેદે તુજ મરણ હો.
ભવિકા૦ ॥૨॥

સમતા.

સેયંવરો અ આસંવરો અ.
બુદ્ધો અ અહવ અન્નો વા;
સમભાવ ભાવિ અપ્પા,
લહઇ મુક્ખં ન સંદેહો. ૧

કૌરવ હણે પાંડવ થુણે,
રાગ દ્વેષ નહિ ત્યાંહ;

દમદંત મુનિ સમ ભાવના,
જો ઋષિમંડળ માંહ. ૧
ક્રોધ હણુ ઉપશમ ધરી,
મૃદુયેં માનજ દોષ;
સરળપણે માયા હણે,
લોભ કરી સંતોષ. ૨
મહીપતિ ચક્રી સુર હરિ,
સબલ ભોગ સુર સાર;
પણ સમતા રસ સુખ તણો,
કોઇ ન પામે પાર. ૩
મત્સર મૂકી જિન જપે,
ધરે ધ્યાન એક ઠાય;
જો મતિ આવે નિર્મળી,
તો જીવ મુક્તેં જાય. ૪

શિયળવ્રત પાળવા વિષે.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ના વસ્ત્રો થકી નારિયો, દીપી ઉઠે;
ના રૂપ ઝાઝા થકી,

શોભાવે નહિં નારિને જગતમાં,
ઝાઝાં ઘરેણાં નકી;
ઝોકાવે કદી પાયમાં નુપુર ને,
કંઠે પહેરે મણિ,
તે સર્વેથી સરસ્વતી શિયળથી,
નારી દીપે છે ઘણી. ૧

સ્ત્રીકેળવણી.

"અચકો મચકો કારેલી" એ રાગ.

એક કુદરતનો એ ધારો, બ્હેન!
સ્ત્રીઓ સુધરી તો દેશ સુખી.
ઉરમાં એ નિયમ ઉતારો, બ્હેન! સ્ત્રી.
સ્ત્રીઓ સુધરી તો દેશ સુખી.
ક્યમ આર્યભૂમિ દુખિયારી? બ્હેન!
ક્યમ પ્રજા શીરે દુઃખ ભારી? બ્હેન! સ્ત્રી.
સ્ત્રી અભણ અને અજ્ઞાની બ્હેન! સ્ત્રી૦
આ વાત નથી કંઈ છાની બ્હેન! સ્ત્રી૦
અજ્ઞાની ક્લેશ કરેછે બ્હેન! સ્ત્રી૦
શુભ વાત ન કાન ધરેછે બ્હેન! સ્ત્રી૦

ભુંડું કરતાં તે ન ડરેછે બ્હેન! સ્ત્રી૦
સુખ સબંધીઓનું હરેછે બ્હેન! સ્ત્રી૦
વિવાહ સમે દુઃખ મ્હોટું બ્હેન! સ્ત્રી૦
સ્ત્રી ભાષણ ક્હાડે ખોટું બ્હેન! સ્ત્રી૦
મા, તાત, ભાઈ સાંભળતાં બ્હેન! સ્ત્રી૦
ધિક! ધિક! જે જન બડબડતાં બ્હેન! સ્ત્રી૦
અબળા છે લાજનો ભારો બ્હેન! સ્ત્રી૦
નીતિશાસ્ત્ર સકળ સંભારો બ્હેન! સ્ત્રી૦
વળી મરણ સમે કુટે છાતી બ્હેન! સ્ત્રી૦
નથી સ્ત્રીઓ અરે શરમાતી બ્હેન! સ્ત્રી૦
કયા શાસ્ત્ર માંહે સમજાવ્યું? બ્હેન! સ્ત્રી૦
કરે લોક અધર્મી ફાવ્યું બ્હેન! સ્ત્રી૦
આવા કુચાલથી બહુ સહીયે બ્હેન! સ્ત્રી૦
દુઃખ કોની આગળ કહીએ? બ્હેન! સ્ત્રી૦

મત્સર વિષે.

ઓખાહરણનો.

પરની લખમી ઘણી જોઇ,
નવ મત્સર કરસો કોઈ;

કર્મને આધિન છે ધન,
શીદ મેલું કરો તમે મન. ૧
આ લોકે પરલોકે રે ભાઇ,
થાયછે મત્સર દુઃખદાઈ;
ભૂંડું ચિંતવે પરને જેહ,
હોય પોતાને ઘર તેહ. ૨
મન વશ રાખો સહુ કોય,
ભૂંડે વચને પાતક હોય;
વશ હોયે જેહની કાયા,
તેને જનનીએ ભલે જાયા. ૩
જેનાં નિર્મલ મન છે સાર,
તેને દીઠે પૂણ્ય અપાર;
મન નિશ્ચલ જો નિરધાર,
ઉતરે ભવસાગર પાર. ૪

આઠ ઠેકાણે દ્રવ્ય ખર્ચતાં પાછી પાની ન કરવી.

ચોપાઈ

સજજન મિત્ર શુભ સ્રીને કામ,
નિર્ધન બાંધવ ધર્મનું ઠામ;

વિવાહ વ્યસને રિપુક્ષય જહા,
ન કરે ખર્ચનું લેખું તહા. ૧

ધોરણ ૬.

નવકારવાળી ગણવા વિષે
તથા
તેથી થતા ફળ વિષે.

રાગ પ્રભાતી.

પંચ પરમેષ્ઠિ નવકાર જપ જીવડા,
જાપ સમ પુણ્ય નહિ અવર કોઈ;
ધ્યાન નવકાર મન નિશ્ચલ રાખતાં,
તેહને મુક્તિનો માગ હોઇ;
તેહનો પંથ નહિ અવર કોઇ ॥પંચ૦॥૧॥
આદિ અનાદિ નિત્ય સિદ્ધનું સમરવું,
જપત આયરિય ઉવઝાય સારો;
સકલ મુનિ સમરતાં પુણ્ય પોંહોંચે બહુ,
જીવ સુખીઓ સદા હોય તાહારો;
માન તુ બોલ એ પુરૂષ માહારો॥પંચ૦॥૨॥

જપત અરિહંત જે હાથ માળા વિના,
તેહને પુણ્ય તે સબલ હોઇ;
શંખ માળા ગ્રહી જાપ જિનનો કરે;
સહસ ગુણું ફલ તાસ જોઈ,
કાંય આળસ કરો પુરૂષ કોઈ ॥પંચ૦॥૩॥
વળીઅ વિદ્રુમ ને રક્ત રતાંજળી,
કરિય માળા કોઈ હાથ ઝાલે;
સહસ ગુણું ફળ તેહને ત્યાં હુવે,
ફટક રત્ને દશ સહસ આલે;
જશ ઘણો તેહનો જગમાંહે ચાલે.॥પં૦॥૪॥
માળા મોતી તણી લાખ નવકાર ફળ,
ચંદન માળા ફળ કોડી દહી;
દશ કોડી નવકાર ફળ હેમ માળા કહી,
કમળ બંધે કોડા કોડી લેહી;
વાત ધરજે મનમાંહિ એહિ ॥પંચ૦॥પ॥
નોકારવાળી જે ગુણું રૂદ્રાક્ષની,
અસંખ્ય નવકાર ફળ તેહ આપે;
અનંત નોકાર ફળ તેહ નર પામતા,
પત્ર જીવાની જે હાથ થાપે;

પાપનાં પડળ તે ત્યાં ન વ્યાપે ॥પંચ૦॥૬॥
પૂરૂંજ ફળ તસ હોય જિનવર કહે,
હાથ લેતા જિકે સૂત્રમાળા;
મુક્ત નગરી તણા તેહ રાજા સહિ,
પ્રથમ પામે ઋદ્ધિ રમણી બાળા;
તેહને ઘર ગજ કોડિ કાળા. ॥પંચ૦॥૭॥
આપ અંગુષ્ટ ઉપર લેઈ નિત્ય ગુણે,
જેહ મુક્તિ તણા પુરૂષ અર્થી;
તર્જની એહ ઉપચાર પણ ઉપરેં,
મધ્યમા આપતી ધન ધનથરથી;
તેહ નવિ નીકળે આપ ઘરથી.॥પંચ૦॥૮॥
જેહ અનામિકા ઉપર લેઈ ગુણે,
તેહને ઘર નિત્ય શાંતિ થાય;
કહીય કનિષ્ઠિકા આકર્ષણે ઉપરેં,
વસ્ત ગણનાર સાહામીજ ધાય;
શત્રુ આવી નમે તેહ પાય ॥પંચ૦॥૯॥
નર જિકો 'ન' કહે પાતક તેહ દહે,
સાગર સાત દુખ સોય જાય;
જે આખું પદ ગણે પંચાસ સાગર ભણે,

દુઃખ ને પાપ તે દૂર થાય;
દિવસ થોડા માંહે મુક્તિ જાય ॥પંચ॥૧૦॥
પાંચસે સાગર પાપ દુઃખ સહિ ગયું,
શ્રી નવકાર મુખ પૂરણ ભાંખ્યો;
અડસઠ અક્ષરે પદ નવે ઉચ્ચરે,
મુક્ત તરૂફળ રસ તીણું ચાખ્યો;
જીવ ચિહું ગતિ તેણુ ભમત રાખ્યો ॥પં૦૧૧॥
નવકારવાળિયેં જેહ નવપદ જપે,
તેહથ અધિક ફળ આનુપૂર્વી;
તપહ છ માસ સંવત્સર કર્મ દહે,
તેટલું કર્મ ખપે કહુત કવી;
એહ જિનશાસને વાત કહવી ॥પંચ॥૧૨॥
પાટલી ઉપર જેહ નવ પદ જપે,
આનુપૂર્વી થકી અધિક જાણો;
અરિહંત બાર ગુણ આઠ તિમ સિદ્ધના,
ગુણહ છત્રીશ આચારજ વખાણો ;
ગુણ પચ્ચવીશ ઉવજ્ઝાય આંણો,
ગુણ સત્યાવીશ મુનિના પ્રમાણો;
એટલે એકસો આઠ જાણો,

બેદ મણકા લહી માળ તાણો॥પંચ૦૧૩॥
નવકારવાળી આ દ્રવ્ય માટી તણી,
લાકડું હાડને જેહ પાણો,
અલ્પ ફળ આપશે તેહ માળા ગુણી;
ગુણત મૂરખ તજે તેહ જાણો,
તેણે માની અરિહંત આંણો ॥પંચ૦॥૨૪॥
અંગુલી અગ્ર ને મેર ઉલ્લંઘતાં,
શૂન્ય ચિત્તે ફળ અલ્પ આપે;
શબ્દથી મૌન ભલું મૌનથી મન ભલું,
જાપ કરતો ભવ દોર કાપે;
ઋષભ કહે જીવને મુક્તિ આપે॥પંચ૦॥૨૫॥

શીયળવ્રત વિષે.

"ક્યાં ગયોરે પેલો મોરલીવાળો" એ રાગ.

સાંભળોરે સખિયો સઉ મારી,
શિયળ ધરમ ઉર ધરિયેરે;
આ ભવસાગર વિશાળ તેમાં,
શિયળ હોડીથી તરિયેરે;

શિયળવ્રતે નિઃશ્ચલ રહી તેનાં,
નામ સવારે સ્મરીયેરે; સાંભળો૦
પતિ વિણ અન્ય પુરૂષ સૃષ્ટિના,
બંધુ બરાબર ગણીયેરે; સાંભળો૦
વિનયથી વાત સ્ત્રીઓને શોભે,
હાસ્ય કરી નવ હસીયેરે; સાંભળો૦
શીયળવ્રતનું રક્ષણ કરતાં,
સંકટ સઘળાં સહીએરે; સાંભળો૦
પતિ પ્રસન્ન સદા રાખ્યામાં,
જીંદગી અર્પણ કરીએરે; સાંભળો૦
મળ્યો મનુષ્યદેહ મજાનો,
શીયળ વ્રતથી ઉદ્ધરીયેરે; સાંભળો૦
જૈન કન્યાશાળામાં ગુરૂએ
દિધેલી શીખ નીત સ્મરીએરે સાં૦

સ્ત્રી કેળવણી.

"ગોકુળીએ લઇ ચાલોરે ઓધવરાજ
અમને" એ રાગ.

બાળાઓ હરખે ભણાવો,

સ્વદેશીઓ સાંભળો રે;
ઉર ધરો સુખના ઉઠાવો,
સ્વદેશીઓ સાંભળો રે;
જ્ઞાતિ વરા વરઘોડાનાં મ્હોટાં,
ખરચોનાં લેખાં ગણાવો; સ્વદેશીઓ૦
લગન સમે તમે શીઘ્ર થઈ ઘેલા,
હેમે બાળક પરણાવો; સ્વદેશીઓ૦
ધર્મને પંથે ભુલા નવ પડશો,
કીર્તિના સ્તંભ ચણાવો; સ્વદેશીઓ૦
અન્ય મૂકિ પડતું આ સમામાં,
ભાવે સુતાને ભણાવો સ્વદેશીઓ૦
શાળા બાળાઓ માટે સ્થાપવામાં,
ઔદાર્ય અધિક જણાવો; સ્વદેશીઓ૦
જૈન કન્યાશાળા સમી શુભ શાળા
સર્વ ગામોમાં સ્થપાવો સ્વદેશીઓ૦

વિવાહ ગીત.

આજે મંગળ દીવસ સાહેલડી.

આજે સોનાના સુરજ મ્હારે ઉગીયા,
મ્હારા હર્ષ તણો નહિ પાર; આજે૦
ભરી કુંકુમ કેસરના વાટકા,
પૂજું શ્રી પ્રભુ જગદાધાર. આજે૦
આજે મોતીના ચોક મેં પૂરાવીયા,
પામી પૂરણ પ્રભુનો પ્રસાદ; આજે૦
મ્હારા પિતાએ નીતિ વચન આપીયાં,
જાણે કુસુમનો વરશ્યો વરસાદ; આજે૦
મ્હારી માતાએ ખોળે બેસાડી અને
કીધાં વચન સુણ્યાં મેં કાન; આજે૦
"બેની, સાસરીયે સુખથી સિધાવજે,
નહિ ત્યાં,અહીં જેવું થાશે તોફાન, આ૦
કહ્યું કરવું, ને ફરવું નહિ જરી,
સૌને બોલવું દઈ સનમાન; આજે૦
જાણે નીતિ વિવેક તણી મૂરતી,
તો તું પામીશ જગ માંહી માન; આ૦
તારા પતિને પ્રભુપદ આપજે,

તેની કરજે તું નીત નીત સેવ; આજે૦
નહિ વચન પતિ તણું ઉથાપજે,
ગણજે અવની માંહિ તુજ દેવ; આજે૦
તારા તાતનું નામ તું દીપાવજે,
ધરજે આ શીખ મારી ધ્યાન; આજે૦
જૈન કન્યાશાળામાં તું શીખેલી છું,
એવું રાખજે ઉર અભિમાન" આજે૦

લગ્ન ગીત.

"જાન જનાવરની મળી મેઘાડંબર
ગાજે" એ રાગ.

મંગળગીત પડતાં મૂકી, ભૂંડી ભાંડ ગવાયે,
મુખથીભાષણઅનુચિતકરે,આખીજાનલજાયે;
અમૃત ભોજન છાંડીને,વિષ મૂરખાંજ ખાયે;
અજ્ઞાનીઓના રાજમાં, આ અંધેર કુટાયે!
નારીઓ કે આ જનાવરી,આશુંઅન્યાય થાયે!
માતપિતા ભાઇ સાંભળે,ભૂંડું ભામની ગાયે;
ધર્મ દીસે કયા દેશનો? જોતાં કંઇ ન જણાયે!
કોઈ દેશે નથી દેખીસું, આમ ભાંડ ગવાયે;

જૈનકન્યાશાળા જોઇ આ, ત્રાસ અધિકજ પામે;
જ્ઞાતિના સર્વ અગ્રેસરો, જોઇ કેમ વિરામે?

ચોપાયા.

સ્ત્રી કેળવણી એજ દુઃખથી મોક્ષતણું બારૂં!
સ્ત્રી કેળવણી દુઃખ સૌ હરશે આર્યભૂમિ તારૂં!
સ્ત્રી કેળવણી કલ્પવૃક્ષ હું તુજ માટે ધારૂં!
સ્ત્રી કેળવણી વિણ આર્યભૂમિ માંહી અંધારૂં!
ભલે થજો સૌ રાજનીતિ નિપુણ ભણી સારા!
ભલે ભણો સૌ દેશદેશના વિવિધ ભાત ધારા!
બાળાઓ અજ્ઞાન રહી તો દેશ ડુબી જાશે!
બાળા જો વિદ્વાન બની તો સરવ સુખી થાશે!!

હાલરડાનો રાગ.

આહા! આર્યભૂમિની અધમદશા આવી રહીરે,
સકળ શિરોમણિ દેશ કરે દુખથી કલ્પાંત;
બંધુ બાળકીઓને ભાવથી સરવ ભણાવજોરે.
વિદ્યા સર્વ શાસ્ત્રમાં સકળ સુખનું બીજ છે કહીરે,
આપે કલ્પલતાસમ યુગ યુગ સઘળાં સુખ. બંધુ૦
ચંદ્રથકી રજની દીપે, દીપકથી ઘર દ્વાર;

નર નારી વિદ્યા વડે, સકળ શાસ્ત્રનો સાર;
સુશીલા આ સંસારે જન મનનો શણગાર છેરે;
સન્નારીથી સજનો! સુખકર છે સંસાર. બંધુ૦
રત્ન જડિત શણુગારને, ઉર એકાવળી હાર;
અંબર જરીથી ઓપતું, ઝાંઝરનો ઝમકાર;
રતિસમ રૂપ છતાં જો અભણુ અને અજ્ઞાન છેરે;
ધિક! ધિક! તે અબળાનો અવની પર અવતાર. બંધુ૦
કેળવણી વિણ ભાળિયે, આળસ ઉપર પ્રેમ;
બાળલગ્ન બંધન અને દ્વેષ કલેશ ને વ્હેમ.
નિંદા કરતી ભમતી ભાળો સઘળી નારિયોરે;
દેખી સજ્જનનું ક્યમ દીલ નહીં દુભાય. બંધુ૦
ગ્રંથો નીતિ વિવેકના, ભામિનીથીજ ભણાય;
સર્વ સુખોને સાધવા, એકજ દીસે ઉપાય.
કન્યાશાળાની આ નમ્ર વિનતી ઉર ધારજોરે;
દેજો બાળાઓને નીતિ, વિદ્યાનું દાન. બંધુ૦

પ્રભાતની કરણી.

પ્રભાતિયું.

ઉઠી પ્રાત:સમે પાઠ નિજ સાધવા,

સમય શુભ એજ અભ્યાસ કેરો;
શાંત છે જગત પશુ પક્ષી નિદ્રા મહિં;
ઠંડી જ્યાં સમિરની વાય લ્હેરો. ઉઠો૦ ૧
નિયમથી જે વહેલું ઉઠે આ સમે,
સુખ સરમાંહિ ચિરકાળ ઝીલે;
ગહન વિષયો પુરા સમજતાં આવડે,
વિવિધ પુષ્પો સમી બુદ્ધ ખીલે. ઉઠો૦ ૨

ઇંદ્રિય વશ ન થવા વિષે.

હરિગીત છંદ.

ઇંદ્રિયવશ જન થાય, તેનું કુલ શીલ ખોવાય છે;
પંડિતપણું નપમાય, જનમ ભ્રમણ કુર્યામાં જાયછે;
શીરપર કલંક સદાય રહે, આવે અતિશય આપદા
દમીજોનહિંનિજઇંદ્રીઓ, જનતેસુખીનથશેકદા. ૧

(દોહરા)

મંદિર મહિલા સુત સુતા,
એણે મોહ્યાં સહુ લોક;
પાંચ દીવસને કારણે,

પાપ કરે જીવ કોક. ૧
ક્રોધ ઘણો નિદ્રા ઘણી,
આહાર તણો નહિ પાર;
ભોગે તૃપ્તિ ન પામતો,
તો દુર્ગતિ નિર્ધાર. ૨
વિષય આંધળો રાવણો,
ખોયા વસા તે વીશ;
ખોયું રાજ લંકા તણું,
સઘળાં ખોયાં શીશ. ૩

વ્રતમાં ધૈર્ય રાખો ન ભાંગવા વિષે.

ઓખાહરણનો રાગ.

ધન્ય તેહ સાધુનાં નામ,
જેને નિત્ય કીજે પરણામ;
જેહ અકારજ વિરમી રહ્યા,
અખંડ વ્રત પાલંતા રહ્યા. ૧
થુલિભદ્ર જયમ સાચો યતિ,
અકાર્ય કામ ન કીધું રતિ;

વેશ્યા ઘર ચોમાસું રહી,
વ્રત અખંડ પાળ્યું છે સહી. ૨
દેખી નવ યૌવન સુંદરી,
ધૈર્ય ડગે નવ જેનું જરી;
મન વિરામ જીભે પ્રભુ નામ!
તેને પાંચ હજાર પ્રણામ. ૩
ભોગ અતિશય લીધા છતાં,
સંસારની આશા રાખતાં;
લેશે કોટિ અવતારજ નવા,
ભવમાં આવ્યા તે ભટક્યા. ૪

ધોરણ ૧

શ્રી નવકાર મંત્રઃ

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં.
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણંચ સવ્વેસિં
પઢમં હુવઈ મંગલં ॥ ૧ ॥

ખમાસમણું.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસિહીઆએ મત્થએણ વંદામિ ॥ ૩ વાર દેવું, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ?
॥ ઈચ્છં ॥

પાંચ પદના ૧૦૮ ગુણનું ચૈત્યવંદન.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ્ગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પંચવીશ ઉવજ્ઝાય;
સતાવીશ ગુણ સાધુના જપતાં સુખ થાય. ૨
અષ્ટોતર શત ગુણ મળીએ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિતતણો, નય પ્રણમે નિત્યસાર. ૩

અથ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એ ઠામ, સકળ તીર્થનો રાય;
પુર્વનવાણું રિખભદેવ, જ્યાં ઠવીયા પ્રભુપાય. ૨
સુરજકુંડ સોહામણો, કવિડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

ચોવીશ જિનના વર્ણનું ચૈત્યવંદન.

પદ્મપ્રભ ને વાસુપૂજ્ય, દો રાતા કહીએ;
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દો ઉજવળ લહીએ. ૧
મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિન કંચન સમા, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિત તણો, નયવિમલ કહે શિષ્ય. ૩

અથ ચોવીશ જિનના નામનું ચૈત્યવંદન.

ઋષભ અજીત સંભવ નમું,

અભિનંદન જિન ચંદ્ર;
સુમતિ પદ્મ સુપાર્શ્વ નમું.
ભવજલ પાપ નિકંદું. ૧
ચંદ્રપ્રભ જિન આઠમા.
આઠ કર્મ કર્યા દૂર;
સુવિધિ સુવિધે વંદતાં,
હોવે સુખ ભરપૂર ॥ ૨ ॥
શિતલ શ્રેયાંસ ને વાસુપૂજ્ય.
વિમલ અનંત ધર્મ;
શાંતિ કુંથુ અર જિન નમું;
ટાળે દુષ્કર કર્મ. ॥ ૩ ॥
મલ્લિ મુનિસુવ્રત પ્રભુ,
નમિ નેમ નમું પાર્શ્વ;
વીર જિનેશ્વર વંદતાં,
આપે શિવપુર વાસ. ॥ ૪ ॥

જંકિંચિ.

જંકિંચિ નામ તિથ્થં,

સગ્ગે પાયાલે માણુસેલોએ;
જાઇં જિન બિંબાઈ,
તાઇં સવ્વાઇં વંદામિ. ॥ ૧ ॥

નમુથ્થુણં.

જાવંતિ૦ ખમાસમણ૦

જાવંત૦

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

પ્રભુ ભજન રૂપ સ્તવન.

હાંરે પ્રભુ ભજલે મેરા દિલ રાજી, એ આંકણી.
આઠ પોહોરકી ચોસઠ ઘડીઆં,
દો ઘડીયાં જિન સાજી રે. ॥ હાંરે૦ ॥ ૧ ॥
દાન પુણ્ય કછુ ધર્મ કર લે,
મોહ માયાકું ત્યાજી રે. હાંરે૦ ॥
આનંદઘન કહે સમજ સમજ લે,
આખર ખોવેગા બાજી રે ॥ હાંરે૦ ॥ ૨ ॥

શ્રી રિખભદેવજીનું સ્તવન.

મનુ પ્યારા મનુ પ્યારા,
રિખભદેવ મનુ પ્યારા. ॥ એ આંકણી ॥
પ્રથમ તિર્થંકર પ્રથમ નરેસર,
પ્રથમ યતિ વ્રત ધારા. ॥ રિખભ૦ ॥ ૧ ॥
નાભિરાયા મરૂદેવીકો નંદન,
જુગલા ધર્મ નિવારા. ॥ રિખભ૦ ॥ ૨ ॥
કેવલ લેઈ પ્રભુ મુગતેં પોહોત્યા,
આવાગમન નિવારા. ॥ રિખભ૦ ॥ ૩ ॥
આનંદઘન પ્રભુ ઈતની વિનતિ,
આ ભવ પાર ઉતારા ॥ રિખભ૦ ॥ ૪ ॥

સ્તવન.

મેરો પ્રભુ નિકો (૨) એ દેશી.

ઋષભ જિનંદા ઋષભ જિનંદા,
તું સાહિબ હું છું તુજ બંદા,
તુજશું પ્રીતિ બની મુજ સાચી,
મુજ મન તુજ ગુણશું રહ્યું માચી.

ઋષભજિનંદા૦ (૨) એ આંકણી. ॥ ૧ ॥
દીઠા દેવ રૂચે ન અનેરા,
તુજ પાખલિ ચિતડું દીએ ફેરા;
સ્વામી શું કામણડું કીધું,
ચિતડું અમારૂં ચોરી લીધું ॥ઋષભ૦॥૨॥
પ્રેમ બંધાણો તે તો જાણો,
નિરવહશ્યો તો હોશે વખાણો;
વાચક જશ વિનવે જિનરાજ,
બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ॥ઋષભ૦॥૩॥

શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

એ જિનકે પાએ લાગ રે,
તુંને કહીએ કેતો. એ આંકણી.
આઠોઈ ઠામ ફિરે મદમાતો,
મોહનિદરીઆશું જાગરે. ॥ તુંને૦ ॥ ૧ ॥
પ્રભુજી પ્રીતમ વિન નહીં કોઈ પ્રીતમ;
પ્રભુજીની પૂજા ઘણી માગરે. તુંને૦ ॥
ભવકા ફેરા વારી કરો જિન ચંદા,

આનંદઘન પાએ લાગ રે. ॥ તુંને૦ ॥ ૨ ॥

શ્રી શિતલ જિન સ્તવન.

વારિ પ્રભુ દશમા શીતળનાથ,
સુણો એક વીનતિરે લોલ;
કે વારી પ્રભુ મ્હારે તુમશું પ્રીતકે
અવર શું આખડી રે લોલ ॥ ૧ ॥
કે વારિ પ્રભુ ભદ્દિલપુર અવતાર કે,
દ્રઢરથ રાજીઓ રે લોલ;
કે વારિ પ્રભુ નંદા માત મલ્હાર કે,
કુલમાં ગાજીઓ રે લોલ. ॥ ૨ ॥
કે વારિ પ્રભુ શ્રીવચ્છ લંછન પાયકે,
પ્રભુજીને દીપતું રે લોલ;
કે વારિ પ્રભુ ચંદ કહે કર જોડ કે,
અવિહડ રંગશું રે લોલ. ॥ ૩ ॥

જયવીયરાય કહી, ઉભા થઈ અરિહંત ચેઈયાણં કહી, વંદણવત્તિઆએ, અન્નથઉ-

સંસિઅણં કહી, એક નવકારનો કાઉસગ્ગ કરીપારીને નમોઅરિહંતાણુંકહી, થોયકહેવી.

શ્રી રિખભદેવની થોય.

પ્રહ ઉઠી વંદુ, રિખભ દેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાલે ઇંદ્ર;
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ. ૧

ધોરણ ૨.

શ્રી આદિજિન ચૈત્યવંદન.

આદિ દેવ અલવેસરૂ, વિનિતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય. ૧
પાંચશેં ધનુષની દેહડી, પ્રભુ પરમ દયાળ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાળ.
વૃષભ લંછન જિન વૃષધરૂ એ,
ઉત્તમ ગુણ મણિ ખાણ;

તસ પદ પદ્મ સેવન થકી,
લહિયે અવિચલ ઠાણ. ૩

અથ શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભલંછને વિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચસે દેહડી એ, સોહે સોવન વાન;
કીર્તિવિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

ચોવીશ જિનના ભવ ગણતીનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર તણા હુવા,
ભવ તેર કહીજે;
શાંતિ તણા ભવ બાર સાર,
નવ ભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાસ જિણંદના,
સત્તાવીશ શ્રી વીર;

શેષ તીર્થંકર ત્રિહું ભવે,
પામ્યા ભવજલ તીર. ૨
જીહાંથી સમકિત ફરશીઉં એ,
તિહાંથી ગણીએ તેહ;
ધીરવિમલ પંડિત તણો,
જ્ઞાનવિમલ ગુણ ગેહ. ૩

શ્રી ઋષભજિન ગીત.

મરૂદેવીનો નંદ મહારો, સ્વામી સાચો રે,
શિવવધૂની ચાહ ધરેતો, એહને જાચ્યો રે.॥મ૦॥૧॥
કેવળ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે;
સત્યસરૂપી સાહિબો એહને,રંગે રાચ્યોરે. મ૦ ૨
યમરાજાના મુખડા ઉપર, દેઈ તમાચો રે;
અમર થઇ ઉદયરત્ન પ્રભુશું,મિલી માચ્યોરે.મ૦૩

શ્રી વીરજિન ગીત.

આવ(૨)રે મારા મનડા માંહે, તું છે પ્યારો રે;
હરિ હરાદિક દેવ હુંતી, હું છું ન્યારોરે. આ૦ ૧

અહો મહાવીર ગંભીર તુંતો, નાથ મ્હારો રે;
હું નમું તુજને ગમે મુજને, સાથ તાહરોરે. આ૦ ૨
સાહી સાહીરે મીઠડા હાથ મ્હારા, વૈરી વારોરે,
દ્યેદ્યેરે દર્શન દેવ મુને, ઘેને લારોરે. આ૦ ૩
તું વિના ત્રિલોકમેં, કેહનો નથી ચારોરે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરોરે. આ૦૪
ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે તારોરે;
તાર તાર રે મુને તાર, તું સંસારો રે. આ૦૫

શ્રી અજીતજિન ગીત.

વિષયને વિસારી વિજયા નંદ વંદોરે,
આનંદપદનો એ અધિકારી, સુખનો કંદોરે. વિ૦૧
નામ લેતાં જે નિશ્ચય ફેડે, ભવનો ફંદોરે,
જનમ મરણ જરાને ટાળી, દુખનો દંદોરે. વિ૦ ૨
જગજીવન જે જગ જયકારી, જગતિ ચંદોરે;
ઉદયરત્ન પ્રભુ પરઉપગારી, પરમાનંદોરે. વિ૦ ૩

શ્રી શાંતિનાથ ગીત.

પોસહમાં પારેવડો રાખ્યો, શરણ લેઇ રે;

તન સારે જીવાડયો અભય, દાન દેઇ રે. પા૦૧
અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે;
તો મુજને પ્રભુ તારતા કહો,એ વારકેહી રે.પા૦૨
ગરીબનિવાજ તું ગિરૂઆ સાહિબ,શાંતિસનેહી રે
ઉદયરત્ન પ્રભુ તુજશું બાંધી,પ્રીતઅછેહી રે.પા૦૩

શ્રી પાર્શ્વનાથ ગીત.

ચાલ ચાલ રે કુમર તાહરી, ચાલ ગમેરે;
તુજદીઠડાવિના મીઠડામાહરા,પ્રાણભમેરે.ચા૦૧
ખોળામાંહે પડતું મેલે, રીસે દમેરે;
માવડી વીના આવડું ઝુંધુ કોણ ખમેરે.ચા૦૨
માતા વામા કહી મુખડું જોતાં, દુખ સમેરે;
લલિ લલિ ઉદયરત્ન પ્રભુ, તુજને નમેરે ચા૦૩

થોયો.

આદિ જીનવર રાયા, જાસ સોવન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા,
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,

કેવળ શ્રી રાયા, મોક્ષ નગરે સધાયા. ૧

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતળતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરીંદો,
લહો પરમાનંદો, સેવના સુખ કંદો. ૧

ધોરણ ૩.

અથ શ્રી પાર્શ્વનાથ ચૈત્યવંદન.

આશા પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાસ;
વામામાતા જનમિયો, અહિલંછન જાસ. ॥૧॥
અશ્વસેન સુત સુહંકરૂં, નવ હાથની કાયા;
કાશીદેશ વણારશી, પુણ્યે પ્રભુ આયા. ॥૨॥
એકસો વરશનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર,
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમ ગતિ પામી. ॥૧॥

પ્રભુ નામે આનંદ કંદ, સુખસંપત્તિલહીએં;
પ્રભુનામે ભવભયતણાં, પાતક સબ દહીએં ॥૨॥
ઓં હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પારસ નામ;
વિષ અમૃતથઈ પરગમે, પાવે અવિચળ ઠામ.॥૩॥

તીર્થવંદન ચૈત્યવંદન.

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાંજ્યાં પ્રતિમા જિનતણી,ત્યાંત્યાં કરૂં પ્રણામ.૧
શેત્રુંજે શ્રી આદિ દેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રીઅજીતનાથ, આબૂ ઋષભ જૂહાર. ૨
અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશી જોય;
મણિમય મૂરતિ માનસું,ભરતે ભરાવી સોય. ૩
સમેત શિખર તીરથ વડું,જિહાં વીસે જિનપાય;
વૈભારગિરિ ગિરિ ઉપરે, શ્રી વીરજિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભકહે જિનસમરતાં,પોંહોંચે મનનીઆશ.૫

શ્રી ઋષભદેવજીનું પદ.

ધૂલેવા નગર માંહિ ઋષભજિનેશ્વર,

જગ ભૂલો કાંઈ ભટકે છે. એ ટેક.
પૂરવ પશ્ચિમ ઉત્તર દક્ષિણ,
ઔર સ્થાનક કાંઈ અટકે છે. ॥ ધૂ૦ ॥ ૧ ॥
કાચ ખંડ સમ ગ્રહી અન્ય દેવા,
ચિંતામણિ કાંઇ પટકે છે. ॥ ધૂ૦ ॥ ૨ ॥
કલિયુગ જ્યોતિ અખંડ વિરાજે,
ભવજલ તારણ તટકે છે. ॥ ધૂ૦ ॥ ૩ ॥
પ્રત્યક્ષ દેવ પરમ ગુરૂ પાયો,
ઋષભદાસ ગુણ રટકે છે. ॥ ધૂલેવા૦ ॥ ૪ ॥

શ્રી ચંદ્રપ્રભ જિનનું સ્તવન.

રાયજી અમેતો હિંદુઆણી કે,
રાય ગરાશીઆરે લોલ. એ દેશી.
જિનજી ચંદ્રપ્રભ અવધારો કે,
નાથ નીહાલજોરે લોલ;
કે અમણી બિરૂદ ગરીબ નીવાજની,
વાચા પાલજોરે લોલ. ૧
હરખે હું તુમ શરણે આયો કે,
મુજને રાખજોરે લોલ;

ચોરટા ચાર ચુગલ જે ભૂંડા,
તે દૂરે નાંખજોરે લોલ. ૨
પ્રભુજી પંચ તણી પરશંસા કે,
રૂડી થાપજોરે લોલ;
મોહન મહેર કરીને દરિસન,
મુજને આપજોરે લોલ. ૩
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે,
હવે મુને તારજોરે લોલ;
કુતરી કુમતિ થઇછે કેડે કે,
તેને વારજોરે લોલ. ૪
સુંદરી સુમતિ સોહાગણ સારી કે,
પ્યારી છે ઘણુંરે લોલ;
તાતજી તે વિણ જીવે ચઊદ,
ભુવન કર્યું આંગણુંરે લોલ. ૫
લખગુણ લખમણા રાણીએ જાયા કે,
મુજ મન આવજો રે લોલ;
અનુપમ અનુભવ અમૃત મીઠી કે,
સુખડી લાવજોરે લોલ. ૬
દીપતી દેહડશો ધનુષ પ્રમાણ કે,

પ્રભુજીની દેહડીરે લોલ;
દેવની દશ પૂરવ લખ માન કે,
આયુષ્ય વેલડીરે લોલ. ૭
નિર્ગુણ નીરાગી પણ હું રાગી કે,
મન માંહે રહોરે લોલ;
શુભગુરૂ સુમતિવિજય સુપસાયકે,
રામે સુખ લહ્યું રે લોલ. ૮

થોયો.

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી;
કેવળ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી;
નમે સુરનર કોડિ, તે વરે સિદ્ધિ ગોરી. ૧

સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ;
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ;
સકલઆગમ પારગ, ગણધર ભાષિત વાણી;
જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણ ખાણી. ૧

ધોરણ ૪.

અથ શ્રીસીમંધરજિન ચૈત્યવંદન.

વંદુ જિનવર વિહરમાન, સીમંધર સ્વામી;
કેવળ કમલા કાંત દાંત, કરૂણારસ ધામી. ૧
કંચનગિરિ સમ દેહ કાંત, વૃષ લાંછન પાય;
ચોરાશીલખ પૂર્વ આય, સેવિત સુરરાય. ૨
છઠ્ઠભત્ત સંયમ લીઓએ, પુંડરિગિણી ભાણ;
પ્રભુ ઘો દરીસણ સંપદા, કારણ પરમ કલ્યાણ. ૩

શ્રી શાંતિજિન ચૈત્યવંદન.

જય જય શાંતિજિણંદ દેવ, હથ્થિણાપુર સ્વામી;
વિશ્વસેન કુલ ચંદ સમ, પ્રભુ અંતરજામી. ॥૧॥
અચિરા ઉરસર હંસ જિમ, જિનવર જયકારી;
મારી રોગ નિવારકે, કીર્તિ વિસ્તારી. ॥૨॥
સોળમા જિનવર પ્રણમીએએ,
નિત્ય ઉઠી નામી શીશ;
સુરનર રૂપ પ્રસન્ન મન,
નમતાં વાધે જગીશ. ॥ ૩ ॥

શ્રી નેમિજિન ચૈત્યવંદન.

બાવીશમા શ્રી નેમનાથ, નિત્ય ઉઠી વંદો;
સમુદ્રવિજય સુત ભાનુસમ, ભવિજન સુખકંદો. ૧
સઘનશ્યામ દ્યુતિ દેહની, દશ ધનુષ શરીર;
અમિત ક્રાંતિ યાદવ ધણી, ભાંજે ભવ તીર. ૨
રાજિમતી રમણી તજીએ, બ્રહ્મચર્ય ધર ધીર;
શિવરમણી સુખ વિલસતા. રૂપ નમે ધરી ધીર.

અથ શ્રી અનંતજિન સ્તવન.

સાબરમતી આવીછે ભરપૂર જો. એ દેશી.

સુજસા નંદન જગદાનંદન નાથ જો,
નેહેરે નવરંગે નિત નિત ભેટીયેરે લો;
ભેટ્યાથી શું થાએ મોરી સહીઓ જો,
ભવ ભવનાં પાંતિકડાં અલગાં મેટીયેરે લો. ૧
સુંદર સાડી પહેરી ચરણા ચીર જો,
આવોને ચોવટડે જિનગુણ ગાઇયેરે લો;
જિનગુણ ગાએ શું થાયે મોરી બહેની જો,
પરભવરે સુરપદવી સુંદર પામીયેરે લો. ૨

સહીયર ટોળી મોલી પરીગલ ભાવે જો,
ગાવેરે ગુણવંતી હૈયડે ગહ્ગહીરે લો;
જય જગનાયક શિવ સુખ દાયક દેવ જો,
લાયકરે તુજ સરિખો જગમાં કો નહીંરે લો. ૩
પરમ નિરંજન નિર્જિત ભય ભગવંત જો,
પાવનરે પરમાતમ શ્રવણે સાંભળ્યોરે લો;
પામી હવે મેં તુજ શાસન પરતીત જો,
ધ્યાનેરે એક તાને પ્રભુ આવી મળ્યોરે લો. ૪
ઊંચપણે પંચાશ ધનુષનું માન જો,
પાલ્યુંરે વલી આયુષ લાખ બત્રીશનું રે લો;
શ્રી ગુરૂ સુમતિવિજય કવિરાય પસાયે જો,
અહોનિશરે દિલ ધ્યાન વસે જગદીશનુંરે લો. ૫

અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

હરની હમચીરે. એ દેશી.

આવો આવોરે સખી દહેરે જઇએ,
પ્રભુ દરિશન કરી નિરમળ થઇએ;
ગાવો ગાવોરે હરખ અપાર,

જિનગુણ ગરબોરે;
તુમે પેહરો સોળ સણુગાર, જિન૦
મારે લાખેણી એ વાર, જિન૦
દોહેલો માનવ અવતાર. જિન૦ ૧
પદ્દમાદેવી નંદન નીકો છે,
પ્રભુ રાય સુમિત્ર કુલ ટીકોછે;
નમો નમોરે એહીજ નાથ, જિન૦
ફોકટ શી કરવી વાત, જિન૦
કુડી લાગેછે તેહની લાત. જિન૦ ૨
કચ્છપ લંછન પ્રભુ પાયા છે,
જિન વીશ ધનુષની કાયાછે;
ત્રીશ સહસ વરસનું આય. જિન૦
મારે હઇડે હરખ ન માય, જિન૦
એને સેવ્યાથી સુખ થાય; જિન૦
મારાં દુખડાં દૂરે જાય. ૩
પ્રભુ શ્યામવર્ણ વિરાજે છે,
મુખડું દેખી વિધુ લાજેછે;
એને મોહી મોહી હરિની નાર, જિન૦
તેહુ કરે લુછણડાં સાર. જિન૦

પ્રભુ નયન તણો મટકાર, જિન૦
તેથી લાગ્યો પ્રેમ અપાર. જિન૦ ૪
પ્રભુ હૃદય કમલનો વાસી છે,
શિવરમણી જેહુની દાસીછે;
હું તેહ તણો છું દાસ. જિન૦
મારે પૂરે મનડાની આશ, જિન૦
પ્રભુ અવિચળ લીલ વિલાસ. જિન૦
રામવિજય કહે ઉલ્લાસ. જિન૦ ૫

થોયો.

સુમતિ સુમતિ આપે, દુઃખની કોડિ કાપે;
સુમતિ સુજસ વ્યાપે, બોધિનું બીજ આપે;
અવિચળ પદ થાપે, જાપ દીપ પ્રતાપે;
કુમતિ કદી ન આપે, જો પ્રભુ ધ્યાન વ્યાપે;

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે;
સુમતિને ઘરે પારણું, ભવ પાર ઉતારે;
વિચરંતા અવનિ તળે, તપ ઉગ્ર વિહારે;
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે;

શ્રી સિદ્ધાચલજીની થાય.

પુંડરિક ગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ;
વિમળાચળ ભેટી, લહીએ અવિચળ ઋદ્ધિ,
પંચમી ગતિ પહોચ્યા, મુનિવર કોડા કોડ;
ઇણ તીર્થે આવી, કર્મ વિપાતક છોડ. ૧

ધોરણ ૫.

શ્રી ઋષભજિન ચૈત્યવંદન.

જય જય નાભિ નરિંદનંદ, સિદ્ધાચલ મંડણ;
જય જય પ્રથમ જિણંદ કંદ, ભવદુઃખ વિહંડણ.૧
જય જય સાધુ સુરિંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય જય જગદાનંદ કંદ, શ્રીઋષભ જિનેસર. ૨
અમૃતસમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજપદ પંકજ નિત્ય નમું, નિશદિન નમત કલ્યાણ.

શ્રી પરમાત્માનું ચૈત્યવંદન.

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;

જય જગગુરૂ દેવાધિ દેવ, નયણે મેં દિઠું. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિ:કારણ બંધુ. ૨
ગુણઅનંત પ્રભુ તાહરા એ,કિમહિં કહ્યા નજાય
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય.૩

શ્રી આદિજિન ચૈત્યવંદન.

અરિહંત નમો ભગવંત નમો,
પરમેસર જિનરાજ નમો,
પ્રથમ જિનેસર પ્રેમે પેખત,
સિદ્ધાં સઘલાં કાજ નમો. ॥ અ૦ ॥૧॥
પ્રભુ પારંગત પરમ મહોદય,
અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્ભુત અતિશય નિધિ,
પ્રવચન જલધિ મયંક નમો. ॥અ૦॥૨॥
તિહુયણ ભવિયણ જન મણ વંછિય,
પૂરણ દેવ રસાલ નમો;
લલિ લલિ પાય નમું હું ભાલેં,
કર જોડીને ત્રિકાલ નમો. ॥અ૦॥૩॥

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન,
નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક,
સારે અહનિશ સેવ નમો. ॥અ૦॥૪॥
તું તીર્થંકર સુખકર સાહિબ,
તું નિઃકારણ બંધુ નમો ;
શરણાગત ભવિને હિતવચ્છલ,
તુંહિ કૃપારસ સિંધુ નમો. ॥અ૦॥૫॥
કેવલજ્ઞાનાદર્શે દર્શિત,
લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષ ગણ,
દુરિત ઉપદ્રવ ભાવ નમો. ॥અ૦॥૬॥
જગચિંતામણિ જગગુરૂ જગહિત,
કારક જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ,
તું શિવપુરનો સાથ નમો. ॥અ૦॥૭॥
અશરણ શરણ નીરાગ નિરંજન,
નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દીઓ અનૂપમ દાનેશર,
જ્ઞાનવિમલ સૂરીશ નમો. ॥અ૦॥૮॥

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું;
ઋષભજિણંદ જુહારીને, સૂરજકુંડમાં ન્હાશું.
તે દિન૦ ॥ ૧ ॥

સમવસરણમાં બેશીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી.
તે દિન૦ ॥ ૨ ॥

સમકિત વ્રત સુદ્ધાં ધરી, સદ્‌ગુરૂને વંદી;
પાપ સરવ આલોઇને, નિજ આતમ નિંદી.
તે દિન૦ ॥ ૩ ॥

પડિક્કમણું હોય ટંકનું, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે.
તે દિન૦ ॥ ૪ ॥

વ્હાલાને વેરી વિચે, નવિ કરવો વહેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચહેરો.
તે દિન૦ ॥ ૫ ॥

ધરમ સ્થાનક ધન વાવરી, છક્કાયને હેતે;
પંચ મહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે.
તે દિન૦ ॥ ૬ ॥

કાયાની માયા મ્હેલીને, પરીસહને સહેશું,
સુખ દુ:ખ સરવે વીસારીને, સમભાવે રહેશું.
તે દિન૦ ॥ ૭ ॥
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું.
તે દિન ક્યારે આવશે. ॥ ૮ ॥

શ્રી ઋષભજિન સ્તવન.

ઓલગડી તે આદિનાથની જો,
કાંઈ કીજીએ મનને કોડ જો;
હોડ કરે કોણ નાથની જો.
જેના પાય નમે સુર કોડ જો. ઓલગડી૦ ૧
વહાલો મરૂદેવીનો નાંનલો જો,
રાણી સુનંદાના હઈડાનો હાર જો;
ત્રણ ભુવનનો નાહલો જો,
મારા પ્રાણ તણો આધાર જો. ઓલ૦ ૨
વહાલે વીશ પૂરવ લખ ભોગવ્યું જો.
રૂડું કુંવરપણું રંગ રેલ જો.

મનડું મોહ્યુંરે જિન રૂપશું જો,
જાણે જગમાં મોહનવેલ જો, ઓલ૦ ૩
પ્રભુની પાંચશે ધનુષની દેહડી જો,
લખ પૂરવ ત્રેશઠ રાજ જો;
લાખ પૂરવ સમતા વરી જો,
થયા શિવસુંદરી વર રાજ જો, ઓલ૦ ૪
એના નામથી નવ નિધિ સંપજે જો,
વળી અલિય વિઘન સવિ જાય જો.
શ્રી સુમતિ વિજય કવિરાજનો જો;
એમ રામવિજય ગુણ ગાય જો. ઓલ૦ ૫

શ્રી સંભવનાથજીનું સ્તવન.

મને સંભવ જિનશું પ્રીત અવિહડ લાગીરે,
કાંઈ દેખત પ્રભુમુખ ચંદ ભાવઠ ભાગીરે. ૧
જિન સેનાનંદન દેવ, હિઅડે વસીયારે;
પ્રભુ ચરણ નમે કરજોડ, અનુભવ રસીયારે. ૨
તોરી ધનુ શય ચાર પ્રમાણ, ઉંચી કાયારે;
મનમોહન કંચનવાન, લાગી તોરી માયારે. ૩

પ્રભુ રાય જિતારિ નંદ, નયણે દીઠારે;
સાવથ્થીપુરી શણગાર, લાગે મુને મીઠારે. ૪
પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવેરે;
પણ મુક્તિવધુ વશી મંત્ર, પાઠ ભણાવેરે. ૫
મુજ રઢ લાગી મન માંહે, તુજ ગુણ કેરીરે;
નહિ તુજ મૂર્તિને તોલ, સુરત ભલેરીરે. ૬
જિન મહેર કરી ભગવાન, વાન વધારોરે;
શ્રી સુમતિવિજય ગુરૂ શિષ્ય, દિલમાં ધારોરે.૭

થોયો.

કેવળજ્ઞાનની સ્તુતિ.

છત્ર ત્રય ચામર, તરૂ અશોક સુખકાર;
દિવ્ય ધ્વનિ દુંદુભિ, ભામંડળ ઝળકાર;
વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર;
વંદે લક્ષ્મીસૂરી, કેવળજ્ઞાન ઉદાર. ॥ ૧ ॥

મલ્લિજિન સ્તુતિ.

સુણો વિનતડી મલ્લિનાથજી,
તું મળીઓ મુગતિનો સાથજી;

મન મળીયું તુઝશું નિર્મળું,
તે કદીએ ન હોજો વેગળું. ॥ ૧ ॥

ધોરણ ૬.

શ્રી જિનપૂજાનું ચૈત્યવંદન.

નિજ રૂપે જિનનાથ કે, દ્રવ્યે પણ તિમહિં;
નામ થાપના ભેદથી, પ્રગટ જગમાંહિ. ॥૧॥
અધ્યાતમથી જોડીએ, નિક્ષેપા ચાર;
તો પ્રભુ રૂપ સમાન ભાવ, પામે નિરધાર. ૨
પાવન આતમને કરે એ, જન્મ જરાદિક દૂર;
તે પ્રભુ પૂજા ધ્યાનથી, રામ કહે સુખપૂર. ૩

શ્રી જિન ચૈત્યવંદન.

અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય,
દેવ ત્વદીય ચરણાંબુજ વીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલકં પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણમ્. ॥ ૧ ॥
કલેવ ચંદ્રસ્ય કલંકમુક્તા,

મુક્તાવલી ચારૂગુણપ્રપન્ના;
જગત્ત્રયસ્યાભિમતં દદાના,
જૈનેશ્વરી કલ્પલતેવ મૂર્તિ: ॥ ૨ ॥

ધન્યોહં કૃતપુણ્યોહં, નિસ્તીર્ણોહં ભવાર્ણવાત્;
અનાદિ ભવકાંતારે, દૃષ્ટો યેન શ્રુતો મયા. ॥૩॥
અદ્ય પ્રક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલીકૃતે;
મુક્તોહં સર્વ પાપેભ્યો, જિનેંદ્ર તવ દર્શનાત્ ॥૪॥
દર્શનાત્ દુરિતધ્વંસ:, વંદનાત્ વાંછિતપ્રદ:;
પૂજનાત્ પુરૂષશ્રીદ:, જિન: સાક્ષાત્સુરદ્રુમ: ॥૫॥

શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

વિમલ કેવલ જ્ઞાન કમલા,
કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ,
નમો આદિ જિનેશ્વરમ્. ॥એ ટેક॥૧॥
વિમલ ગિરિવર શૃંગ મંડણ,
પ્રવર ગુણ ગણ ભૂધરં,
સુર અસુર કિન્નર કોડિ સેવિત, ॥નમો૦॥૨॥

કરતિ નાટક કિન્નરી ગણુ,
ગાય જિન ગુણુ મન હરં;
નિર્જરાવલી નમે અહોનિશ. ॥નમો૦॥૩॥
પુંડરિક ગણુપતિ સિદ્ધિ સાધિ,
કોડિ પણુ મુનિ મનહરં;
શ્રી વિમલગિરિવર શૃંગ સિદ્ધા.॥નમો૦॥૪॥
નિજ સાધ્ય સાધન સૂર મુનિવર,
કોડિનંત એ ગિરિવરં,
મુક્તિ રમણી વર્યા રંગે, ॥નમો૦॥૫॥
પાતાલ નર સુર લોક માંહિ,
વિમલ ગિરિવરતોડપરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે,॥નમો૦॥૬॥
એમ વિમલ ગિરિવર શિખર મંડણુ,
દુખવિહંડણુ ધ્યાઇએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં,
પરમ જ્યોતિ નિપાઇએ, ॥ ૭ ॥
જિત મોહ કોહ વિછોહ નિદ્રા,
પરમ પદસ્થિત જયકરં;

ગિરિરાજ સેવા કરણ તત્પર,
પદ્મવિજય સુવિહિતકરં, ॥ ૮ ॥

શ્રી શાંતિજિન સ્તવન.

સુંદર શાંતિ જિણંદની, છબિ છાજેછે;
પ્રભુ ગંગાજળ ગંભીર, કીર્તિ ગાજેછે. ૧
ગજપુર નયર સોહામણું, ઘણું દીપેછે;
વિશ્વસેન નરિંદનો નંદ, કંદર્પ જીપેછે. ૨
અચિરા માતાએ ઊર ધર્યો, મન રંજેછે;
મૃગલંછન કંચન વાન, ભાવઠ ભંજેછે. ૩
પ્રભુ લાખ વર્ષ ચોથે ભાગે, વ્રત લીધુંછે;
પ્રભુ પામ્યા કેવળજ્ઞાન, કારજ સીધુંછે. ૪
ધનુષ્ય ચાલીશનું ઈશનું, તનુ સોહેછે;
પ્રભુ દેશના ધ્વનિ વરસંત, ભવિ પડિબોહેછે. ૫
ભક્તવત્સલ પ્રભુતા ભણી, જન તારેછે;
બુડંતા ભવજલ માંહિ, પાર ઉતારેછે. ૬
શ્રી સુમતિવિજય ગુરૂ નામથી, દુઃખ નાસેછે;
કહે રામવિજય જિન ધ્યાન, નવનિધિ પાસેછે. ૭

શ્રી ઋષભદેવજિન સ્તવન.

હાર રોહુંરો એ દેશી.

પ્રથમ જિણેસર પૂજવા, સહીયર મ્હારી;
અંગ ઉલટ ધરી આવી હો;
કેસર ચંદન મૃગમદે, સ૦
સુંદર આંગી બનાવી હો. ૧
સહજ સલૂણો મહારો, સમસુખ લીનો મારો,
ગ્યાનમાં ભીનો મ્હારો સાહિબો; સ૦
જયો જયો પ્રથમ જિણંદ હો. એ આંકણી.
ધન્ય મરૂદેવી કુખને, સ૦
વારી જાઉં વાર હજાર હો;
સર્ગ શિરોમણિને તજી, સ૦
જિહાં પ્રભુ લીએ અવતાર હો. સહ૦ ૨
દાયક નાયક જન્મથી, સ૦
લાજયો સુરતરૂ વૃંદ હો;
જુગલા ધરમ નિવારણો, સ૦
જે થયો પ્રથમ નરિંદ હો. સહ૦ ૩
લોકનીતિ સહુ શીખવી, સ૦
દાખવા મુક્તિનો રાહ હો,

રાજ્ય ભળાવી પુત્રને, સ૦
થાપ્યો ધર્મ પ્રવાહ હો. સહ૦ ૪
સંયમ લેઈ સંચર્યો, સ૦
વરસ લગે વિણ આહાર હો;
શેલડી રસ સાટે દીયો, સ૦
શ્રેયાંસને સુખ સાર હો. સહ૦ ૫
મોટા મહંતની ચાકરી, સ૦
નિઃફળ કદિય ન થાય હો,
મુનિપણે નમિ વિનમિ કર્યા, સ૦
ક્ષણમાં ખેચર રાય હો. સહ૦ ૬
જનનીને કીધો ભેટણો, સ૦
કેવળ રત્ન અનૂપ હો;
પહેલી માતા મોકલી, સ૦
જોવા શિવ વહુ રૂપ હો. સહ૦ ૭
પુત્ર નવાણું પરિવર્યા, સ૦
ભરતના નંદન આઠ હો;
આઠ કરમ અષ્ટાપદે, સ૦
યોગ નિરોધે નેઠ હો. સહ૦ ૮
તેહનો બિંબ સિદ્ધાચળે, સ૦

પૂજો પાવન અંગ હો;
ક્ષેમાવિજય જિન નિરખતાં, સ૦
ઉછળે હરખ તરંગ હો. સહુ૦ ૯

શ્રી અનંતવીર્ય ભગવાનનું સ્તવન.

અનંતવીરજ અરિહંત સુણો મુજ વીનતિ,
અવસર પામી આજ કહું જે દીલ છતી;
આતમ સત્તા હાર સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ૧
ક્રોધ દાવાનલ દગ્ધ માન વિષધર ડશ્યો,
માયા જાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;
મન વચ કાયા જોગ ચપલ થયા પરવશ્યા,
પુદ્ગલ પરિચય પાપ તણી અહનિશિ દશા.૨
કામરાગે અણનાથ્યો સાંઢપરે ધસ્યો,
સ્નેહરાગની રાચ્યે ભવ પંજર વસ્યો;
દૃષ્ટિરાગ રૂચિ કાચ પાચ સમકિત ગણું,
આગમ રીતે નાથ ન નીરખું નિજપણું. ૩
ધર્મ દેખાડું માંડ ભાંડપરે અતિ લવું,

અચરે અચરે રામ શુક પરે જપું;
કપટ પટુ નટુઆ પરે મુનિમુદ્રા ધરૂં,
પંચવિષય સુખ પોષ સદોષ વૃત્તિ ભરૂં. ૪
એક દિનમાં નવ વાર કરેમિભંતે કરૂં,
ત્રિવિધત્રિવિધ પચ્ચખાણે ક્ષણ એક નવિ ઠરૂં,
માસા હુંસ ખગ રીતિ નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિર્વહું ૫
દીન દયાળ ભુજાળ પ્રભુ મહારાજ છો,
જાણુ આગળ શું કહેવું ગરિબ નિવાજ છો;
પુરવ ધાતકીખંડ નલિન વિજયાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક યતિપતિ. ૬
મેઘ મહીપ મંગલાવતી સુત વિજયાવતી,
આનંદન ગજ લંછન જગજન તારતી;
ક્ષમાવિજય જીનરાય પાપ નિવારશો,
વેહેરમાન ભગવાન સુનજરે તારશો. ૭

થોયો.

શ્રી સીમંધર જિન સ્તુતિ.

મહાવિદેહ ક્ષેત્રે સીમંધર સ્વામી,

સોનાનાં સિંહાસનજી;
રૂપાનાં કોશીશાં બિરાજે,
રત્નના દીવા દીપેજી;
કુંકુમ વર્ણી ગહૂંલી બિરાજે,
મોતિના અક્ષત સારજી;
તિહાં બેઠા સીમંધર સ્વામી,
બોલે મધુરી વાણીજી;
કેશર ચંદન ભરીરે કચોળાં,
કસ્તુરી બરાસજી;
પહેલીરે પૂજા મોરીરે હોજો,
ઉગમતે પરભાતજી. ૧

શ્રી જિનવિજયજી કૃત ચોવિશી.

દૂહા.

સગવીસે ઢાળે કરી, થુણસ્યું જિન ચોવીસ;
સાંભળજયો સૌ ચતુર નર, શ્રવણે વિશ્વાવીસ.૧

ઢાલ ૧

જગહિત શ્રી આદીશ્વર જગજયો,

આદિ પુરૂષ અરિહંત હો;
જગહિત આદિ ધરમ જીણે દાખીઓ,
આદિ નમું એકાંત હો. જગ૦ ॥૧॥

ઢાલ ૨ દેશી વિછિયાની.

હાંરે લાલા અજિત જીનેસર જગધણી,
જેહની જગમાંહે પ્રતીત રે;
જે સેવે તે સુખ લહે,
પ્રભુસેંતિ માંડો પ્રીતરે. લાલા અ૦ ૧

ઢાલ ૩ દેશી લલનાની.

સુખદાયક નાયક લહો,
લાયક સંભવ દેવ લલના;
તે નર નવનિધિ સંપજે,
જે કરે એહની સેવ લલના. સુ૦ ॥૧॥

ઢાલ ૪

અભિનંદન ચોથા અરિહંત,
કેવળ કમળા નારી કંત;
જે ધ્યાને ધ્યાવે એકંત.
તેહનો ચિંત્યો થાય અનંત. ॥ ૧ ॥

ઢાલ ૫ રાણકપુર એ દેશી.

સુમતિ જિનેસર પાંચમોરે લાલ,
સુમતિ તણા દાતાર જગ સ્વામીરે;
સુમતિ સુમતિ જગ સેવીએરે લાલ,
સેવક તારણહાર જગસ્વામીરે. સુ૦ ॥૧॥

ઢાલ ૬. રહો ર વાલહા એ દેશી.

શ્રી પદમ પ્રભુ દેખતાં,
લોચન અમિય ભરાય લાલ રે;
જિમ જિમ ફિર ફિર જોઇએ,
તિમ તિમ તૃપતિ ન થાય લાલરે. શ્રી૦ ૧

ઢાલ ૭

સાતમો સીરીઅ સુપાસ,
જોતાં અધિક ઉલ્લાસ;
આશા સવિ ફળે એ,
દોહગ દુઃખ ટળે એ;
મનવંછિત મળે એ. ॥ ૧ ॥

ઢાલ ૮

શ્રી ચંદ્રપ્રભ મુખ જિનવરૂ,

એ સુખદાયક સામીરે;
રાત દિવસ ચરણે રહે,
જેહને ચંદ્રમા નામીરે. શ્રી૦ ॥ ૧ ॥

ઢાલ ૯

શ્રી સુવિધિ સુવિધિ જિનરાયા,
જસ પ્રણમે સુરનર પાયા;
મેં તો પુણ્ય પસાયે પાયા,
જાણે ગંગાજળ નાહ્યા. ॥ ૧ ॥

ઢાલ ૧૦

ભવજલ તારણહાર, તુજ વિણ દૂજોરે,
નાયક લાયક કો નહીં રે;
વીનતડી અવધાર, કર ધરી ધરી તારોરે,
શીતલ મુજ સહીરે. ॥ ૧ ॥

ઢાલ ૧૧

શ્રેયાંસ જિન અગ્યારમો, નાયક મોરે મન રમ્યા;
દુઃખ ગયો, ભવિ જે જે ઉપજે એ. ॥૧॥

ઢાલ ૧૨ મધુકરની દેશી.

વાસુપૂજ્ય જિન બારમા,
વાસવ પૂજિત જેહ સુખકર;

દુઃખહર સાહિબ તું મળ્યો,
વાધ્યો નવલ સનેહ સુખકર૦વાસુ૦॥૨॥

ઢાલ ૧૩

કેવલ પ્રભુતા પાઈ,
જિણે ભવિજનને સુખદાઈ હો;
હિતકર સમરોજી.

વિમળ જિનેસર સાંઈ,
જિણે દુરગત દૂર ગમાઈ હો, હિત૦ ૧

ઢાલ ૧૪ રામચંદ્ર કે, એ દેશી.

લેતાં જેહનું નામ, અંગ ઉપાંગ ધરેરી;
તે જિન નામ અનંત, દારિદ્ર દૂર હરેરી. ॥૧॥

ઢાલ ૧૫ ઈણપુર કંબલ૦ એ દેશી.

કનક સિંધાસન બેસી દેખાવે,
આપણો ધરમ તે આપ દીપાવે;
તે જિન ધરમ જિણેસર દીઠો,
લોચન લાગ્યો અમિય જ્યું મીઠો.॥૧॥

ઢાલ ૧૬

દેખી કામની દોયકે, કામે વ્યાપીઓ રે કે૦

એ દેશી.

અચિરા માતા કુખે, પ્રભુ તું અવતર્યો રેકે પ્રભુ૦
શાંતિ કરી જગમાંહિ,તેં શાંતિજિનેશરૂ રેકે શાં૦
દ્યો મુઝ અધિક ઉછાંહકે,ભવભવ તારવા રેકે ભ૦
પાંચમા ચક્રવાર્ત દેવકે,સદા એ સેવવા રેકે સ૦ ૧

ઢાલ ૧૭ નદી યમુનાકે તીર ઉડે૦ એ દેશી.

અડવડીઆં આધાર સંસાર જે અવતર્યો,
કરૂણાસાગર નાગર લોકે આદર્યો;
કુંથુનાથ સુખ સાથ અનાથ તણો ધણી,
મેહેર કરો મહારાજ સેવક ઉપર ઘણી.॥૧॥

ઢાલ ૧૮

જીહો અરજિન દેવ અઢારમા,
જીહો મુજ મન વસિયા આય;
જીહો મુજ પ્યારો લાગે ઘણું,
જીહો અવર ન આવે દાય;
ચતુર નર સાચા એહિજ દેવ. ॥૧॥

ઢાલ ૧૯ ઈડર આંબા આંબલીરે. એ દેશી.

મલ્લિ જિનેશર માહરા રે,
નાયક દાયક દેવ;

પૂરવ પુણ્ય પસાયથીરે,
પામી મૈંહિજ સેવ;
ભવિક જન સેવો આણી ભાવ,
ભવ સમુદ્ર જલ તારવારે;
અભિનવ અવિચળ નાવ. ભ૦॥૧॥

ઢાલ ૨૦

શ્રી મુનિસુવ્રત વીસમા હો,
સામલ વરણ શરીર, સૂહંકર સાહિબો;
કોડ ગમે સેવા કરેરે,
ત્યારે પ્રભુની સેવ ભવિજન ઈણ પરે. ॥૧॥

ઢાલ ૨૧

નમિ જિન નામ જપો નિત્ય મનમાં,
જો તુમ સુખની ચાહરે;
હરિ હર બ્રહ્મ પુરંદર છે બહુ,
વિણ ઈણ સમ કુણ નાહરે. ॥ન૦॥૧॥

ઢાલ ૨૨ વીર વખાણી રા. એ દેશી.

નાહ નિરંજન નેમજી, અંજન વરણીરે દેહ;
નેહજ એહશું જે કરેજી, તે લહે સુખ અછેહ. ના૦૧

ઢાલ ૨૩

પુરિસાદાણીરે પાસ જિણેસરૂ રે,
સમરો ઉગતેરે સૂર;
નામે નવનિધ તસ ઘર અંગણે,
વાધે દિન દિન નૂર. પુ૦ ॥ ૨૩ ॥

ઢાલ ૨૪

વીર ચરમ જિણેસર સામી,
જેહ થયા શિવપૂર ગામી;
તેહને નમુ હું શીર નામી,
પદવી જેણે અવિચળ પામી ॥

ઢાલ ૨૫

એ જિન હે સખી, એ જિનવર ચોવીસ,
સુખ કર હે સખી, સુખ કરવા સુરતરૂ સમાજી;
ગાવો હે સખી, ગાવો વિસવાવીશ.
પાવો હે સખી, પાવો જય લખમી રંભાજી.

દુહા.

આગશિર વદિ તેરસ દિને, અનુરાધા બુધવાર;
શશિમુનિ તિથ શુભસંવતે, સ્તવન કર્યો સુખકાર. ૧

કળશ

કુલવિધિનયરેકરિયચઉમાસેચોવિસેએજિનવરા
નવિનવિય ઢાળે અતિરસાળે, થુણ્યામેં પરમેશ્વરા,
તપગચ્છસુંદરમુનિપુરંદરશ્રીકીર્તિવિજયવાચકતણો,
જિનવિજયવાણીકહેપ્રાણી,સુણોતવનસોહામણો.
સ્તવન થુણતાં સુખઘણો ॥૧॥

ઇતિશ્રી જિન વિજયજીકૃત ચોવીશી સંપૂર્ણ

અથશ્રી યશો વિજયજી કૃત ચોવીશી પ્રારંભ.

શ્રી ઋષભદેવજીનું સ્તવન.

ઋષભ જિનંદા ઋષભ જિનંદા,
તૂં સાહિબ હું છું તુજ બંદા,
તુજશું પ્રીતિ બની મુજ સાચી,
મુજ મન તુજ ગુણશું રહ્યું માચી. ઋ૦ ॥૧॥
દીઠા દેવ રૂચે ન અનેરા,
તુજ પાખલિ ચિતડું દીએ ફેરા,
સ્વામી શું કામણડું કીધું,
ચિતડું અમારૂં ચોરી લીધું ઋ૦ ॥૨॥

પ્રેમ બંધાણો તે તો જાણો,
નિરવહશો તો હોશે વખાણો,
વાચક જસ વિનવે જિનરાય,
બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ૦ ॥૩॥

શ્રી અજિત જિન સ્તવન.

કપુર હોય અતિ ઉજળુંરે એ દેશી.

વિજયા નંદન ગુણનિલોજી
જીવન જગદાધાર;
તેહશું મુજ મન ગોઠડીજી,
છાજે બારો વાર, સોભાગી જિન.
તુજ ગુણનો નહિપાર.
તુંતો દોલતનો દાતાર સો૦ એ આંકણી, ૧
જેહવી કુવા છાંહડી જી.
જેહવું વનનું ફુલ,
તુજશું જે મન નવિ મિળ્યું જી
તેહવું તેહનું સૂલ સો૦ ૨
માહરૂ તો મન થૂરિ થકીજી
હળીઊં તુજ ગુણ સંગ
વાચક જસ કહે રાખજોજી,

દિન દિન ચઢતે રંગ સો૦ ૩

શ્રી સંભવ જિન સ્તવન.

સેના નંદન સાહિબ સાચો રે,
પરિ પરિ પરખ્યો હીરો જાચો રે;
પ્રીતિ મુદ્રિકા તેહશું જોડી રે,
જાણું મેં લહી કંચન કોડી રે;
જેણે ચતુરશું ગોઠ ન બાંધી રે,
તેણે તો જાણ્યું ફોગટ વાધી રે;
સુગુણ મેલાવે જેહ ઉછાહો રે,
મણુઅ જનમનો તેહજ લાહો રે. ૨
સુગુણ શિરોમણિ સંભવ સ્વામીરે;
તેહ નિવાહ ધુરંધર પામી રે,
વાચક જસ કહે મુજ દિન વળીયો રે;
મનહ મનોરથ સઘળો ફળિયો રે. ૩

શ્રી અભિનંદનજિન સ્તવન.

ગોડી ગાજે રે એ દેશી.

શેઠ શેવો રે અભિનંદન દેવ.
જેહની સારે રે સુર કિંનરસેવ;
એહવો સાહિબ સેવે તેહ હજુર,

જેહનાં પ્રગટે રે કીધાં પુણ્ય પડુર સે૦ ૧
જેહ સુગુણ સનેહી સાહીબ હેજ,
દૃગલીલાથી લહિયે સુખ સેજ;
તૃણ સરખું લાગે સબળે સાચ,
તે આગળ આવ્યું ધરણી રાજ. સે૦ ૨
અલવે મેં પામ્યો તેહવો નાથ,
તેહથી હું નિશ્ચે હુઓ રે સનાથ;
વાચક જસ કહે પામી રંગરેલ,
માનું ફળિય આંગણડે સુરતરૂ વેલ. સે. ૩

શ્રી સુમતિ જિન સ્તવન.

ઘુઘરિયાળો ઘાટ, એ દેશી.

સુમતિનાથ દાતાર,
કીજે ઓલગ તુમ તણી રે;
દીજે શિવ સુખ સાર,
જાણી ઓલગ જગ ધણી રે. ૧
અખય ખજાનો તુજ,
દેતાં ખોટ લાગે નહી રે;
કિશી વિમાસણ ગુજ,
જાચક થાકે ઉભા રહી રે. ૨

રયણ કોડ તેં દીધ,
ઊરણ વિધ તદા કીઆ રે;
વાચક જસ સુપ્રસિદ્ધ,
માગે તિન રતન દીઆ રે. ૩

શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

આજ અધિક ભાવે કરી, એ દેશી.

પદ્દમ પ્રભ જિન સાંભળો,
કરે સેવક એ અરદાસ હો;
પાંતે બેસારીઆ જો તુમે,
તો સફળ કરેજો આશ હો. પ૦ ૧

જિનશાસન પાંતે તેં ઠવી,
મુજ આપ્યો સમકીત થાળ હો;
હવે ભાણાખડખડ કોણ ખમે,
શિવમોદક પિરસે રસાળ હો. પ૦ ૨

ગજ આસન ગલિત સીથેં કરી,
જીવે કીડીના વંશ હો;
વાચક જશ કહે એમ ચિત્ત ધરી,
દીજે નિજ સુખ એક અંશ હો. પ૦ ૩

શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

એ ગુરૂ વાલ્હો રે, એ દેશી.

શ્રી સુપાસ જિનરાજનો રે,
મુખ દીઠે સુખ હોય રે;
માનું સકળ પદ મેં લહ્યાં રે,
જોતાં નેહ નજરે ભરિ જો;
એ પ્રભુ પ્યારોરે,
મારા ચિતનો ઠારણ હાર
મોહનગારોરે. એ આંકણી. ૧
સિંચે વિશ્વ સુધારસે રે,
ચંદ રહ્યા પણ દૂર રે;
તિમ પ્રભુ કરૂણા દૃષ્ટિથી રે,
લહિયે સુખ મહુમૂર. એ૦ ૨
વાચકજસ કહે તિમ કરોરે,
રહીએ જેમ હજૂર રે;
પીજે પાણી મીઠડી રે,
જેહવો સરસ ખજૂર. એ૦ ૩

શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

ભોળા શંભુ, એ દેશી.

મોરા સ્વામી ચંદ્રપ્રભ જિનરાય,
વિનતડી અવધારીએ જિરે જી;
મોરા સ્વામી તુમ્હે છો દીનદયાળ,
ભવજલથી મુજ તારીએ. જીરે જી. ૧
મોરા સ્વામી હું આવ્યો તુજ પાસ,
તારક જાંણી ગહુગહી જીરે જી;
મોરા સ્વામી જોતાં જગમાં દીઠ,
તારક કો બીજો નહીં. જી૦ ૨
મોરા સ્વામી અરજ કરંતા આજ,
લાજ વધે કહો કેણિ પરે; જી૦
મોરા સ્વામી જશ કહે ગોપય તુલ્ય,
ભવજળ પોતે કરૂણા ધરી જી૦ ૩

શ્રી સુવિધિ જિન સ્તવન.

રાગ મલ્હાર.

જિમ પ્રીતિ ચંદ ચકોરને,
જિમ મોરને મન મેહરે;

અમને તે તુમશું ઉલ્લસે,
તિમ નાહ નવલો નેહ. ૧
સુવિધિ જિણેશરૂ,
સાંભળો ચતુર સુજાણ;
અતિ અલવેશરૂ એ આંકણી;
અણ દીઠે અળજો ઘણો,
દીઠે તે તૃપ્તિ ન હોય રે;
મન તોહિ સુખ માની લીએ,
વા'લા તણું મુખ જોઇ. સુ૦ ૨
જિમ વિરહ કહિંએ નવિ હુયે,
કિજિયેં તેહવો સંચરે;
કર જોડી વાચક જસ કહે,
ભાજો તે ભેદ પ્રપંચ. સુ૦ ૩

શ્રી શીતલ જિન સ્તવન

ભોલુડારે હંસા, એ દેશી.

શીતળ જિન તુજ મુજ વિચે આંતરૂ,
નીશ્ચયથી નહીં કોય;

દંસણ નાણ ચરણ ગુણ જીવને,
સહુને પૂરણ હોય. ૧
અંતરજામીરે સ્વામી સાંભળો, એ આંકણી.
પણ મુજ માયારે મોહિ મોળવે,
બાજય દેખાડી રે વેશ;
હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી,
જેહવી ધૂરત વેશ. અંતર૦ ૨
એહ નીસ્વામી રે મુજથી વેગળી,
કીજે દીન દયાળ;
વાચક જશ કહે જિમ તુમશું મિલી,
લહિયેં સુખ સુવિશાલ. અંતર૦ ૩

શ્રી શ્રેયાંસ જિન સ્તવન.

મુખને મરકલડે, એ દેશી.

શ્રેયાંસ જિણેસર દાતાજી, સાહિબ સાંભળો,
તુમે જગમાં અતિ વિખ્યાતાજી, સા૦
માગ્યું દેતાં તે કિશ્યું વિમાસોજી, સા૦
મુજ મનમાં એહ તમાસોજી. સા૦ ૧

તુમ હેતાં સવિ હવાયેજી, સા૦
તો અરજ કરી શું થાયેજી, સા૦
યશ પૂરણ કેમ લહિજેજી, સા૦
જો અરજ કરીને દીજેજી, સા૦ ૨
જો અધીકું દ્યો તો દેજોજી, સા૦
સેવક કરી ચિત્ત ધરેજોજી, સા૦
જશ કહે તુમ પદ સેવાજી, સા૦
તે મુજ સુરતરૂ ફળ મેવાજી. સા૦ ૩

શ્રી વાસુપુજ્ય જિન સ્તવન.

'વિષય ન ગંજીએ' એ દેશી.

વાસુપૂજ્ય જિન વાલહા રે,
સંભારો નિજ દાસ;
સાહિબશું હઠ નવિ હોએ રે,
પણ કીજે અરદાસોરે, ચતુર વિચારીએ. ૧
સાસ પહેલા સાંભરે રે,
મુખ દીઠે સુખ હોય;
વિસાર્યા નવિ વીસરેરે;
તેહશું હઠ કિમ હોય રે. ચ૦ ૨

આમણ દુમણ નવિ ટળે રે,
ખણ વિણ પૂરી રે આશ;
શેવક જશ કહે દીજીએ રે,
નિજપદ કમલનો વાસો રે. અ૦ ૩

શ્રી વિમલનાથ જિન સ્તવન.

લલનાની ઢાલ.

વિમલનાથ મુજ મન વસે,
જિમ સીતા મન રામ, લલના;
પિક વંછે સહકારને,
પંથી મન જિમ ધામ લલના. વિ૦ ૧.
કુંજર ચિત્ત રેવા વસે,
કમલા મન ગોવિંદ લલના;
ગૌરી મન શંકર વસે,
કુમુદિની મન જિમ ચંદ લલના. વિ૦ ૨
અલિ મન વિકસિત માલતી,
કમલિની ચિત્ત દિણંદ લલના;
વાચક જસને વાલહો,
તિમ શ્રી વિમલ જિણંદ લલના વિ૦ ૩

શ્રી અનંત જિન સ્તવન.

ઢાલ રાયાદાની.

શ્રી અનંત જિન સેવીયેં રે લાલ,
મોહનવલ્લી કંદ મનમોહનાં;
જે સેવ્યો શિવસુખ દીએ રે લાલ,
ટાળી ભવભય ફંદ મન મોહના. શ્રી૦ ૧
સુખ મટકે જગ મોહીયો રે લાલ,
રૂપ રંગ અતિ ચંગ, મન૦
લોચન અતિ અણીયાલડાં રે લાલ,
વાણી ગંગ તરંગ મન૦ શ્રી૦ ૨
ગુણ સઘળા અંગે વસ્યારે લાલ.
દોષ ગયા સવિ દૂર, મન૦;
વાચક જસ કહે સુખ લહું રે લાલ,
દેખી પ્રભુ મુખ નૂર; મ૦ શ્રી૦ ૩

શ્રી ધર્મનાથ સ્તવન.

રાગ મલ્હાર.

ધર્મનાથ તુજ સરખો સાહેબ શિર થકે રે,
સાહેબ શિર થકે રે;

ચોર જોર જે ફેરવે, મુજશું મુક મને રે, મુ૦
ગજને ઇલિકા કરવી, તુજને નવિ ઘટે રે, તુ૦
જે તુજ સનમુખ જોઉતાં, અરિનું બળ મિટે રે. અ. ૧
રવિ ઉગે ગયણાંગણ તિમિર તે નવિ રહે રે, તિ૦
કામકુંભ ઘરેં આવે દાલિદ્ર કિમ દહે રે, દા૦
વન વિચરે જો સિંહ તો બીહ ન ગજ તણી રે બી૦
કર્મ કરેશું જોર પ્રસન્ન જો જગધણી રે પ્ર૦ ૨
સુગુણ નિગુણનો અંતર પ્રભુ નવિ ચિત્તે ધરે રે પ્ર.
નિર્ગુણ પણ શરણાગત જાણી હિત કરે રે, જા૦
ચંદ તજે નવિ લંછન મૃગ અતિ સાંમળો રે મૃ૦
જશ કહે તિમ તુજ જાણી મુજ અરિબલ દળો રે. મુ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન.

સુણી પશુઆં વાણી રે, એ ઢાળ.

જગ જન મન રંજે રે,
મનમથ બળ ભંજે રે;
નવિ રાગ ન દોષ તું અંજે ચિત્તશું રે. ૧
શિર છત્ર વિરાજે રે,

દેવ દુંદુભિ વાજે રે;
ઠકુરાઈ ઇમ છાજે તોહિં અકિંચણોરે ૨
થિરતા ધૃતિ સારી રે,
વરી સમતા નારીરે,
બ્રહ્મચારીશિરોમણિતોપણતૂસુણ્યો રે.૩
ન ધરે ભવ રંગોરે,
નવિ દોષાસંગો રે;
મૃગલંછન ચંગો તોપણ તું સહી રે. ૪
તુજ ગુણ કુણ આખેરે,
જગ કેવળી પાખે રે;
સેવક જસ ભાખે અચિરા સુત જયોરે.૫

શ્રી કુંથુનાથજિન સ્તવન.

વીંછિયાની ઢાલ.

સુખદાયક સાહિબ સાંભળો,
મુજને તુમશું અતિ રંગરે;
તુમેતો નીરાગી હુઇ રહ્યા,
એ શો એકાંગો ઢંગરે. સુ૦ ૧

તુમ ચિત્તમાં વસવું મુજ ઘણું,
તેતો ઉંબર ફૂલ સમાન રે;
મુજ ચિત્તમાં વસો જો તુમે,
તો પામ્યા નવે નિધાન રે. સુ૦ ૨
શ્રી કુંથુનાથ અમ નિરવહું,
ઈમ એકાંગો પણ નેહરે;
એણે આકીને ફળ પામશું,
વળી હોશે દુઃખનો છેહરે. સુ૦ ૩
આરાધ્યો કામિત પૂરવે,
ચિંતામણિ પાષાણરે;
વાચકજસ કહે મુજ દીજીએ,
ઈમ જાણી કોડિ કલ્યાણરે. સુ૦ ૪

શ્રી અરનાથજિન સ્તવન.

પ્રથમ ગોવાળાની ઢાલ.

અરજિન દરિસણ દીજીએજી;
ભવિક કમળ વન સૂર,
મન તરસે મિળવા ઘણું જી;

તુમે તો જઈ રહ્યા દૂર, સોભાગી
તુઝશું મુજ મન નેહ. ૧
તુમશું મુજ મન નેહલોજી,
જિમ બપૈયાં મેહ સોભાગી. એ ટે૦.
આવાગમન પથિક તણુંજી,
નહિ શિવ નગર નિવેસ,
કાગળ કુણ હાથે લિખુંજી,
કોણ કહે સંદેશ સોભાગી૦ ૨
જો સેવક સંભારશોજી,
અંતરજામીરે આપ,
જસ કહે તો મુજ મન તણોજી.
ટળશે સઘળો સંતાપ સોભાગી૦ ૩

અથ શ્રી મલ્લિનાથ સ્તવન.

ઢાલ રસિયાની.

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા,
જેહ માંહિં સુખકંદ વાલ્હેસર,
તે કલિયુગ અમે ગિરૂઓ લેખવું;

નવિ બીજા યુગ વૃંદ વાલ્હેસર. ૧ મ.
આરો સારોરે મુઝ પાંચમો
જિહાં તુમ દરિસણ દીઠ. વા.
મરૂભૂમિ પિણ થિતિ સુરતરૂ તણી,
મેરૂ થકી હુઈ ઈઠ. વા. ૨
પંચમે આરેરે તુમ્હ મેલાવડે,
રૂડો રાખ્યોરે રંગ. વા.
ચોથા આરોરે ફિરિ આવ્યો ગણું,
વાચકજસ કહે ચંગ. વા. ૩

અથ શ્રી મુનિસુવ્રતજીન સ્તવન

વીરમાતા પ્રીતિ કારિણી એ દેશી.

આજ સફલ દિન મુજ તણો
મુનિસુવ્રત દીઠા.
ભાગી તે ભાવઠ ભવ તણી,
દિવસ દુરિતના નીઠા. ૧ આ૦
આંગણે કલ્પ વેલી ફળી,
ઘન અમિયના વુઠા;

આપ માગ્યા તે પાસા ઢળ્યા
સુર સમકિત તુઠા. ૨ આ૦
નિયતિહિતદાન સન્મુખ હુયે
સ્વ પુણ્યોદય સાથે;
જસ કહે સાહિબે મુગતિનું,
કરિઉં તિલક નિજ હાથે. ૩ આ૦

અથ શ્રી નમિનાથ સ્તવન.

રૂષભનો વંશ રયણ એ દેશી.

મુજ મન પંકજ ભમરલો.
શ્રીનમિ જિન જગદીસોરે,
ધ્યાન કરૂં નિત તુમ્હ તણું
નામ જપુ નિસ દિસોરે ૧ મુ૦
ચિત થકી કહિયે ન વીસરે
દેખીયે આગલિં ધ્યાનેરે
અંતર તાપથી જાંણીયે
દુર રહ્યા અનુમાને રે ૨ મુ૦
તું ગતિ તું મતિ આશરો

તું હિજ બંધવ મોટો રે
વાચક જસ કહે તુજ વિના
અવર પ્રપંચ તે ખોટો રે ૩ મુ૦

અથ શ્રી નેમનાથ સ્તવન.

રાજા જો મિળે એ દેશી.

કહાકિયો તુમ્હે કહો મેરે સાંઇ
ફેરિ ચલે રથ તોરણ આઇ
દિલ આણરે મેરા નાહ,
ન ત્યજિય નેહ કછું અજાણ રે દિ૰ ૧
અટપટાએં ચલે ધરિ કછું રોસ,
પસુઅનકે શિર દે કર દોષ દિ૰ ૨
રંગ બિચી ભયો યાથિ ભંગ
સો તો સાચો જાનો કુરંગ. દિ૰ ૩
પ્રીતિ તન કમિં તોરત આજ
કિયું નાવે મનમેં તુમ્હ લાજ; દિ૰ ૪
તુમ્હ બહું નાયક જાનો ન પીર
વિરહ લાગી જિઉ વયરી કો તીર દિ૰ ૫

હાર ઠાર સિંગાર અંગાર,
અસન વસન ન સુહાય લગાર. હિ૦ ૬
તુજ વિન લાગે સૂની સેજ,
નહિ તનુ તેજ ન હારદ હેજ હિ૦ ૭
આઓ ને મંદિર વિલસો ભોગ,
બુઢાપનમેં લીજે યોગ. હિ૦ ૮
છાંડુંગી મેં નહિં તેરો સંગ,
ગઇલિ ચલું જિઉં છાયા અંગ. હિ૦ ૯
યેંમ વિલવતિ ગઇ ગઢ ગિરનાર,
દેખે પ્રીતમ રાજુલ નાર. હિ૦ ૧૦
કંતે દીનું કેવલગ્યાન,
કીધી પ્યારી આપ સમાન. હિ૦ ૧૧
મુક્તિ મહલમેં ખેલે દોઈ
પ્રણમે જસ ઉલસિત હોઈ. હિ૦ ૧૨

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

ઢાલ ફાગની

ચઉ કસાય પાતાલ કલસ જિહાં;

તિસના પવન પ્રચંડ
બહુ વિકલ્પ કલ્લોલ ચઢતુ હે
આરતિ ફેન ઉદંડ ૧
ભવ સાયર ભીષણતા એ હો,
અહો મેરે લલના પાસજી,
ત્રિભુવન નાથ દિલમેં
એ વિનતી ધારીએ હો એ આંકણી.
જરત ઉદ્દામ કામ વરવાનલ,
પરત શીલ ગિરિ શૃંગ
ફિરત વ્યસન બહુ મગર તિમિંગલ;
કરત હે નિમગ ઉમંગ ૨. ભ૦
ભમરીયા કે બિચિં ભયંકર,
ઉલટી ગુલટી વાચ,
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં,
અવિરતિ વ્યંતરી નાચ ૩ ભ૦
ગરજત અરતિ ફુરતિ રતિ વિજુરી,
હોત બહુત તોફાન
લાગત ચોર કુગુરૂ મલબારી,
ધરમ જિહાજ નિદાન. ૪ ભ૦

જુરે પાટીએ જિઉં અતિ જોરે
સહસ અઢાર સીલંગ,
પરમ જિહાજ તિહાં સજ કરી ચલવો,
જશ કહે શિવપુર ચંદ. ૫ ભ૦

શ્રી મહાવીર જિન સ્તવન

દુઃખ ટળીયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાંરે
ભેટયા ભેટયા વીર જિણુંદરે,
હવે મુજ મન મંદિરમાં પ્રભુ આવી વસોરે,
પામું પામું પરમાનંદ રે, દુ૦ ૧
પીઠ બંધ ઇહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો ને ભ્રાંતિ રે,
ઈહાં અતિ ઉંચા સોહે ચારિત્ર ચંદુઆરે,
રૂડી રૂડી સંવર ભાત રે દુ૦ ૨
કર્મ વિવર ગોખે ઇહાં મોતી ઝુંબતાં રે,
ઝુલે ઝુલે ધી ગુણ આઠ રે;
બાર ભાવના પંચાળી અચરજ કરેરે,
કોરી કોરી કોરણી કાષ્ટ રે દુ૦ ૩

ઈહાં આવી સમતા રાણી શું પ્રભુ રમો રે,
સારી સારી થિરતા સેજ રે,
કિમ જઈ શકશ્યો એક વાર જો આવશો રે;
રંજ્યા રંજ્યા હિયડાની હેજ રે. દુ૦ ૪
વચણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવીયા રે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન ભાણ રે,
શ્રી નય વિજય વિબુધ પય સેવક ઇમ ભણે રે
તેણે પાંમ્યા પાંમ્યા કોડ કલ્યાણ રે દુ૦ ૫.

અથ શ્રી નવકારનો છંદ.

(દોહા.)

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત, જપતાં જય જયકાર. ૧
અડસઠ અક્ષર અધિક ફલ, નવપદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ટી પ્રધાન. ૨
એકજ અક્ષર એક ચિત્ત, સમરયાં સંપતિ થાય,
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય. ૩
સકલ મંત્ર શિર મુકુટમણિ; સદગુરૂ ભાષિત સાર,
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપિએ નવકાર. ૪

(છંદ ત્રુટકો.)

નવકાર થકી શ્રીપાલ નરેશર
  પામ્યો રાજ્ય પ્રસિદ્ધ;
સમશાન વિષે શિવ નામ કુમરને,
  સોવન પુરિસો સિદ્ધ;
નવ લાખ જપંતાં નરક નિવારે,
  પામે ભવનો પાર;
સો ભવિયાં ભત્તેં ચોખે ચિત્તે,
  નિત્ય જપીએ નવકાર ॥ પ ॥
બાંધી વડશાખા શિંકે બેસી,
  હેઠળ કુંડ હુતાશ;
તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે,
  ઊડયો તે આકાશ;
બિધિરીતે જપ્યો વિષધર વિષ ટાલે,
  ઢાળે અમૃત ધાર. ॥સો૦॥૬॥
બીજોરાં કારણ રાય મહાબલ,
  વ્યંતર દુષ્ટ વિરોધ;
જેણે નવકારે હત્યા ટાલી,
  પામ્યો યક્ષ પ્રતિબોધ;

નવ લાખ જપંતાં થાએ જિનવર,
  ઇશો છે અધિકાર. ॥સો૦॥૭॥
પક્ષિપતિ શિખ્યો મુનિવર પાસે,
  મહા મંત્ર મન શુદ્ધ;
પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ,
  પામ્યો પરિગલ ઋદ્ધ;
એ મંત્ર થકી અમરાપુર પહોત્યો,
  ચારૂદત્ત સુવિચાર ॥સો૦॥૮॥
સન્યાસી કાશી તપ સાધંતો,
  પંચાગ્નિ પરજાલે;
દીઠો શ્રી પાસકુમારે પન્નગ,
  અધ બળતો તે ટાલે;
સંભલાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ,
  ઇંદ્રભુવન અવતાર. ॥સો૦॥૯॥
મન શુદ્ધે જપતાં મયણાંસુંદરી,
  પામી પ્રિય સંયોગ;
ઇણ ધ્યાને કુષ્ટ ટલ્યું ઊંબરનું,
  રકત પિત્તનો રોગ;
નિશ્ચેશું જપતાં નવનિધિ થાયે,

ધર્મ તણો આધાર. ॥સો૦॥ ૧૦ ॥
ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો,
ધરણી કરવા ઘાત;
પરમેષ્ટિ પ્રભાવે હાર ફૂલનો,
વસુધા માંહિ વિખ્યાત;
કમલાવતીયે પિંગલ કીધો,
પાપ તણો પરિહાર. ॥સો૦॥૧૧॥
ગયણાંગણ જાતિ રાખી ગ્રહીને,
પાડી બાણ પ્રહાર;
પદ પંચ સુણંતાં પાંડુપતિ ઘર,
તે થઈ કુંતા નાર;
એ મંત્ર અમુલક મહિમા મંદિર,
ભવદુઃખ ભંજણ હાર.॥સો૦॥૧૨॥
કંબલ ને સંબલ કાદવ કાઢ્યાં,
શકટ પાંચશે માન;
દીધે નવકાર ગયા દેવલોકે,
વિલસે અમર વિમાન;
એ મંત્ર થકી સંપતિ વસુધા તલે,
વિલસે જૈન વિહાર;॥સો૦॥૧૩॥

આગે ચોવીશી હુઈ અનંતી,
 હોશે વાર અનંત;
નવકાર તણી કોઈ આદિ ન જાણે,
 ઈમ ભાંખે અરિહંત;
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે,
 સમસ્યાં સંપતિ સાર.॥સો૦॥૧૪॥
પરમેષ્ટિ સુરપદ તે પણ પામે,
 જે કૃત કર્મ કઠોર;
પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખ્યો,
 મણિધરને એક મોર;
સદ્ગુરૂને સન્મુખ વિધિ સમરંતાં,
 સફલ જનમ સંસાર.॥સો૦॥૧૫॥
શૂલિકારોપણ તસ્કર કીધો,
 લોહખરો પરસિદ્ધ;
તિહાં શેઠે નવકાર સુણાવ્યો,
 પામ્યો અમરની ઋદ્ધ;
શેઠને ઘેર આવી વિઘ્ન નિવાર્યાં,
 સુરે કરી મનોહાર. ॥સો૦॥૧૬॥
પંચ પરમેષ્ઠિ જ્ઞાનજ પંચહ,

પંચ દાન ચારિત્ર;
પંચ સઝાય મહાવ્રત પંચહ,
પંચ સમિતિ સમકિત્ત;
પંચ પ્રમાદહ વિષય તજો પંચ,
પાલો પંચાચાર. ॥સો૦॥૧૭॥

કલશ છપ્પય.

નિત્ય જપીયે નવકાર, સારસંપત્તિ સુખદાયક;
શુદ્ધ મંત્ર એ શાશ્વતો, ઈમ જંપે શ્રી જગનાયક;
શ્રીઅરિહંતસુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે;
શ્રીઉવઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠિ થુણીજે;
નવકાર સાર સંસાર છે, કુશલ લાભવાચક કહે;
એકચિત્તે આરાધતાં, વિવિધઋદ્ધિ વંછિત લહે૧૮

॥ ઇતિશ્રી નવકારનો છંદ સમાપ્ત ॥

અથ શ્રી મહાવીરસ્વામીનો છંદ.

શ્રી સિદ્ધારથ કુલ શણગાર,
ત્રિશલાદે સુત જગ આધાર;
શોભે સુંદર સોવન વાન,

શરણ તમારૂં શ્રી વર્દ્ધમાન. ॥ ૧ ॥
તુમ નામે લહિયે સંપદા,
તુમ નામે મન વંછિત કદા;
તુમ નામે લહિયે સનમાન, શરણ૦॥૨॥
દુર્જન દુષ્ટ વૈરિ વિકરાલ,
તુમ નામે નાસે તતકાલ;
તુમ નામે દિન દિન કલ્યાણ, શરણ૦॥૩॥
તુમ નામે નાવે આપદા,
ભૂત પ્રેત વ્યંતર નહિ કદા;
રોગ શોગ ચિંતા નવિ જાણ, શરણ૦॥૪॥
ગ્રહાદિક પીડા નવિ કરે,
નામ તમારૂં જે અનુસરે;
ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન, શરણ૦ ॥૫॥
॥ ઇતિશ્રી મહાવીરસ્વામીને છંદ સમાપ્તમ્ ॥

અથ ભીડભંજન પાર્શ્વનાથનો છંદ.

॥ ઝૂલણા છંદ પ્રભાતી ॥

ભીડ ભંજન પ્રભુ ભીડ ભંજન સદા,
નહિં કદા નિષ્ફળ થાય સેવા;

ભવિજન ભાવશું ભજન માંહી ભજે,
પરમપદ સંપદા તખત લેવા. ૧
કાશી વણારસી જિનપદ પુરે જયો,
વામા અશ્વસેન સુત વિશ્વ દીવો;
સેઠી વાત્રક તટે ખેટક પુર તપે,
કલ્પની કોડ કૃપાલ જીવો. ૨
ભીડ ભવ ભિત્તિ ભય ભાવઠુ ભંજણો,
ભક્તજન રંજણો ભાવેં ભેટયો;
આજ જિનરાજ મુજ કાજ સિદ્ધાં સવે,
મોહરાજાનનો માન મેટયો. ૩
કોટિ મન કામના સુજસ બહુ ઠામના,
શિવ સુખ ધામના આજ સાધ્યાં;
મંગલ માલિકા આજ દીપાલિકા,
મુજ મન મંદિરેં મોજ વાધ્યા. ૪
પાઠકેં ઠાઠમેં કાત્તિ વદ આઠમેં,
સત્ર અઠયોત્તરેં પાસ ગાયો;
ઉદય નિજ દાસની એહ અરદાસ સુણિ,
હિત ધરી નાથજી હાથ સાહ્યો. ૫

અથ શ્રી નવકાર લઘુ છંદ

સુખ કારણ ભવિયણ, સમરો નિત્ય નવકાર,
જિન શાસન આગમ, ચૌદ પૂરવનો સાર;
એ મંત્રનો મહિમા, કહેતાં ન લહું પાર,
સુરતરૂ જિમ ચિંતિત, વંછિત ફલ દાતાર. ૧
સુર દાનવ માનવ, સેવ કરે કર જોડ,
ભુવિ મંડલ વિચરે, તારે ભવિયણ કોડ;
સુર છંદે વિલસે, અતિશય જાસ અનંત,
પેહેલે પદ નમિયેં, અરિગંજન અરિહંત. ૨
જે પનરે ભેદેં, સિદ્ધ થયા ભગવંત,
પંચમી ગતિ પોહોતા, અષ્ટકરમ કરિ અંત;
કલ અકલ સ્વરૂપી, પંચાનંતક તેહ,
જિણવર પય પ્રણમું, બીજે પદ વલી એહ. ૩
ગચ્છ ભાર ધુરંધુર, સુંદર શશિહર સોમ,
કરે સારણ વારણ, ગુણ છત્તીસેં થોમ;
શ્રુત જાણ શિરોમણિ, સાગર જેમ ગંભીર,
ત્રીજે પદ નમીયે, આચારજ ગુણધીર. ૪
શ્રુતધર ગુણ આગર, સૂત્ર ભણાવે સાર,

તપ વિધિ સંયોગેં, ભાંખે અર્થ વિચાર;
મુનિવર ગુણ જૂતા, કહિયેં તે ઉવજ્ઝાય,
ચોથે પદ નમિયેં, અહોનિશ તેહના પાય. ૫
પંચાશ્રવ ટાલે, પાલે પંચાચાર,
તપસી ગુણ ધારી, વારે વિષય વિકાર;
ત્રસ થાવર પીહર, લોક માંહેં જે સાધ,
ત્રિવિધેં તે પ્રણમુ, પરમારથ જિણેં લાધ. ૬
અરિ કરિ હરિ સાયણી, ડાયણિ ભૂત વૈતાળ,
સવિ પાપ પણાસે, વાધે મંગલ માલ;
એણેં સમરણ સંકટ, દૂર ટળે તતકાલ,
ઈમ જંપે જિનપ્રભ; સૂરિ શિષ્ય રસાલ. ૭

અથ શિખામણનો છંદ.

ત્રોટક વૃત્ત.

વરદાયક માય સલામ કરી,
કહું સાર શિખામણ એક ખરી;
નરનારી સહુ હયડે ધરિયેં,
જિમ આપદ સંકટ ઉદ્ધરિયેં. ૧
પરભાત સમે ગુરૂ દેવ નમો,

જિમ દારિદ્ર દોહગ દૂરેં ગમો;
ભગવંત સદા ચરણાં ભજિયેં,
કુલરીતિ કદ્ધુ કબુ ના તજિયેં. ૨
લડિયેં નહિં માયને બાપ થકી,
વડિયેં નહિ કોયથી બાંધિ જકી;
વિશવાસ ન કીજેં નારા તણો,
ગુરૂરાજ સમીપથી જ્ઞાન ભણો. ૩
દરબાર અલીકન નાં ભખિયેં,
ઘર ભીંતર સાક્ષી નહિં લખિયેં;
રાખિયેં નહિ ચાડ પડોસ સદા,
તરિયેં નહિ નીર સજોર કદા. ૪
વિવસાય સહુ વિધિસેં કરિયેં,
ઠગ દાવ રમી ધન ના ભરિયેં;
પરદેશહુ ગાંફિલ નાં ફરિયેં,
નરપતિ થકી ડરતા રહિયેં. ૫
જુગટાં વ્યસની પરિ ના રમિયેં,
ઋષિ સાધ અનાથકું ના હસિયેં;
કરિયેં નહિં આલ અગન્ની તણી,

વલિ દીજિયેં સીખ સુ મિત્ત ભણી. ૬
ગુરૂ આસન ઉપરિના ધસિયેં,
દુર્જનસેં સંગતિ ના વસિયેં;
વલિ ધીજ ન કીજિયેં ઝૂઠ કિસી,
ઘણિવાર ન કિજિયેં વાત હસી. ૭
વયણાં મુખ બોલહુતેં પલિયેં,
સજ્જનથી સનેહ ધરી મલિયેં;
પરનારિની સંગતિ દૂર તજો,
પરમારથ કારજ નિત્ય ભજો. ૮
સુખકાર શિખામણ એમ કહે,
કવિ ઉત્તમ તે જયમાલ લહે;
ગુરૂ ચાર લહુ અઠ દીહ ધરો,
ઈમ ત્રોટક નામહ છંદ ખરો. ૯

અથ છ આવસ્યકનું સ્તવન.

દુહા.

ચોવિશે જિનવર નમું, ચતુર ચેતનાકાજ.
આવસ્યક જિણે ઉપદિસ્યા, તે થુણસ્યું જિનરાજ ૧

આવસ્યક આરાધીએ, દિવસ પ્રતે દોયવાર,
દુરિત દોષ દૂરે ટળે, એ આતમ ઉપકાર. ૨
સામાયક ચોવીસત્થો, વંદણ પડિક્કમણુ.
કાઉસગ્ગ પચ્ચખાણ કર, આતમ નિર્મળ એણુ૩
ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણે મહિમાય.
તેમ આવસ્યક આદરે, પાતક દૂર પળાય. ૪
ભાર તજી જિમ ભારવહી, હેલે હળુઆ થાય.
અતિચાર આળોયતાં, જન્મ દોષ તિમ જાય. ૫

ઢાલ ૧. કપૂર હોય અતિ ઉજળું એ દેશી.

પહેલું સામાયક કરો રે,
આણી સમતા ભાવ;
રાગ રોષ દૂરે કરો રે,
આતમ એહ સ્વભાવ રે;
પ્રાણી સમતા છે ગુણ ગેહ,
એતો અભિનવ અમૃત મેહ રે;
પ્રાણી સમતા છે ગુણ ગેહ. એ આંકણી૧
આપે આપ વિચારીએ રે,
રમિએ આપ સ્વરૂપ;

મમતા જે પરભાવની રે,
વિષમો તે વિષ કૂપ રે પ્રાણી૦ ૨
ભવ ભવ મેળી મુકીયાં રે;
ધન કુટુંબ સંજોગ;
વાર અનંતિ અનુભવ્યાં રે;
સવિ સંજોગ વિજોગ રે પ્રા૦ ૩
શત્રુ મિત્ર જગ કો નહીં રે;
સુખ દુઃખ માયા જાળ;
જો જાગે ચિત્ત ચેતના રે,
તો સવિ દુઃખ વિસરાલ રે પ્રા૦ ૪
સાવદ્ય જોગ સવિ પરિહરો રે,
એ સામાયક રૂપ;
હુવા એ પરિણામથી રે,
સિદ્ધ અનંત અરૂપ રે પ્રા૦ ૫

ઢાલ ૨. સાહેલડીની દેશી.

આદીશ્વર આરાહીએં સાહેલડી રે,
અજિત ભજો ભગવંત તો;
સંભવનાથ સોહામણા. સા૦

અભિનંદન અરિહંત તો. ૧
સુમતિ પદ્મપ્રભ પૂજીએ, સા૦
સમરૂ સ્વામી સુપાર્શ્વ તો,
ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ સા૦
સુવિધિ સુવિધિ ઋદ્ધિવાસ તો ૨
શીતલ ભૂતલ દિનમણિ સા૦
શ્રી પૂરણ શ્રેયાંસ તો,
વાસુપૂજ્ય સુરપૂજીઆ સા૦
વિમલ વિમલ જસ હેત તો. ૩
કરૂં અનંત ઉપાસના સા૦
ધરમ ધરમ ધૂર ધારતો,
શાંતિ કુંથુ અર મલ્લિ નમું, સા૦
મુનિસુવ્રત વડવીર તો. ૪
ચરણ નમુ નમીનાથના, સા૦
નેમીશ્વર કરૂં ધ્યાનતો;
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ, સા૦
વંદુ શ્રી વર્ધમાન તો. ૫
એ ચોવીશે જીનવરા. સા૦

ત્રિભુવન કરણ ઉદ્યોત તો,
મુક્તિપંથ જેણે દાખવ્યો, સા૦
નિર્મલ કેવળ જ્યોતતો, ૬
સમકિત શુદ્ધ એહથી હોએ, સા૦
લીજે ભવનો પાર તો,
બીજું આવશ્યક ઈશ્યું, સા૦
ચોવીસત્થો સાર તો. ૭

ઢાલ ૩ ગિરિમાં ગોરો ગીરૂઓ એ દેશી.

બે કર જોડી (૨) ગુરૂચરણે દેઉ વાંદણાં રે
આવશ્યક પચવીશ ધારો રે;
ધારો રે (૨) દોષ બત્રીશ નિવારીએ રે ૧
ચાર વાર ગુરૂ ચરણે મસ્તક નામીએ રે;
બાર કરી આવર્ત ખાંમો રે,
ખામો રે (૨) વળી તેત્રીશ આશાતનારે ૨.
ગીતારથ ગુણ ગિરૂઆ ગુરૂને વંદતાં રે,
નીચ ગોત્ર ક્ષય જાય,
થાએ રે (૨) ઉંચ ગોત્રની અરજના રે. ૩
આંણ ઓળંગે કોઇ ન જગમાં તેહની રે,

પરભવ લહે સૌભાગ્ય.
ભાયગરે (૨) દીપે જગમાં તેહનું રે. ૪
કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાં રે,
ક્ષાયક સમકિત સાર,
પામ્યા રે (૨) તીર્થંકર પદ પામશે રે. ૫
શીતલ આચારજ જિમ ભાણેજને રે,
દ્રવ્ય વાંદણાં દીધ;
ભાવે રે (૨) દેતાં વળી કેવળ લહ્યું રે. ૬
એ આવશ્યક ત્રીજું એણી પેરે જાણજોરે,
ગુરૂવંદણ અધિકાર
કરજો રે (૨) વિનયભક્તિ ગુણવંતની રે. ૭

ઢાલ ૪

ચેતન ચેતો રે ચેતના એ દેશી.

જ્ઞાનાદિક જિનવર કહ્યા રે,
જે પાંચે આચાર તો,
હોય વાર તે દિન પ્રતે રે,
પડિકમીએ અતિચાર, જયોજિન વીરજીરે૧
આલોઇને પડિકમી રે,

મિચ્છામિ દુક્કડ દેય;
મન વચ કાયા શુદ્ધ કરી રે,
ચારિત્ર ચોખુ કરેય. જયો૦ ૨.
અતિચાર શલ્ય ગોપવે રે,
ન કરે દોષ પ્રકાશ;
માછી મહ્લ તણી પરે રે.
તે પામે પરિહાસ. જયો૦ ૩
શલ્ય પ્રકાશે ગુરૂમુખે રે,
હોયે તસ ભાવ વિશુદ્ધ
તે હસી હારે નહીં રે,
કરે કર્મ શું જુદ્ધ. જયો૦ ૪
અતિચાર ઇમ પડિકમી રે,
ધર્મ કરો નિશલ્લ.
જિત પતાકા તિમ વરો રે.
જિમ જગ ફલ્લહી મલ્લ. જયો૦ ૫
વંદિતું વિધિશું કહોરે,
તિમ પડિકમણા સૂત્ર,
ચોથું આવશ્યક ઇશું રે,
પડિકમણા સૂત્ર પવિત્ર. જયો૦ ૬

ઢાલ ૫

હવે નિસુણો ઇહાં આવીઆ એ દેશી.

વૈદ વિચક્ષણ જેમ હરે એ,
પહેલાં સાલ વિકાર તો,
દોષ શેષ પછી રૂઝવા એ.
કરે ઓસડ ઉપચાર તો ૧.
અતિચાર વ્રણ રૂઝવા એ,
કાઉસગ્ગ તિમ હોય તો;
નવ પલ્લવ સંજમ હુવે એ,
દૂષણ નવ રહે કોય તો. ૨.
કાયાની થિરતા કરી એ,
ચપળ ચિત્ત કરો ઠામ તો;
વચન જોગ સવિ પરિહરી એ;
રમીએ આતમરામતો. ૩.
સાસ ઉસાસાદિક કહ્યા એ.
જે સોલે આગાર તો,
તેહ વિના સવી પરિહરો એ.
દેહ તણા વ્યાપાર તો.

આવશ્યક એ પાંચમું એ,
પંચમી ગતિ દાતાર તો;
મન શુદ્ધે આરાધીએં એ,
લહીએં ભવનો પાર તો, ૫

ઢાલ ૬

વ્હાલમ વેહેલારે આવજો, એ દેશી.

સુગુણ પચ્ચખાણ આરાધજ્યો,
એહ છે મુગતિનું હેતરે;
આહારની લાલચ પરિહરો,
ચતુર ચિત્ત તું ચેત રે સુ૦ ૧.
સાલ કાઢ્યું વ્રણ રૂઝવ્યું,
ગઈ વેદના દૂરરે;
પછી ભલા પથ્ય ભોજન થકી,
વધે દેહ જિમ નૂર રે સુ૦ ૨.
તિમ પડિક્કમણ કાઉસગ્ગથી,
ગયા દોષ સવિ દુષ્ટરે;
પછી પચ્ચખાણ ગુણ ધારણે,
હોયે ધર્મ તનુ પુષ્ટ રે સુ૦ ૩.

એહુથી કર્મ કાદવ ટળે,
એહુ છે સંવર રૂપરે;
અવિરતિ કુપથી ઉધરે,
તપ અકલંક સરૂપ રે સુ૦ ૪.
પૂરવ જનમ તપ આચર્યો,
વિશલ્યા થઇ નારરે;
જેહુના નવણના નીરથી,
શમે સકલ વિકાર રે સુ૦ ૫.
રાવણે શક્તિ શસ્ત્રે હુણ્યો,
પડયો લખમણ સેજરે;
હાથ અડતાં સચેતન થયો,
વિશલ્યા તપ તેજ રે સુ૦ ૬
છઠું આવશ્યક કહ્યું,
એહવું તે પચ્ચખાણરે;
૭ એ આવશ્યક જેણે કહ્યાં,
નમું તે જગ ભાણ રે સુ૦ ૭

કલશ.

તપ ગચ્છ નાયક મુગતિ દાયક,

શ્રી વિજય દેવ સૂરીશ્વરો;
તસ પદ દીપક મોહ જીપક,
શ્રી વિજય પ્રભ સૂરી ગણધરે૦ ૧
શ્રી કીર્તિ વિજય ઉવજ્ઝાય સેવક,
વિનય વિજય વાચક કહે;
છ આવશ્યક જે આરાધે,
તેહુ શિવ સંપદ લહે૦ ૨
ઇતિ શ્રી ષડાવશ્યક સ્તવન સંપૂર્ણ.

॥ ॐ नमः सिद्धम् ॥ ॐ ह्रीँ श्री गुरु गौतमाय नमः ॥

જૈનગાયનમાળા ભાગ ૩.

અથ દીવાલી સ્તવન.

ઢાલ ૧ રાગ રામગિરિ.

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં,
સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં;
ઇન્દ્રભુતિ પ્રભવમં હુસો માચકં,
કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં. ૧
મુનિ મન રંજણો, સયલ દુઃખ ભંજણો,
વીર વર્ધમાનો જીણંદો;
મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી,
જીમ હોએ હર્ષ હઇડે આણંદો. મુ૦ ૨
કરીય ઉદ્ઘોષણા દેશપુર પારણે,
મેઘ જીમ દાન જલ બહુલ વરસી;
ધણ કણગ મોતિયા જગમગે જોતિયા,
જીન દેઇ દાંન ઇમ એક વરસી. મુ૦ ૩

હોયવિણ તોય ઉપવાસ આદે કરી,
માગસિર કૃષ્ણ દશમી દિહાડે;
સિદ્ધિ સામ્હા થઈ વીર દીક્ષા લેઈ,
પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪
બહુલ બંભણ ઘરે પારણું સાંમિએં,
પુણ્ય પરમાન્ન મધ્યા હુ કિધું;
ભુવન ગુરુ પારણા પુન્યથી બંભણે,
આપ અવતાર ફલ સયલ લિધું. મુ૦ ૫
કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો,
જીણે જીન ઉપરે ઘાત મંડયો;
એવડો વયર તેં પાપિયા સેં કર્યો,
કર્મ કોડિ તુંહિજ સબલ દંડયો. મુ૦ ૬
સહજ ગુણ રોષિઓ નામે ચંડકોષિઓ,
જીનપદે સ્વાન જિમ જેહ વિલગો;
તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ,
કિવલો પાપથી અતિહેં અલગો. મુ૦ ૭
વેદયામા ત્રિયામ લગેં ખેદિયો,
ભેદિયો તુઝ નવિ ધ્યાંન કુંભો;

શૂલપાણિ અજાણિ અહો બુઝવ્યો,
તુઝ કૃપા પાર પામે ન સંભો. મુ૦ ૮
સંગમે પિડીઓ પ્રભુ સજલ લોયણે,
ચિંતવે છુટશ્યે કિમ એ હો;
તાસ ઉપરેં દયા એવડિ શી કરી,
સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૯
ઈમ ઉપસર્ગ સહેતાં તરણિ મિત વરસ,
સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે;
વીર કેવલ લહ્યું કર્મ દુખ સવિ દહ્યું,
ગહગહ્યું સુર નિકર નર અનેકે. મુ૦ ૧૦
ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ,
સાહુણી સહસ છત્રીસ વિહસી;
ઓગણસઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ,
શ્રાવિકા ત્રિલખ અઠાર સહસી. મુ૦ ૧૧
ઈમ અખિલ સાધુ પરીવારશું પરવરચો,
જલધિ જંગમ જીશ્યો ગુહિર ગાજે;
વિચરતા દેશ પરદેશ નિય દેશના,
ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨

॥ ઢાલ ૨. વિવાહુલાની દેશી. ॥

હુવે નિચ આય અંતીમ સમે,
જાણિય શ્રી જિનરાયરે;
નયરી અપાપાએં આવીયા,
રાય સમાજને ઠાયરે;
હસ્તિપાલગરાયે દીઠલા,
આવિયડા અંગણુ બારરે;
નયણ કમલ હોય વિહસીઆ,
હરસીલા હઈડા મઝારરે. ૧૩

ભલે ભલે પ્રભુજી પધારીયા,
પાવસ પાવન કિધાંરે;
જનમ સફલ આજ અમ તણો,
અમ્હ ઘરે પાઉલાં દીધાંરે;
રાણી રાય જિન પ્રણમીયા,
મોટે મોતિયડે વધાવિરે;
જિન સનમુખ કર જોડોય,
બેઠલા આગલે આવિરે. ૧૪

ધન અવતાર અમારડો,

ધન દિન આજુનો એહોરે;
સુરતરૂ આંગણે મોરિઓ,
મોતિયડે વૂઠલો મેહોરે;
આશ્યું અમારડે એવડા,
પૂરવ પુન્યનો નેહોરે;
હૈડલો હેજે હરસિઓ,
જો જિન મલિઓ સંજોગોરે. ૧૫
અતિ આદર અવધારિએ,
ચરમ ચોમાસલુ રહિયારે;
રાય રાણિ સુરનર સવે,
હિયડલા માંહે ગહગહિયારે;
અમૃતથી અતિ મીઠી,
સાંભલી દેશના જિનનીરે;
પાપ સંતાપ પરા થયા,
શાતા થઇ તન મનનીરે. ૧૬
ઇંદ્ર આવે આવે ચંદ્રમા,
આવે નરનારીના વૃંદરે;
ત્રિણ પ્રદક્ષણા દેઈ કરી,

નાટિક નવ નવે છંદારે;
જિનમુખ વચણની ગોઠડી,
તિહાં હોયે અતિ ઘણી મીઠીરે;
તે નર તેહજ વરણવે,
જીણે નિજ નયણલે દીઠીરે. ૧૭
ઇંમ આણંદે અતિક્રમ્યા,
શ્રાવણ ભાદ્રવો આસોરે;
કૌતિક કોડિલો અનુક્રમે,
આવિયડા કાર્તિક માસોરે;
પાખિ પર્વ પન્હોતલું,
પોહતલું પુન્ય પ્રવાહિરે;
રાય અઢાર તિહાં મિલ્યા,
પોસહ લેવા ઉછાંહિરે. ૧૮
ત્રિભોવન જન સવિ તિહાં મિલ્યા,
શ્રી જિન વદન કામોરે;
સહેજ સંકિરણ તિહાં થયો,
તિલ પડવા નહિ ઠાંમોરે;
ગોયમ સ્વામિ સમોવડી,

સ્વામિ સુધર્મા તિહાં બેઠારે;
ધન ધન તે જિણે આપણે,
લોયણે જિનવર દિઠારે. ૧૯
પૂરણ પુન્યના ઓષધ,
પોષધ વ્રત વેગે લિધાંરે;
કાર્તિક કાલી ચઉદશે,
જિન મુખે પચખાણ કિધાંરે;
રાય અઢાર પ્રમુખ ઘણે,
જિન પગે વાંદણાં દિધાંરે;
જીન વચનામૃત તિહાં ઘણે,
ભવિયણ ઘટ ઘટ પીધાંરે. ૨૦

॥ ઢાલ ૩ ॥ રાગ મારૂ. ॥

શ્રી જગદીશ દયાલુ દુખ દૂરે કરેરે,
કૃપા કોડિ તુજ જોડી;
જગમાંરે જગમાંરે કહિએં કેહને વીરજીરે. ૨૧
જગ જનને કુણ દેશે એહવી દેશનારે,
જાણિ નિજ નિરવાણ;
નવ રસરે નવ રસરે સોલ પહોર દિયે દેશનારે. ૨૨
પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણારે,

અઝુયણાં પણ પન;
કહિયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભાલ
હોએરે. ૨૩
પ્રગલ પાપ ફલ અઝયણાં તિમ તેટલાંરે,
અણુ પુછયાં છત્રીસ;
સુણતાંરેસુણતાંરેસુણતાં સવિસુખસંપજેરે.૨૪
પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે,
કહો પ્રભુ પ્રતક્ષ દેવ;
સુજનેરે (૨) સુપન અર્થ સવિ સાચલોરે. ૨૫
ગજ[૧] વાનર[૨] ખીર[૩] કુંભ[૪] વાયસ[૫]
સિંહ[૬] ઘડો[૭]રે, કમલ[૮]બીજ ઈમ આઠ;
દેખિરે (૨) સુપન સમય મુઝ મન હુઆરે.૨૬
ઉખર બિજ કમલ અસ્થાંનકે સિંહનુંરે,
જીવ રહિત શરીર;
સોવનરે (૨) કુંભ મલિન એ શું ઘટેરે. ૨૭
વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે,
સુંબિણ અર્થ સુવિચાર;
હેડે રે (૨) ધરજ્યો ધર્મ ધુરંધરૂરે. ૨૮

॥ ઢાલ ૪ ॥

શ્રાવક સિંધુર સારિખા, જીન મતના રાગી,
ત્યાગી સહુ ગુરૂ દેવધર્મ, તત્વેં મતિ જાગિ;
વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા,
એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા. ૨૯
લાલચે લાગા થોડિલેં, સુખેં રાચિ રહિયા,
ઘરવાસે આશા અમર, પરમારથ દૂહિયા;
વ્રત વયરાગ થકિ નહિ, કોઈ લેશે પ્રાયેં,
ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહોમાંહે. ૩૦
વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા,
આગલ હોસ્યે લાલચિ, લોભી મન ખોટા;
આચારજ તે આચારહિણ, પ્રાયેં પરમાદિ,
ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહુજે સ્વારથ વાદી. ૩૧
કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા,
મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા;
કરસ્યે માંહોમાંહે વાદ, પર વાદે નાસે,
બીજા સુપન તણો વિચાર, ઇંમ વીર પ્રકાશે. ૩૨
કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા,
દેવ ધર્મ ગુરુ વાસના, વરિ વારિના વેરા;

સરલ વૃક્ષ સવિને દીઍ મનમાં ગહુગહતા,
દાતા દુરલભ વૃક્ષ, રાજ ફલ ફુલે ત્રહતા.૩૩
કપટી જિનમતલિંગિયા,વળીબબૂલ સરિખા,
ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટકે તિખા;
દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી,
ત્રિજા સુપનવિચાર કહ્યો,જિનધર્મવિધાત્રી.૩૪
સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો,
અતિ દુર્દાંત અગાહનિય,જિનવાયકજમલો;
પરશાસન સાવજ અજ, તે દેખી કંપે,
ચઉથા સુપન વિચાર ઈમ,જિનમુખથીજંપે.૩૫
ગચ્છ ગંગાજલ સારીખો,મૂંકી મતિ હિણા,
મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા;
વંચક આચારજ અનેક, તિણ ભુલવિયા,
તે ધર્માંતર આદરે, જડમતિ બહૂ ભવિયાં. ૩૬
પંચમ સુપન વિચાર એહ, સુંણીઓ રાજાને,
છઠે સોવન કુંભ દીઠ, મયલો સુંણિ કાંને;
કો કો મુનિ દરસણ ચારિત્ર,ગ્યાન પૂરણ દેહા,
પાલે પંચાચાર ચારૂ, છંડિ નિજ ગેહા. ૩૭
કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે,

મઝલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે;
છઠા સુપન વિચાર એહ, સાતમે ઇંદિવર,
ઉકરડે ઉતપતિ થઇ, તે શું કહો જિણવર. ૩૮
પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાહિં મધ્યમ જાતિ,
દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત;
સાધુ અસાધુ જતિ વદે, તત્ર સરીખા કિજે,
તે બહુ ભદ્રક ભવિયણ,સ્યો ઉલંભો દીજે. ૩૯
રાજા મંત્રિપરે સુ સાધુ, આપોપું ગોપી,
ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલોપી;
સપ્તમ સુપન વિચારવીર,જિનવરે ઈમ કહિયો,
અઠમસુપનતણોવિચાર,સુંણિમનગહગહિઓ.
ન લહે જિન મતમાત્ર જેહ,તેહ પાત્ર ન કહિએં,
દિવાનું પરભવ પુણ્ય ફલ, કાંઇ ન લહિયે;
પાત્ર અપાત્ર વિચાર ભેદ,ભોલા નવિ લહેસ્યે,
પુણ્ય અર્થે તે અર્થ, આથ કુપાત્રે દેહસ્યે. ૪૧
ઉખર ભૂંમિ દૃષ્ટ બિજ, તેહનો ફલ કહિએં,
અષ્ટમ સુપન બિચાર ઈમ, રાજા મન ગ્રહિયેં;
એહ અનાગત સવિ સરૂપ, જાણ તિણે કાલે,
દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્ય પાલે. ૪૨

॥ ઢાલ ૫ ॥ રાગ ગોડિ ॥

ઇંદ્રભૂતિ અવસર લહિરે,
પુછે કહો જિનરાય;
સ્યું આગલ હવે હોયસ્યેરે,
તારણ તરણ જીહાજો રે.
કહે જીન વીરજી. ૪૩
મુજ નિરવાણ સમય થકીરે,
ત્રિણ વરસે નવ માસ;
આઠેરા તિહાં બેસસ્યેરે,
પંચમ કાલ નિરાસોરે. કહે૦ ૪૪
બારે વરસ્યે મુઝ થકિરે,
ગૌતમ તુઝ નિરવાંણ;
સોહમ વીશે પામશેરે,
વરસે અખય સુખ ઠાંણોરે. કહે૦ ૪૫
ચઉસઠ વરસે મુઝ થાકરે,
જંબૂને નિરવાણ;
આથમસે આદિત્ય થકિરે,
અધિકું કેવલ નાંણો રે. કહે૦ ૪૬
મન પજ્જવ પરમાવાધરે,

ક્ષપકોપશમ મન આંણુ;
સંયમ ત્રિણ જિન કલ્પનીરે,
પુલાગાહારગહાંણરે. કહે૦ ૪૭
સિજ્જંભવ અઠાંણવેરે,
કરસ્યે દસ (વૈ) આલિય;
ચઉ પૂર્વિં ભદ્ર બાહુથીરે,
થાસ્યે સયલ વિલિઓરે. કહે૦ ૪૮
દોયશત પન્નરે મુઝ થકિરે,
પ્રથમ સંઘયણ સંઠાણ;
પૂવણુંઉગતે નવિ હુસ્યેરે,
મહાપ્રાણ નવિ ઝાંણોરે. કહે૦ ૪૯
ચઉત્રયપને મુઝ થકિરે,
હોસ્યે કાલિક સૂર;
કરસ્યે ચઉથી પજુસણરે,
વરગુણ રયણનો પૂરોરે. કહે૦ ૫૦
મુઝથી પણ ચોરાશિયેરે,
હોસ્યે વયર કુંમાર;
દસ પૂર્વિં અબિકાલિઓરે,
રહસ્યે તિહાં નિરધારોરે. કહે૦ ૫૧

મુઝ નિર્વાણ થકિ છસેં રે,
વિસ પછી વનવાસ;
મુકી કરસે નગરમાંરે,
આર્ય રક્ષિત મુનિ વાસોરે. કહે૦ ૫૨
સહસેં વરસેં મુઝ થકિરે,
ચઉદ પૂરવ વિચ્છેદ;
જોતિષ અણુ મિતનાં હુસેરે,
બહુલ મતાંતર ભેદારે. કહે૦ ૫૩
વિક્રમથી પંચ પંચ્યાશિએં રે,
હોસ્યે હરિભદ્ર સૂરિ;
જિન શાસન અજુવાલસેરે,
જેહથી દુરિયાં સવિ દૂરેરે. કહે૦ ૫૪
દ્વાદશ સત્ત સત્તર સમેં રે,
મુઝથી મુનિ સુર હિર;
બપ્પભટ્ટ સુરિ હોયસેરે,
તે જિન શાસન વીરરે. કહે૦ ૫૫
મુઝ પ્રતિબિંબ ભરાવસ્યેરે,
આંમરાય ભૂપાલ;
સાર્દ્ધ ત્રિકોટી સોવન તણારે,

તાસ વયણથી વિશાલોરે. કહે૦ ૫૬
ષોડસ શત ઓગણોતરેરે,
વરસે મુઝથી મુણિંદ;
હેમસૂરિ ગુરુ હોયસ્યે રે,
શાસન ગયણ દિણંદોરે. કહે૦ ૫૭
હેમસૂરિ પડિબોહીસે રે,
કુમારપાલ ભૂપાલ;
જીન મંડિત કરસ્યે મહીરે,
જિન શાસન પ્રતિપાલોરે. કહે૦ ૫૮
ગૌતમ નબળા સમયથીરે,
મુઝ શાસન મન મેલ;
માંહોમાંહે નવિ હોસ્યે રે,
મચ્છ ગલાગલ કેલોરે. કહે૦ ૫૯
મુનિ મોટા માયાવિયારે,
વેઢીગારા વિશેષ;
આપ સવારથ બસી થયારે,
એ વિટંબસ્યે વેષોરે. કહે૦ ૬૦
લોભિ લખપતિ હોયસ્યેરે,
જમ સરિખા ભૂપાલ;

સજન વિરોધિ જન હૂસેરે,
નવિ લજ્જાલુ દયાલોરે. કહે૦ ૬૧
નિરલોભિ નિરમાઇયારે,
સુધા ચારિત્રવંત;
થોડા મુનિ મહિયલે હૂસેરે,
સુણ ગૌતમ ગુણવંતરે. કહે૦ ૬૨
ગુરુ ભગતિ શિષ્ય થોડલારે,
શ્રાવક ભગતિ વિહીણ;
માત પિતાના સુત નહીરે,
તે મહિલાના આધિનોરે. કહે૦ ૬૩
દુપસહ સૂરિ ફલગુસિરીરે,
નાયલ શ્રાવક જાંણ;
સચ્ચસિરિ તિમ શ્રાવિકારે,
અંતિમ સંઘ વખાણ્યોરે. કહે૦ ૬૪
વરસ સહસ એકવીસતેરે,
જિન શાસન વિખ્યાત;
અવિચલ ધર્મ ચલાવશેરે,
ગૌતમ આગમ વાતોરે. કહે૦ ૬૫
દૂષમ દૂષમા કાલનીરે,

તે કહિયે શી વાત;
કાયર કંપે હૈડલોરે,
જે સુણતાં અવદાતોરે. કહે૦ ૬૬

॥ઢાલ ૬॥ પિઉડો ઘરે આવે, એ દેશી.

મુઝસું અવિહડ નેહ બાંધ્યો,
હેજ હૈડા રંગ;
દઢ મોહ બંધણ સબલ બાંધ્યો,
વજ્ર જિમ અભંગ;
અલગા થયા મુજ થકિ એહને,
ઉપજસેરે કેવલ નિય અંગકે;
ગૌતમરે ગુણવંતા. ૬૭
અવસર જાંણિ જિનવરે,
પુછિયા ગોયમ સ્વાંમ;
દોહગ દુખિયા જીવને,
આવિયે આપણ કામ;
દેવ સર્મા બંભણો,
જઈ બુઝવોરે ઓણ કુંકડ ગાંમકે. ગો૦ ૬૮
સાંભલી વયણ જિણંદનું,
આણંદ અંગ ન માય:

ગૌતમ બે કર જોડિ,
પ્રણમ્યા વિર જિનના પાય;
પાંગર્યા પૂરવ પ્રીતથી,
ચઉનાંણિરે મનમાં નિરમાયકે. ગૌ૦૬૯
ગૌતમ ગુરુ તિહાં આવિયા,
વંદાવિઓ તે વિપ્ર;
ઉપદેશ અમૃત દીધલો,
પીધલો તિણે ક્ષિપ્ર;
ધસમસ કરતાં બંભણે,
બારિ વાગીરે થઈ વેદન વિપ્રકે. ગૌ૦૭૦
ગૌતમ ગુરુનાં વયણલાં,
નવિ ધર્યાં તિણે કાન;
તે મરી તસ શિર કૃમિ થયો,
કામનીને એક તાંન;
ઉઠિયા ગોયમ જાંણિઓ,
તસ ચરાયારે પોતાને જ્ઞાનકે. ગૌ૦ ૭૧

॥ ઢાલ ૭ ॥ રાગ રામગિરિ ॥

ચોસઠ મણનાં તે મોતિ ઝગમગેરે,

ગાજે ગુહિર ગંભિર સિરેરે;
પુરાં તેત્રીસ સાગર પૂરવે રે,
નાદે લિણા લવસતમિયા સૂર રે;
વીરજી વખાણુરે જગ જન મોહિયોરે.૭૨
અમૃતથી અધિકિ મીઠી વાંણીરે,
સુણતાં સુખડા જે મનડે સંપજેરે;
તે લહેસ્યે જે પોહોચસ્યે નિર્વાણરે.વી૦૭૩
વાંણિ પડછંદે સુર પડિબોહીયારે,
સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે;
બિજા અડલ ઉલટથી વઘારે,
આવી બેઠા આગલ બે કર જોડરે.વી૦૭૪
સોહમ ઇંદ્ર શાસન મોહીયોરે,
પૂછે પરમેસરને તુમ આયરે;
બે ઘડિ વધારો સ્વાતિ થકી પરહુ રે,
તો ભસ્મગ્રહ સઘલો દૂરે જાયરે. વી૦૭૫
શાસન શોભા અધિકિ વાધસ્યેરે,
સુખીઆ હોશે મુનિવરના વૃંદરે;
સંઘ સયલને સવિ સુખ સંપદારે,
હોશે દિન દિનથી પરમાનંદરે. વી૦ ૭૬

ઈંદા ન કદા રે કહિએ કેહનુરે,
કેણુ સાંધ્યું નવિ જાએ આયરે;
ભાવિ પદારથ ભાવે નિપજેરે,
જે જિમ સરજ્યો તે તિમ થાયરે. વી૦૭૭
સોલ પહોરની દેતા દેશનારે,
પરધાનકનામા રૂઅડા અઝુયણરે;
કહેતાં કાતિવદિ કહુ પરગડિરે,
વીરજી પોહોતા પંચમી ગતિ રયણરે. ૭૮
જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે,
તવ કિધિ દેવે દીવાની શ્રેણિરે;
તિમરે ચિહું વરણુ દીવા કિધલારે,
દિવાલી કહિએં છે કારણ તેણરે. વી૦૭૯
આસૂ પરિપૂરણુ નયણુ આખંડલોરે,
મૂંકિ ચંદનની ચેહમાં અંગરે;
કિધો દેવે દહન સંઘલે મિલિજીરે,
હા ધિગ ધિગ, સંસાર વિરંગરે. વી૦૮૦

॥ ઢાલ ૮ ॥ રાગ વિરાગ ॥

વંદસુ વેગે જઇ વીરો, ઇમ ગૌતમ ગહગહતા

મારગ આવતાં સાંભલિઉં,
વીર મુગતિ માંહે પોહુતારે;
જિનજી તું નિસનેહી મોટો,
અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે,
તે તેં કિધો ખોટોરે જીનજી. ૮૧
હે હે વીર કર્યો અણઘટતો,
મુજ મોકલિઓ ગાંમે;
અંતકાલે બેઠાં તુજ પાસે,
હું સ્યે નાવત કામરે. જી૦ ૮૨
ચૌદ સહસ મુજ સરિખા તાહરે,
તુજ સરિખો મુજ તુંહિ;
વિશવાસી વીરે છેતરીઓ,
તે સ્યા અવગુણ મુંહિરે. જી૦ ૮૩
કો કેહને છેહડે નવિ વલગે,
જો મિલતો હોએ સબલો;
મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યો,
તે તિણે કર્યો નિબલોરે. જી૦ ૮૪
નિઠુર હેડા નેહ ન કિજે,

નિસનેહી નર નિરખી;
હેડાં હેજે મિલે જિહાં હરખી,
તે પ્રીતઝડિ સરીખિરે. જી૦ ૮૫
તેં મુઝને મનડો નવિ દીધો,
મુજ મનડો તેં લીધો;
આપ સવારથ સઘલો કિધો,
મુગતિ જઇને સિદ્ધોરે. જી૦ ૮૬
આજ લગે તુજ મુજસું અંતર,
સુપનંતર નવિ હુતો;
હેડા હેજે હિયાલિ છંડી,
મુજને મુક્યો રોવંતો રે. જી૦ ૮૭
કો કેહશું બહુ પ્રેમ મ કરશ્યો,
પ્રેમ વિટંબણ વિરૂઇ;
પ્રેમે પરવશ જે દૂખ પામે,
તે કથા ઘણુ ગિરૂઇરે. જી૦ ૮૮
નિસનેહી સુખિયા રહે સઘલે,
સ સનેહી દુખ દેખે;
તેલ દુગ્ધ પરે પરની પીડા,

પામે નેહ વિશેષરે. જી૦ ૮૯
સમવસરણ કહિયેં હવે હોસે,
કહો કુંણ નયણે જોશે;
દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે,
જ્ઞાન દધિ કુંણ વિલોસેરે. જી૦ ૯૦
ઇણ મારગ જે વાલ્હા જાવે,
તે પાછા નવિ આવે;
મુજ હેડા દુખડે ન સમાએ,
તે કહો કુણ સમાવેરે. જી૦ ૯૧
દ્યો દરિસણ વીરા વા'લાને,
જે દરિસણના તરસ્યારે;
જો સુહણે કેવારે દેખસું,
તો દુખ દૂરે કરેશું રે. જી૦ ૯૨
પુણ્ય કથા હવે કુણ કેલવશે,
કુંણ વાહ્લા મેલવશે;
મુજ મનડો હવે કુંણ ખેલવશે,
કુમતિ જિમ તિમ લવસેરે. જી૦ ૯૩
કુણ પુછ્યાનો ઉત્તર દેશે.

કુંણ સંદેહ ભાંજશે;
સંઘ કમળ વન કિમ વિકસસે,
હું છદમસ્થા વેસેરે. જી૦ ૯૪
હું પરાપુરવસું અજાંણ,
મેં જિન વાત ન જાંણિ;
મોહ કરે સવિ જગ અનાણી,
એહવી જીનજીની વાણીરે. જી૦ ૯૫
એહવે જિન વયણે મન વાર્યો,
મોહ સબલ બલ કાર્યો;
ઇંણ ભાવે કેવલ સુખ આર્યો,
ઇંદ્રે જિનપદ થાપ્યોરે. જી૦ ૯૬
ઇંદ્રે જુહાર્યા ભટ્ટારક,
જુહાર ભટ્ટારક તેણે;
પર્વ પન્હોતું જગમાં વાપ્યું,
તે કિજે સવિ કેણેરે. જી૦ ૯૭
રાજા નંદિવર્દ્ધન નુતરીઆ,
ભાઇ બહિનર બીજે;

તે ભાવઠ બીજ હુઈ જગ સઘલે,
એહેન બહુપરે કિજેરે. જી૦ ૯૮

॥ ઢાલ ૯ ॥ વિવાહલાની ॥

પહિરીએ નવરંગ ફાલડીએ,
માંડિ મૃગમદ કેસર ભાલડીએ;
ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ,
કરિ કંઠ મુગતાફલ માલડીએ. જી૦ ૯૯
ઘર ઘર મંગલ માલડીએ,
જપે ગોયમ ગુણ જપમાલડીએ;
પહોતલો પરવ દીવાલડીએ,
રમે રસ ભર રામત બાલડીએ. ૧૦૦
શોક સંતાપ સવિ કાપીઓએ,
ઇંદ્રે ગોયમ વીરપદ થાપીઓએ;
નારી કહે સાંભલ કંતડાએ,
જપો ગોયમ નામ એકંતડાએ. ૧૦૧
હયો લખ લાભ લખેશરી એ,
ઘો મંગલ કોડી કોડશરી એ;

જાપ જપો થઈ સુતપેસરી એ,
જીમ પામીએ ઋદ્ધિ પરમેસરીએ. ૧૦૨
લહિએં દિવાલડી દાડલો એ,
એતો પુણ્યનો ટબકો ટાલુઓએ;
સુકૃત સિરિ દઢ કરો પાલડીએ,
જિમ ઘર હોય નિત્ય દિવાલડીએ. ૧૦૩

ઢાલ ૧૧

હવે મુનિ સુવ્રત સીસોરે,
જેહની સબલ જગીસો;
તે ગુરૂ ગજપુરે આવ્યારે,
વાદી સવિ હાર મનાવ્યા. ૧
પાવસ ચઉમાસું રહિયારે,
ભવિયણ હઇડે ગહગહીઆરે;
નમુંચિ ચક્રવર્ત્તિ પદ્મરે,
જસુ હિયડે નવિ છદ્મ. ૨
નમુંચિ તસ નામે પ્રધાનરે,
રાજા દિયે બહુ માન;

તિણુ તિહાં રિઝવી રાયરે,
માગિ મોટો પસાય. ૩
લિધો ષટ ખંડ રાજરે,
સાત દિવસ માંડિ આજ;
પૂર્વે મુનિસું વિરોધ્યોરે,
તે કિણુ નવિ પ્રતિબોધ્યો. ૪
તે મુનિ સું કહે બંડારે,
મુઝ ધરતિ સવિ છંડા;
વિનવિઓ મુનિ મોટારે,
નવિ માને કર્મિ ખોટો. ૫
સાઠસયાં વર્ષ તપ તપિઓરે,
જે જિન કિરીયાનો ખપીઓ;
નામે વિષ્ણુ કુમારરે,
સયલ લબ્ધિનો ભંડાર. ૬
ઉઠ ક્રમ ભૂમિ લેવારે,
જોવા ભાઇની સેવા;
લ્યું ત્રિપદિ ભૂમિ દાનરે,
ભલે ભલે આવ્યા ભગવાન. ૭

ઇણુ વયણું ધડહડીઆરે,
તે મુનિ બહુ કોપે ચઢિઆ;
ક્રિધો અદ્દભૂત રૂપરે,
જોયણ લાખ સરૂપ. ૮
પ્રથમ ચરણ પૂર્વે દીધોરે,
બિજો પશ્ચિમે કિધો;
ત્રિજો તસ પુંઠે થાપ્યોરે,
નમુંચિ પાતાલેં ચાંપ્યો. ૯
થરહરીઆ ત્રિભૂવનરે,
ખલભલિઆ સવિ જન;
સલસલિઆ સુર કિંનરે,
પડયો નવિ સાંભલિએ કન. ૧૦
એ ઉત્પાત અત્યંતરે,
દૂરિ કરો ભગવંત;
હે હે સ્યૂં હવે થાશે રે,
બોલે બહૂ એક સાસે. ૧૧
કરણ કિંનર દેવા રે,
કહુઆ ક્રોધ સમેવા;

મધુર મધુર ગાએ ગિતરે,
એ કર જોડિ વિનીત. ૧૨
વિનય થકી વેગે વલિઆરે,
એ જિન શાસન બલિઆ;
દાનવ દેવે ખમાવ્યો રે,
નર નારીએ વધાવ્યો. ૧૩
ગાવલડી ભેંસ ભડકી રે,
જે દેખી દુરે તડકી રે;
તે જતને ગ્રહિ છે રે,
આરતિ ઉતારી મેરઈએ રે. ૧૪
નવલે અવતારે આવ્યા રે,
જીવિત ફલ લહિ ફાવ્યા;
શિવ સુંહાલિ કંસાર રે,
ફલ લ્યૂં નવે અવતાર રે. ૧૫
છગણુ તણો ઘરબાર રે,
નમુંચિ લખ્યું ઘર નારે;
તે જીમ જીમ ખેરૂ થાય રે,
તિમ તિમ દૂખ દૂરે જાય રે. ૧૬

મંદિર મંડાણુ માંડયા રે,
દાલિદ્ર દુખ દુરે છાંડયા;
કાતિ વદિ પડવે પરવેરે,
ઇમ એ આદરીઓ સર્વે. ૧૭
પુણ્યે નરભવ પાંમિ રે,
ધર્મ પુન્ય કરો નરધાંમી;
પુન્યે ઋદ્ધિ રસાલિ રે,
નિત નિત પુન્યે દિવાલી. ૧૮

કલશ.

જિન તું નિરંજણુ સજન રંજણુ,
દુખ ભંજણુ દેવતા;
દો સુખ સાંમિ મુગતિ ગાંમિ,
વીર તુંઝ પાયે સેવતા.
તપ ગચ્છ ગયણુ દિણંદ સહુ દિસે,
દીપતો જગ જાંણિએં;
શ્રી હીરવિજય સુંરિંદ સહગુરુ,
તાસ પાટ વખાણીયે. ૧૯

શ્રી વિજયસેન સુરીસ સાહુ ગુરુ,
વિજયદેવ સૂરિસરૂ
જે જપે અહુનિશ નામ જેહુનો,
વર્દ્ધમાન જિણેશ્વરુ;
નિર્વાણુ તવન મહિમા ભવન,
વીર જિનનો જે ભણે.
તે લહે લિલાલબ્ધિ લચ્છી,
શ્રી ગુણુ હર્ષ વધામણે. ૨૦

॥ ઇતિશ્રી વીર નિર્વાણુ મહિમા
દીપાલિકા સંપૂર્ણ. ॥

વીર હમણું આવે છે મારે મંદિરીએ,
મંદિરીએરે વીર મંદિરીએ. વી૦
પાયે પડીને એંતો ગાહ બિછાઉં,
નિત નિત વીનતડી કરીએ. વી૦ ૧
સજન કુટુંબ પુત્રાદીકને,
હરખે ઇણિ પેરે ઉચ્ચરિએ. વી૦ ૨
જબ પ્રભુ આંગણે વીર પધારે,
તબ વચ્છ સનમુખ ડગ ભરીએ. વી૦ ૩

સયણા સુણાને ભવિયણ,
પડિ લાભિ જે તો ભવસાયર તરીએ. વી૦૪
અપ્રતિબંધ પણ મહાવીરજી,
ઘર ઘર ભીક્ષાને ફરીએ. વી૦ ૫
અભિનવ શેઠ તણે ઘેર પારણું,
કિધું ફરતાં ગોચરીએ. વી૦ ૬
ઈમ ભાવના કરતાં શ્રવણે સુણી,
દેવ દુંદુભીરે ચિત્ત ભરીએ. વી૦ ૭
બારમા કલ્પે જિરણ આયુ બાંધ્યું,
વીર જિનને ઉત્તમ ચિત્ત ધરીએ. વી૦ ૮
તસપદ પદ્મની સેવા કરતાં,
સેજે શિવ સુંદરી વરીએરે. વી૦ ૯

॥ ઇતિ વીર સ્તવનમ્ ॥

॥ ॐ नमः सिद्धम् ॥ ॐ ह्रीं श्री गुरु
गौतमाय नमः

જૈન ગાયનમાળા ભાગ ૪.

શીળ વ્રતનાં તથા વિવાહમાં ગાવા યોગ્ય ગીતો.

શિયળોપદેશ ગર્ભિત શ્રીમદ્ સ્થૂલિભદ્રજી અને કોશ્યાનો સંવાદ.

રાજેમતિ સતિ પ્રભુને કહે રે, એ રાગ.

ચાર ઘડીની અવધિ કરી રે,
ચાલ્યા ચતુર દરબાર;
રાજદ્વારે જઈ બુઝિયા રે,
સ્થૂલિભદ્ર શુભ અણગાર. ૧
રાજ પધારો મમ મંદિરે રે,
રંગ રમો એકવાર;

જીવન માથાના મુગટ છો રે,
પ્રભુ મારા હૈયાના હાર. રાજ. ૨
તહત્તિ કરી ગુરુ આજ્ઞા લહી રે,
આવ્યા કોશ્યાને આવાસ;
દિલ ચાહે તે દૂર રહી કરો રે,
પરઠો રહ્યા ચોમાસ. રાજ. ૩
કોશ્યા મસ્તક આણા વહી રે,
ઓઠ હાથ રહી દૂર;
નવરસ નેહ વર્ષાવતી રે,
હાસ્ય વિનોદનું પૂર. રાજ. ૪
અંગોપાંગ ચેષ્ટા કરી રે,
મારે નયણનાં બાણ;
નવલરસે પર્વત પિંગળે રે,
અડગ રહ્યા મુનિ ભાણ. રાજ. ૫
ચિત્રશાળી સ્વર્ગ સમી રચિ રે,
ખટરસ ભોજન ખાય;
વેશ્યા મંદિર ગળી કુંડમાં રે,
વિણ ડાગે મુનિરાય. રાજ. ૬

આ સંસારે સૌ સારમાં રે,
સાર સુલોચના નાર;
ભવ મીઠા નયણુ ભાળીએ રે,
દીઠા ન પરભવ પાર. રાજ. ૭

સંસારે સાર ન સુંદરી રે,
ધરમ પરમ આધાર;
નરકની બારી નારી કહી રે,
જ્ઞાનીએ વારંવાર. ૮

કલ્યાણી મોહ નિવારીએ રે,
મોહ નરકની ખાણ;
સુરતરૂ છેદીને આકડા રે,
વાવે ન કોઈ સુજાણ. કલ્યાણી. ૯

યોવન ઝીલો રસ સાહેબા રે,
થઈશું પછી અણગાર;
માલતિ હું મધુકર તું પ્રભુ રે,
વિછડીએ નહીં નાર. રાજ. ૧૦

જુવાની જાવાની સહી રે,
લટક ચટક દિન ચાર;

કાચનો કુંપો પટકયા પછી રે,
આવે ન કટકો લ્હાર. કલ્યાણી. ૧૧
પેહેલાં તો પ્રભુ નહીં જાણતા રે,
જ્ઞાનની ઝીણી વાત;
ધુતારો કોક મળ્યો ખરો રે,
ભોળવીયા સાક્ષાત. રાજ. ૧૨
પેહેલાં સુંદરિ તુજ સંગમાં રે,
કાળ ગયો ભૂલ માંહ્ય;
બાળક લોટે જેમ ધૂળમાં રે,
સમજયા પછિ પસ્તાય. કલ્યાણી. ૧૩
સજ્જનની પ્રીત ન વિસરે રે,
ખટકે દિવસને રાત;
વેધક જાણે પર વેદના રે,
નિર્દય નાગર જાત. રાજ. ૧૪
પ્રીત વધે છે અતિ રાગથી રે,
રાગે વધે સંસાર;
રાગ તજી શિવ વધુ પ્રીતડી રે,
કરીએ ઉતરીએ પાર. કલ્યાણી. ૧૫

પ્રાણ પ્રભુ હું નાટક કરૂં રે,
ઢાંકયો પાવક પ્રગટાય;
રંગ અનંગ ભજવ્યો ઘણો રે,
પણ ન ચળ્યો મુનિરાય. રાજ. ૧૬
નાટક કીધાં ભવ ભવનમાં રે,
ભજવ્યા વેષ અપાર;
માત પિતા દુહિતા સુત ત્રિયા રે,
ઉલટ પલટ સંસાર. કલ્યાણી. ૧૭
જ્ઞાન તરંગ વૈરાગથી રે,
બુઝી કોશ્યા તેણી વાર;
સમકિત બારે વ્રત ઉચ્ચર્યાં રે,
અલ્પ કર્યો સંસાર. ૧૮
ધન્ય ધન્ય કોશ્યા સ્થૂલિભદ્રને રે,
છાપિ શિયળની છાપ;
જાપ જપે જે મુનિરાજનો રે,
પાપ ખપે ભવ તાપ. ધન્ય. ૧૯
પ્રતિબોધી ચોમાસું કરી રે,
આવ્યા તે મુનિ ગુરુ પાસ;

દુઃકર દુઃકર ગુરૂજી કહે રે,
સિંહ ગુફા મુનિ ત્રાસ. ધન્ય. ૨૦
કોશ્યાને ઘર આવ્યા વહી રે,
મોહિ રહ્યા રૂપ અંબાર;
ઉપદેશી વૃત્તમાં સ્થિર કર્યા રે,
ધન્ય ગણિકા અવતાર. ધન્ય. ૨૧
ચોરાશીમી ચોવિશીએ રે,
સ્થૂલિભદ્ર સમ અણગાર;
શિયળ સોભાગી મુનિવર થશે રે,
તરશે ભવોદધિ પાર. ધન્ય. ૨૨
શેઠ સુદર્શન સ્થૂલિભદ્રજી રે,
વિજયને વિજયા બાળ;
જે મહિમા ગાશે શિયળનો રે,
તસ ઘર મંગળ માળ. ધન્ય. ૨૩
જૈનશાળામાં બાળા ભણી રે,
વારજ્યો ભવ ભય ફંદ;
સદ્‌ગુણના ગ્રંથો ગુંથશે રે,
રચિ શુભ સાંકળચંદ. ધન્ય. ૨૪

શિયળોપદેશનો ગરબો

સખીયો નિજ નિજ નિતી ધર્મ સદા
સંભાળીએરે, એ રાગ.

સજની રજની વાસર પર મંદિર નવિ પેશીએરે,
લાજે જાત માતને તાત સસુરનું કૂળ,
શ્વાનતણી પરે કુટી લુટે લજજા પાપીયારે,
આંગળિ દેખાડી કહે લોક કર્યું પ્રતિકૂળ,
બેહેની શિયળ સુભુષણ સજીએ આ સંસારમાં રે.
સતિને પતિ વિણ પારકા,ભ્રાત તાત અનુકુળ,
સ્વપ્ને અન્તર ન ચિંતવે, જાણે વાગ્યું શૂળ,
ગુણવંતી ગોરી નવિ ચુકે પતિવૃત ધર્મથી રે,
જે કુટિલા પરઘર ભટકે તસ માથે ધૂળ, બેહે૦ ૧
પ્રેમ સહિત પરપુરૂષથી,હશિ નવ કરીએ વાત,
અસુર સવારે એકલાં, જઇએ નહીં એકાંત,
નટવીટ પરનર સાથે નયણો નયણ ન જોડીએ રે,
લાજ સહીત આછું ઓઢી સંચરીએ વાટ, બે૦ ૨
સદાચાર નવ ચુકીએ, સુખ દુઃખ પડે અપાર,
જતાં પ્રાણ પરવશ થતાં,તજો ન શિયળ શ્રીકાર,

ચંચળ ચાલે ચાલી તાળી હાથ ન આપીએ રે,
ખોટી બુદ્ધે આળસ ખાઈ કરો ન વિકાર, બેહુ૦ ૩
વિષય બુદ્ધિથી અવરની, અહો ન વસ્તુ હાથ,
નારૂ કારૂ નારથી, પ્રીત ન કરીએ સાથ,
રતિપતિરૂપ સમો પર પુરૂષ નજર નહીં ભાળીએ રે,
હોય કરૂપો પણ ગણીએ પ્રભુસમ નિજ નાથ. બે. ૪
સિતા દમયંતી સતી, નમયા ગુણ ભંડાર,
પ્રાણાંતક સંકટ સહી, રાખ્યું શિયળ શ્રીકાર,
કનક પીતળની થાય પરિક્ષા સરસ કસોટીએ રે,
ફણીશ્વર ફૂલ માળ પાવક જળ શિયળે ધાર, બે૦ ૫
માત પિતા સમ જાણીએ, સાસુ સસરો જેઠ,
નણંદ દેરાણિ જેઠાણિનો, કરો વિનય દુઃખ વેઠ,
કલેષ ન કરીએ ધિરજ ધરીએ વિપત વિષે ઘણી રે,
પરનિંદા તજીએ ભજીએ પ્રભુ સારી પેઠ, બેહુ૦ ૬
નિજ તનુજાને મોકલો, ભણવા શાળા માંય,
પ્રવીણ થતાં જિન ધર્મમાં, સંતતિ સારી થાય,
કન્યાશાળા જૈન ધર્મની જયવંતી રહો રે,
આશિર્વાદ વદે શુભ સાંકળચંદ સદાય, બેહુ૦ ૭

અમે ઈશ્વર માગીએ એટલું, એ રાગ.

બેની શિયળ સલુણી સંસારમાં,
સજો શિયળ તણો શણગાર;સુણો સો સુંદરી.૧
જેથી કૂળને કલંક લાગે ઘણું,
એવો કરીએ નહીં આચાર. સુણો૦ ૨
ગળી કુંડની પાસ જતાં થકાં,
કાળો ડાઘ પડે તત્કાળ. સુણો૦ ૩
વ્યભિચારી નઠારીની સોબતે,
અણચિંત્યુ ચડે શિર આળ. સુણો૦ ૪
બેહેની વાત એકાંત ન કીજીએ,
ભલે હોય ભ્રાત કે તાત. સુણો૦ ૫
પરનરથી ન નજર મેળાવીએ,
વળી હસિ ન દેખાડીએ દાંત. સુણો૦ ૬
ભાળ ઢાંકીને રસ્તે ચાલીએ,
શીલવંતી સુલક્ષણી નાર. સુણો૦ ૭
બેહેની ચટક મટક નહીં ચાલીએ,
નવિ કરીએ આંખલડી વિકાર. સુણો૦ ૮
સુંદર સાડી પેહેરોને શિયળ તણી,

કંઠ નવશેરો નિતીનો હાર. સુણો૦ ૯
શણગાર સજો સૌ સત્યના,
કરો વિનય વડીલનો શ્રીકાર. સુણો૦૧૦
પ્રભુ તુલ્ય ગણો નિજ નાથને,
સાસુ સસરાની લ્યો સંભાળ. સુણો૦૧૧
વાહાલો લાગે છે કજીઓ નારને,
એહની કરીએ નહીં કોઈ કાળ. સુણો૦૧૨
એહની જગતપતિ જિનરાજની,
કરો ભક્તિ સ્તુતિ ત્રણ કાળ. સુણો૦૧૩
જૈન કન્યાશાળામાં ભણી ગણી,
મૂકી દો સૌ આળ પંપાળ. સુણો૦૧૪

વર ઉઘલાવો કર્યા પછી વરની પાછળ બૈરાં ગાતાં ગાતાં જાયછે તે વખતે ગાવાનું ગાયન.

વર રાજા ઘોડે ચડી સંચર્યા,
સાથે સાજનનો નહીં પારરે, જગ બીલકો.

વાજાં વાગે ને નોબત ગડગડે,
વાગે ભુંગળ ભેરી ઓંકાર રે, જગ૦ ૧
ઢોલ વાજે ને ગાજે આભલું,
ગોરી ગાય છે મંગળ ચાર રે. જગ૦ ૨
મારો છેલ છબીલો બાળો રાજીયો,
જાણું કામ કુંવર અવતાર રે. જગ૦ ૩
લાડી ગોખે ચડીને વરને નિરખતી,
એને આનંદનો નહીં પાર રે. જગ૦ ૪
મારૂં સાજન દેખીને વેવાઇ મોહી રહ્યો,
વેવાણ હરખ ઘેહેલી થઈ ધાર રે. જગ૦ ૫
વરઘોડાનો અરથ વિચારીએ,
એક ઘોડો ને વર નિરધાર રે. જગ૦ ૬
જુઠા આડંબરે કેમ રીઝીએ,
જેથી નાણાંની થાય ખુવાર રે. જગ૦ ૭
વરઘોડે રીઝે છે વાણીયા,
વોરા રીઝી ચણે ઘરબાર રે. જગ૦ ૮
એહેની કેહેવત કોરે મુકીએ,
જેથી સુધરશે સંસાર રે. જગ૦ ૯

દેવું કરીને હાથ બતાવીએ,
નહીં ઉત્તમનો આચાર રે. જગ૦ ૧૦
જૈન કન્યાશાળાનિ બાળા કહે,
એનો ભણી થજો હુંશિયાર રે. જગ૦ ૧૧

વરના ઘોડા પાછળ ગાવાનું ગાયન.

મારા જીયાવરની મેડીએ દીવા બળે,
પેલા વેવઇનેરે ઝાકઝમાળ. બાળાવરને જોઈરહી.
વર તોરણ આવી ઉભો રહ્યો,
કુમકુમનુંરે તિલક કપાળ. બાળા૦
ગાલે મૃગમદનું ટપકું કર્યું,
આંજી આંખ ન ગાંજે કોય. બાળા૦
પેહર્યો જામો ને ચીરો સોહામણો,
ખભે પટકો રે જરકશી સોય. બાળા૦
પહેર્યું કસબી તે કોરનું ધોતીયું,
પગે મોતીની રે મોજડી સાર. બાળા૦
હાથે પહેર્યાં છે હેમનાં સાંકળાં,
બાંહે સોહે રે બાજુ શ્રીકાર. બાળા૦

શીરપેચ ધર્યો રતને જડયો,
ગળે પહેરી છે રે મોતીની માળ. બાળા૦
કાને વાળી છે સાચાં મોતી તણી,
ઝીણી લટકે છે રે ઝીલમ ઝાળ. બાળા૦
વેવણ આવોને આજ ઉતાવળાં,
લેઈ લુછણાં રે પુંખો આ વાર. બાળા૦
લાડી ગોખ ચડીને ઝાંખી કરે,
જોઈ મુખડું રે હરખે અપાર. બાળા૦
શુભ અવસર મંગળ કામમાં,
ગીત ગાઇએ રે મંગળિક માળ. બાળા૦
ભુંડું ભાખીને મુખડું લજાવીએ,
લાજે જનની રે કૂળ શિર આળ. બાળા૦
નારૂ કારૂની પેઠે લવારીયો,
કેમ કરીએ રે ઉત્તમ જાત. બાળા૦
જૈનશાળાની બાળાની વિનતી,
ધરી કાને રે લજવો ન જાત. બાળા૦

વરઘોડો ઉતર્યા પછી કન્યાવાળાનાં બૈરાં ગાય છે.

આવાં અસુરાં શું આવ્યાં, મારી વેવાણોરે.
વાંધો પડીયો કે રીસાયાં, મારી વેવાણોરે.
તોરણ સાડી દઈ મનાવું, મારી વેવાણોરે.
કહોતો ચાકરી બજાવું, મારી વેવાણોરે.
શિયળ સલુણી શિળગુણ રાખો, મારી વે૦
તેનાં શુભ ફળ અંતે ચાખો, મારી વેવા૦
જુઠું ભાખિ ન જાત વગોવો, મારી વેવા૦
વણ કારણ શું પાણી વલોવો, મારી વેવા૦
કન્યાશાળાથી ગુણ આવે, મારી વેવાણોરે.
બાળા જૈન ધર્મની ગાવે, મારી વેવાણોરે.

વર તરફનાં બૈરાંને ગાવાનું.

વેવણ સાંભળ જયો સુખદાઈ રે,
તમે દીકરી સુંદર જાઈ રે;
કરી સુંદર વરથી સગાઈ રે,
રહો અવિચળ જોડી સદાઈ રે.

વેવણ શિયળ સુ સાડી પેહેરો રે,
નિતી હાર ધરો નવશેરો રે;
પેહેરી કુંચુઓ કજીયો ન કીજીએ,
કટિમેખળ પેહેરીને રીઝીએ.
સજી સત્ય તણો શણગાર રે,
જુઠું ભાખીએ નહીં ઉચ્ચાર રે;
વેવણ આંબો ફળ્યો તુજ આંગણે,
જૈન કન્યાશાળા મુખથી ભણે.

કન્યા તરફનાં બૈરાંને ગાવાનું.

મોજડી વિના શું આવ્યારે, સુંદર વરરાજા.
મોચીડાએ શું ભડકાવ્યારે, સુંદર વરરાજા.
ઘોડીલો નાનો લાવ્યારે, સુંદર વરરાજા.
લાડકડી મન ભાવ્યારે, સુંદર વરરાજા.
નગારાં વિના શું આવ્યારે, સુંદર વરરાજા.
નવ નવા વેષ ભજાવ્યારે, સુંદર વરરાજા.
લાડી રતિથી અતિ રૂપાળીરે, સુંદર વરરાજા.
વરી કામદેવ તુમ ભાળીરે, સુંદર વરરાજા.

જૈનશાળા જગમાં ગાજે રે, સુંદર વરરાજા.
ફટાણાથી મુખડું લાજે રે, સુંદર વરરાજા.

વર તરફનાં બૈરાંને ગાવાનું.

અમે મોજડો વિના નથી આવ્યાં રે,
વેવણ સાચું બોલો.
મોજડીએ મોતિ ટંકાવ્યાં રે, વેવણ૦
ઘોડીલો છે પાખરવાળો રે, વેવણ૦
નાનો છે પણ લટકાળો રે, વેવણ૦
અમે નગારાંની ધુંશે આવ્યાં રે, વેવણ૦
સાથે સાજન સારૂં લાવ્યાં રે, વેવણ૦
વાજાં શરણાઈ ભુંગળ વાજે રે, વેવણ૦
જેના નાદથી અંબર ગાજે રે, વેવણ૦
જૈન કન્યાશાળા એમ બોલે રે, વેવણ૦
જુઠું બોલે તે તરણા તોલે રે, વેવણ૦

મારા પગ સુજીને થયા થાંભલા,
વેવણ મુકોને મનના આંબળા;

મારા પગ સુજીને છાલા થયા,
વેવણ જાગો છો કે ઊંઘી ગયાં.
અમે આવી ઊભાં તુમ આંગણે,
વેવણ વેહેલા આવોને લાગ્યાં લાંઘણે;
જૈન કન્યાશાળામાં જે ભણે,
તે ભુડું ભાખ્યામાં પાતક ગણે.

નોહોતાં નાગરવેલનાં પાન,
ત્યારે શીદ તેડાવી જાન; મારા નવલા વેવાઈ.
નોહોતું સોપારીનું સાધન,
ત્યારે શીદ તેડાવ્યું સાજન. મારા ન૦
નોતી મળતી જ્યારે ખાંડ,
ત્યારે શીદ લડાવ્યાં લાડ. મારા ન૦
વહેંચો શ્રીફળ ફોફળ પાન,
આપો વર કન્યાને દાન. મારા ન૦
હરખે ઘેલી થઈ છું આજ,
પણ નહીં મુકું કૂળની લાજ. મારા ન૦
નારી બોલે ભુંડા બોલ,
જાણો તે તરણાને તોલ. મારા ન૦

કન્યાશાળા ગાવે ગાન,
સાચું બોલે વધશે વાન. મારા ન૦

પોંખતી વખત ગાવાનું ગીત.

વેવાણ ઉઠોને આટલું ઉધવું શું?
તમે ચતુર સુજાણ છો શીખવું શું?
વર તોરણ આવીને ઉભા રહ્યા,
અમે થાકી ગયાં પગ થંભ થયા. ૧
ગઈ છાંટી છબીલી તંબોળ વળી,
પુંખવાની સામગ્રી સજી સઘળી;
નાકે વાળી મોતીની હીરે જડી છે,
માથે મોડ કસુંબલ ચુંદડી છે. ૨
સરવે પુંખણાં સોવન થાળ ધરી,
મુકી કનક કંકાવટી કંકુ ભરી;
વળી અક્ષત સ્વેત અખંડ લઈ,
પુંખવાને જમાઈ તૈયાર થઈ. ૩
ધુંસર મુશળને રવૈયા થકી,
પુંખે ત્રાકને તીરથી નવશા નકી;
ઇંડી પીંડી સરૈયા ઉતારી અહીં;
નાખી ચાર દીશાએ આનંદ લહી. ૪

કંકુ તિલક કરી ચોખા ચોઢે ખરે,
ગણી સુત સરખો નાક સાફ કરે;
પછી સંપૂટ ઉપર પાય ધરે,
ગાવા શિવસુત કેશવ ગીત કરે. ૫

ચોરીમાં ગાવાનું ગીત.

રામ લક્ષમણ વન સધાવતાં, એ રાગ.

ચોરી રચના કરી રૂડી ચોકમાં,
બેઠાં વરવહુ સુરજ સનમુખ;
મલકાવતાં મુખ, મંગળ ફેરા ફેરવે. એ ટેક.
વહુ વામ દીશાએ વિરાજીયાં,
જમણી બાજુએ જોઇને જમાઈ;
સાસુ હરખાઈ, મંગળ ૧
સહાચરણી વિદ્યાનિધી વરવહુ,
રૂપે રતી રતી પતીના સમાન;
કે રાધિકા કાન, મંગળ.
પ્રેમે ચક્ષુ પરસ્પર મેળવી;
પછી મનનો કરીને મેળાપ,
થયાં એક આપ, મંગળ. ૨

ચોરી વચ્ચે વેદીકા ઉપર વળી,
અગ્નિ પ્રગટ કરે કુળ ગોર;
રાખી ધૃત જોર, મંગળ.
ડાંગર સહીત રૂપાની પરાતમાં,
જળની ઝારી કંકાવટી જોઈ;
સરવ રાખી સોઈ, મંગળ. ૩
સુંદર શાળની નવ ઢગલી કરી,
મુકે મ્હોર સોપારી સુજાણ;
ગ્રહોને પ્રમાણ, મંગળ.
સુર્યાદીક નવ ગ્રહનું પૂજન કરે,
વર કન્યા સદા સુખી થાય;
ગોરી ગીત ગાય, મંગળ. ૪
વરી આપે ખોબામાં ખુશી થઈ,
વર વહુને કુમારીકા વીર;
સુપડુ રાખી શીર, મંગળ.
ચાર વાર વહીને વધાવતાં,
કરે વેદીઆ મંત્ર ઉચ્ચાર;
એ છે અધીકાર, મંગળ. ૫
પાણિગ્રહણ કરી પછી પરણતાં,
સાક્ષી પંચ સગાને સજ્જન;

પ્રસન્ન વદન્ન, મંગળ.
વરત્યા વિવામાં વડીલ વિચારથી,
કૂળ વંશ પરંપરા રીત,
વાવરીયું છે વીત, મંગળ. ૬
વરત્યું પ્હેલું મંગળ વડા વ્હાલથી,
કરે દંપતી કોલ કરાર;
પુરણ બાંધે પ્યાર, મંગળ.
સોગન ખાઇને કન્યા કહેછે કંથને,
સદા પતિનો ધર્મ પાળીશ,
કહેશો તે કરીશ, મંગળ. ૭
શુભ ચિંતવીને સહુ કાજમાં,
સ્હાય કરીશ હું સર્વ પ્રકાર;
સુધરવા સંસાર, મંગળ.
પછી પ્રેમે પ્રતિજ્ઞા પતિ કરે,
પત્નિ પાળીશ પ્રાણ સમાન;
વધારીશ માન, મંગળ. ૮
બીજું મંગળ વરતતાં વર વહુ,
કર મેળવીને આપે કોલ;
પાળુ બોલે બોલ, મંગળ.

કોડે વચમાં કર્યા કુળ દેવતા,
બાંધ્યો દુધ પાણી સમ પ્રેમ;
હીરો જડયો હેમ, મંગળ. ૯
વળી ત્રીજું મંગળ એમ વરતીયું,
રાખી ચંદ્ર સુરજતણી સાખ;
ઉત્તમ અભિલાખ, મંગળ.
ચોખા ચીત્તથી ચોથું મંગળ વરતીયું,
જેના સાક્ષી છે શ્રી જગદીશ;
આ ઉમિયાને ઇશ, મંગળ. ૧૦
જોડું અખંડ જુગો જુગ જીવજો,
જૈનાચાર સાવચજો જરૂર;
ઉમંગથી ઉર, મંગળ.
સુખ પુત્ર કળત્રનું પામજો,
કરે શિવસુત કેશવ પાસ;
વિદ્યાનો અભ્યાસ મંગળ. ૧૧

કંસાર પીરસતી વખતે ચોરીમાં ગાવાનું.

લાડો લાડી જમે છે કંસાર,
સંસાર લ્હાવો લીજીએ રે;

સાસુ પીરસે ઘીની ઉપર ધાર,
સાચો સ્નેહ કીજીએ રે.
સાકર પીરસી સુચવે દંપતિ જોડ,
સાકર સમ મીઠાં રહો સદા રે;
અવિચળ રેહેજો અવનિતળમાં જોડ,
કરશો નહીં કજીયો કદા રે.
જૈનશાળાની બાળા બોલે બોલ,
ફટાણાં ન ગાઇએ રે;
લાજે કુળને લોક કહે કમજાત,
જગમાં અપજશ પાઇએ રે.

પરણી રહ્યા પછી અને કંસાર જમતી વખતે ગાવાનું.

લાડીને કંસાર ના ભાવે રે,
લાડો તો લાડીને મનાવે રે;
જમણા હાથે કોળીયો આલે રે,
સુંદરી શરમાઈ નીચું ઘાલે રે.
પંચને સાક્ષી કરી પરણાવ્યાં રે,

ચોરીમાં મંગળ ચૌ વરતાવ્યાં રે;
ચોરીમાં અગ્નીદેવતા સાખે રે,
વરવધૂ કોલ કરી મુખ ભાખે રે.
સંસાર સાગો ચલવીશું સારો રે,
સત્યને નિતીનો કરશું વધારો રે;
શિયળ સાથે કરશું સગાઈ રે,
દંપતી સંપી રહીશું સદાઈ રે.
કજીયોને કલેષ કદી નવ કરશું રે,
ઉત્તમ આચરણો આચરશું રે;
કન્યાશાળા વેગે વધાવો રે,
લક્ષ્મિ ખરચીને લ્હયો લ્હાવો રે.
નિજ તનુજાને શાસ્ત્રી ભણાવો રે,
નિતીનો કીર્તિધ્વજ રોપાવો રે;
કન્યાશાળાની બાળા બોલે રે,
જગમાં ન જૈન ધરમની તોલે રે.

ગોરવ જમવા આવે ત્યારે ગાવાનું.

લીલી આંટી પીળી આંટી,
મોહોર જમે નહીં ઉત્તમ જાતી;

ભાણા ભેદ ન કરીએ કદાપી,
સાથે જમીએ મન થિર થાપી.
એકને ભાણે સુખડિ રસાળી,
એક જમે છે દાળને શાળી;
એક હાથ મુખ ધોઈ પરવારે,
કાણી જમણ કરીએ નહીં કયારે.
લીલી સાડી પીળી સાડી,
આવ્યો ધુતારો ને લેઈ ગયો લાડી;
મુખ મીઠી છાતીમાં કાતી,
નારીની એવી છાપ છપાતી.
નિર્મળ મનને મીઠી વાણી,
સત્ય વચન વદીએ નીત્ય શાણી;
નાગું નાહાવું ને જુઠું ગાવું,
જાણો જગતનું એંઠું ખાવું.
બેની ફટાણા ન ગાઇએ ભુંડા,
લાજે મુખ દેખાઇએ કુડા;
કંન્યાશાળા જૈનની બોલે,
ભણતાં ગણતાં અંતર ખોલે.

મારો લટકાળો વિંછુડો રે, ઘરમાં નિત્ય ફરે;
પેલી વેવાણને કરડ્યો રે, રાડ પછાડ કરે.
વિંછી આંકડા જેવી રે, નાર હિંસે વસમી;
મુકી આંકડો હેઠો રે, ચાલીએ સૌને નમી.
વેહેર ઝેહેર ન કરીએ રે, સરળ સ્વભાવ કરી;
શોક્યને શોક્ય બાળકરે, પાળીએ રાગ ધરી.
હઠીલાઈ ન કરીએ રે, સ્વામિમથી સેહેજ બીશે;
હળિ મળિને રહીએ રે, સ્વજન સંબંધ વિશે.
જૈન કન્યાશાળા રે, બાળા ભણિ સુધરે;
તજી ચાળાં ચટકા રે, કુળ મરજાદ ધરે.

ઘરડા ઘરડા કાઢી મેલો, એવા બોલ ન બોલોરે;
ઘરડાની બુદ્ધિબહુસારી, જવાનની નહીંચાલેરે;
કુળવંતી ગોરી નહીં બોલે, તઈ પીંજારા તોલેરે;
દિકરી દઈને કરી સગાઈ, કીધો બાઈ જમાઈરે.
ગાળો દઈએ જો દુઃખદાઈ લોક કહે કુલટાઈ રે;
મુખડું લાજે અંતર દાઝે, નીચ ન ગાઈએ ગીતરે;
પેટ ચોળિને પિડા કરીએ, નહીં ચતુરાઈનીરીતરે

કન્યાશાળા જૈન ધર્મની, આપે છે ઉપદેશરે;
સત્ય શિયળ નિતિને પાળો ટાળો કજીઓકલેશરે.

પીળીરે ચણાની દાળ, બેહેનીરે સંસારમાં;
કુમકુમનું કરિ તિલક ભાળ, બેહેનીરે.
રાતીરે સાડી નવરંગ, બેહેનીરે.
સત્ય શિયળ સજીએ શુભ અંગ, બેહેનીરે.
લીલીરે અતલશની બાંહ્ય, બેહેનીરે.
પેહેરીરે સોહાગણ ગાય, બેહેનીરે.
કાળીરે કાજળની રેખ, બેહેનીરે.
આંજીરે આંખલડી દેખ, બેહેનીરે.
ધોળીરે કીર્તિ જગ રાખ, બેહેનીરે.
ભોળીરે ભુંડું નવિ ભાખ, બેહેનીરે.
કુડારે નવિ બોલીએ બોલ, બેહેનીરે.
લાજેરે મુખ જાએ તોલ, બેહેનીરે.

કાચી કેરીનો વેવણ છુંદોરે ભાવે,
શાણી સલુણી ભુંડા ગાણાં ન ગાવે;
કુલટા નઠારી ફટાંણા ગાવે,

માત પિતા કુળ જાત લજાવે;
નીચ અધમને માંટી બનાવે,
નખરાં કરી નિજ નયણાં નચાવે;
સદાચાર સદ્‌ગુણ નવિ પાળે,
જુઠું ભાખી મુખડું બાળે;
એવી નઠારીનો સંગ નિવારો,
બેહેની તજીએ દુષ્ટ લવારો;
જૈન કન્યાશાળામાં આવો,
ભણી ગણિને લ્યો ભવ લ્હાવો.

ખડરે ખંભાતથી ખડબુંજું આવ્યું,
હાંરે હોલા.
એરે ખડબુજું વેવાણને ભાવ્યું, હાંરે.
હોલો ઊંચ ટેંબે બોલે, હાંરે.
જુઠું ભાખે તે તરણા તોલે, હાંરે.
હોલો કરતો ડાક ડમાળા, હાંરે.
પર નરથી કરીએ નહીં ચાળા. હાંરે.
હોલો બોલે ગરબડ ગોટા, હાંરે.
કજીયા કરિ દેખાડએ ખોટા, હાંરે.

હાલો તો પંખીની જાતી, હાંરે.
નારિ નઠારી નથી શરમાતી, હાંરે.
લાજ શરમ ઉત્તમ સ્ત્રી રાખે, હાંરે.
જૈન કન્યાશાળા એમ ભાખે, હાંરે.

ઊંચ ટેંબે બોરડી, પારેવા હયો,
તેનાં મીઠાં બોર, ઝરમર જેર, પારેવા હયો.
સદ્દગુણને સંભાળીએ, પારેવા.
તજીએ શોર બકોર, ઝરમર જેર. પારેવા.
તજીએ કજીયો કલેષ, પારેવા.
સજીએ શિયળ શ્રીકાર,ઝરમર જેર.પારેવા.
કુળાચારને પાળીએ, પારેવા.
રાખો મન અવિકાર, ઝરમર જેર, પારેવા.
ઉત્તમ કુળમાં અવતરી, પારેવા.
ગાઇએ ગીત રસાળ, ઝરમર જેર, પારેવા.
કન્યાશાળા જૈનમાં, પારેવા.
ભણાવજો નિજ બાલ, ઝરમર જેર,પારેવા.

નવા નગરથી બાવો આવ્યો,
શિયળ સુભુષણ લાવ્યોરે;
કુળવંતી ગોરીને આપ્યાં,
નિતી પંથ બતાવ્યોરે;
કુલટાને કમજાત નઠારી,
નારીને ધિક્કારીરે;
સદાચાર પાળે તે સારી,
કીર્તિ જગ વિસ્તારીરે;
સત્ય શિયળ નિતીનાં ગાણાં,
ગાઈ મંગળ વરતાવોરે;
મંગળમાં અપમંગળ બોલી,
કુળ મરજાદ ગમાવોરે;
બાવો બોલે બેની મારી,
લાજ સહીત સંચરજોરે;
એમ કહી નિજ નગર સિધાવ્યો,
જૈનશાળા જય વરજોરે;

એક ટકાનાં પાન મંગાવોરે,
તે પાનની બીડીયો બનાવોરે;
પાન બીડાં સાજનમાં વેહેંચોરે,

વરરાજાને તંબોળે સંચોરે;
બેહુની મંગળમાળા બોલોરે,
નિતી શાસ્ત્રથી અંતર ખોલોરે;
જૈનશાળાને બાળા વધાવોરે,
એની ભણી ફટાણાં ન ગાવોરે;

આંગણ આંબો શુભ ફળ્યોરે,
કેરી ઝોલાં ખાય,મારી વેવાણ સાચું બોલોરે.
વેવાઈ ધરીયો બહુ મળ્યોરે,
જાન ભલી સચવાય, મારી વેવાણ.
વેવાણ રૂડી છે ભલીરે,
નહીં કજીયો કંકાસ, મારી વેવાણ.
બાળો વર વરણાગીયોરે,
સજજનથી સહવાસ, મારી વેવાણ.
સદાચારથી શોભતોરે,
સત્ય શિયળ નિરધાર, મારી વેવાણ.
કન્યા પણ ડાહી મળીરે,
રૂપ ગુણે ભંડાર, મારી વેવાણ.

રતિને રતિપતિસમ બનીરે,
દંપતિ જોડી આજ, મારી વેવાણ.
એવા કૂળમાં ગાજીએરે,
વધે જગતમાં લાજ, મારી વેવાણ.
શુભ ભાષણ મુખ ઉચ્ચરોરે,
મંગળ માળા થાય, મારી વેવાણ.
કન્યાશાળા જૈનનીરે,
મંગળ માળા ગાય, મારી વેવાણ.

સમાપ્ત.